હરસ-મસા કાપકુપ વગર ઠંડા કરીને કાયો સર્જરી દ્વારા સારવાર
દર બુધવારે જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ફ્રી તપાસ તથા રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવશે
શાંતિ હોસ્પિટલ
ડો.પી.એસ.શેઠ (સર્જન)
યુરોલોજીસ્ટ એન્ડ કાયોથેરાપીસ્ટ (યુ.કે.) લંડન
ક્રિએટીવ ચેમ્બર, બસ સ્ટેન્ડ પાછળ, રાજકોટ
વધુ વિગત માટે નામ સાથે નીચેના નંબર ઉપર વોટસએપ કરવો.
M. 94290 98114

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર સુદ-૫ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૩-૪-૨૦૨૪ - શનિવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૧૯૯ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT


ટેસ્ટફુલ...ગરમ તથા કાચી દરરોજ પેટીસ
રાજકોટ ના પ્રખ્યાત રસિકભાઈ ચેવડાવાળા
લીમડા ચોક
કોટેચા ચોક
જ્યુબેલી બાગ
નાના મવા રોડ
એરપોર્ટ રોડ

### પાકિસ્તાન સહિત અનેક દેશોમાં ભારત વિરોધી આતંકીઓની હત્યા અંગે પ્રથમ વખત વિદેશ મંત્રીનું નિવેદન

# ત્રાસવાદીઓના ખાત્મા માટે નિયમ જરૂરી નથીઃ એસ. જયશંકર

દિલ્હી, તા.૧૩

ભારતમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓ અને હુમલાઓના આયોજનમાં સંડોવાયેલા અનેક ખુંખાર ત્રાસવાદી સંગઠનના ટોચના કમાન્ડરો વિદેશમાં નાસી ગયા છે. અને તેમના થઇ રહેલા રહસ્યમય મોત અંગે ભારત સામે આંગળી ચીંધવામાં આવી છે તે સમયે વિદેશ મંત્રી એસ. જયશંકરે એક મહત્વના વિધાનમાં કહ્યું કે ત્રાસવાદીઓ જો નિયમ ન પાળતા હોય તો તેના ખાત્મા માટે પણ કોઇ નિયમ જરુરી નથી. હાલમાં જ કેનેડાએ પણ ભારત પર તેના દેશમાં શીખ



### ૨૦૧૪ બાદ ભારતની વિદેશ નીતિમાં મોટો બદલાવ આવ્યો છેઃ કાશ્મીર પર આક્રમણ અને મુંબઇ હુમલા જેવી ઘટનાઓમાં ભારત જવાબ ન આપે તે કોઇ સ્વીકારી શકે નહીંઃ બેધડક વિધાનો

અલગતાવાદીની હત્યા અંગે આરોપ મુક્યો હતો અને પાડોશી પાકિસ્તાનમાં પણ જે રીતે એક બાદ એક ત્રાસવાદીઓને ભારત વિરોધી માફીયાઓની હત્યા થઇ રહી છે તે સમયે જયશંકરે જો કે તેમાં ભારતની ભૂમિકા અંગે કંઇ કહેવાનો ઇન્કાર કર્યો હતો. પરંતુ કહ્યું હતું કે જો તેઓ નિયમ ન માનતા હોય તો તેમના ખાત્મા માટે કોઇ નિયમ જરુરી નથી. પુનામાં તેઓએ યુવાઓ સાથે એક સંવાદમાં આ આક્રમક વિધાન કર્યું હતું અને કહ્યું કે ૨૦૧૪ બાદ ભારતની વિદેશ નીતિમાં મોટા પરિવર્તન આવ્યા છે. અને આતંકવાદને ખત્મ કરવા માટે આ જ એક ઉપાય છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન ભારતનો પાડોશી દેશ છે અને તેથી જ ફકત અમે જ જવાબદાર છીએ. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું કે પાકિસ્તાને અનેક વખત કાશ્મીરમાં આક્રમણ કર્યું છે અને તેનો આકરો જવાબ પણ અપાયો

(અનુસંધાન ૧૪ મા પાને)

## ચીન મુદ્દે સરદાર પટેલે પણ ચેતવણી આપી હતી, નહેરૂ માન્યા નહીં

### ઇતિહાસમાંથી શીખવું જરૂરી છે, ચીન સાથેની સરહદો પર સુરક્ષા મજબૂત બનાવાઇ છે

પુના, તા.૧૩

વિદેશ મંત્રી એસ. જયશંકરે ૧૯૬૨માં ચીનના ભારત પર આક્રમણ અને ભારતે જે રીતે મોટો પ્રદેશ ગુમાવવો પડ્યો છે તેના પર ટીપ્પણી કરતાં જણાવ્યું કે વાસ્તવમાં તત્કાલીન ગૃહમંત્રી સરદાર પટેલે અગાઉ જ ચીનનો ભરોસો નહીં કરવા વડાપ્રધાન જવાહરલાલ નહેરુને ચેતવણી આપી હતી. ૧૯૫૦માં ચીને તીબેટ પર કબજો કર્યો પછી ભારતે સાવધાન થઇ જવાની જરુર હતી. સરદાર પટેલ આ મુદ્દે ચિંતિત હતા અને જવાહરલાલ નહેરુને તેનાથી વાકેફ કર્યા હતા પણ નહેરુએ ચીન સાથેની દોસ્તીને મહત્વ આપ્યું હતું અને પરિણામ આપણી સામે છે. હું ઇતિહાસની વાત કરું છું ત્યારે પણ ચીન સાથેના મુદાઓને ધ્યાનમાં રાખવા જોઇએ અને તેથી જ આ સરકારે ચીન સાથેની સરહદો પર સુરક્ષા વધારવાનું બજેટ રૂા.૧૪,૫૦૦ કરોડનું કર્યું છે.

## સીડનીના મોલમાં છુરાબાજી-ગોળીબાર ચારના મોતઃ હુમલાખોર પણ ઠાર મરાયો

### સેંકડો લોકોને ઉગારાયાઃ સ્થાનિક સમય મુજબ બપોરે ૪ વાગ્યે ઘટનાઃ અનેક ઘાયલ ગંભીર હાલતમાં

સીડનીઃ ઓસ્ટ્રેલિયાના સીડની શહેરમાં વેસ્ટફિલ્ડ બોન્ડી જંકશન મોલમાં ચાકુબાજી અને ગોળીબારની ઘટનામાં ચાર



લોકોના મોત થયા હતા અને અનેક ઘવાયા હતા. સાઉથ વેલ્સ પોલીસના જણાવ્યા મુજબ બોન્ડી જંકશન મોલ પરિસરમાં એક વ્યક્તિ દ્વારા ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો અને અનેક લોકોને ચાકુથી ઘાયલ થયા હતા. આ સમયે મોલની અંદર ગોળીબાર પણ થયો હોવાના અહેવાલ છે પણ જે ચારના મોત થયા તેઓ પર ચાકુના ઘા લાગ્યા હતા. બાદમાં આ હુમલાખોરને પોલીસે ઠાર માર્યો હતો પણ આ ઘટના બનતા જ મોલમાંથી સેંકડો લોકોને બહાર કાઢીને મોલ ખાલી કરાવાયા હતા. મોલમાં

(અનુસંધાન ૧૪ મા પાને)

## કાશી વિશ્વનાથ મંદિરમાં હવે પુજારીનાં પોષાકમાં પોલીસ તૈનાતઃ વિવાદ સર્જાયો

વારાણસીનાં વિખ્યાત કાશી વિશ્વનાથ મંદિરમાં હવે પૂજારીનાં ડ્રેસમાં પોલીસ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. તેનાથી વિવાદ સર્જાયો છે. સમાજવાદી પાર્ટીનાં પ્રમુખ અખીલેશ યાદવે ઉતર પ્રદેશ સરકાર સામે સવાલ ઉઠાવ્યા છે નકોઈ ઠગ આવા વેશમાં ભાવિકોને લુંટી જાય તો કોની જવાબદારી? તેવો પ્રશ્ન ઉઠાવીને આકરી ટીકા કરી હતી. જોકે વારાણસીનાં પોલીસ કમિશ્નરે એવો બચાવ કર્યો હતો કે મંદિરમાં દરરોજ હજારો ભાવિકો દર્શનાર્થે આવે છે.ભીડને યોગ્ય રીતે નિયંત્રીત કરી શકાય અને ભાવિકો સારી રીતે ભગવાનના દર્શન કરી શકે તેવા ઉદ્દેશથી આ કદમ ઉઠાવાયું છે. મંદિરની સુરક્ષામાં તૈનાત પોલીસ જવાનો ઝડપથી દર્શન



કરવા માટે ધકકા મારીને દુર્વ્યવહાર કરતા હોવાની ફરીયાદો હતી આ માનસીકતા હટાવવાનો પણ ઈરાદો છે. પુજારીનાં પોષાકમાં રહેલા પોલીસ જવાનો કોઈ ભાવીકોને અડકશે પણ નહિં. માત્ર ભીડ મેનેજ કરવાની સુચના છે. મંદિરની અંદર દર્શનાર્થીઓ સતત આગળ ધપતા રહે તેનુ ધ્યાન રાખશે. આ માટે તૈનાત જવાનોને ખાસ તાલીમ પણ આપવામાં આવી છે. પોલીસ ડ્રેસમાં રહેલા જવાનો મંદિરની બહાર રહેશે.

શરીરનાં કોઈપણ ભાગના દુઃખાવા દવા વગર ૩ થી ૬ દિવસમાં મટાડો
H.G.M બોન સેટીંગ સેન્ટર
Rajkot, M. 90 8181 0190
MANISH ADS

રાજ નંદની
BIRD NET & SPIKE FITTING
ફલેટ,ઘર,બંગલો,ફેકટરી, કોમ્પલેક્ષને કબુતરથી બચાવો
કબુતર જાળી
રૈયા રોડ, બાપા સીતારામ ચોક પાસે,
વિકીભાઇ 91573 28725

## કેજરીવાલને રાહત મળશે? ધરપકડ સામે સોમવારે સુપ્રીમમાં સુનાવણી

નવી દિલ્હીઃ શરાબકાંડમાં જેલમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તેમની ધરપકડને પડકારતી કરેલી અરજી પર સુપ્રીમ કોર્ટે સોમવારે સુનાવણી કરશે. અગાઉ દિલ્હી હાઈકોર્ટ કેજરીવાલની અરજી ફગાવી દીધી હતી તથા કેજરીવાલની ધરપકડને કાનૂન મુજબ જ

(અનુસંધાન ૧૪ મા પાને)



TLJ PROPERTY.in
તમારા પ્રોજેક્ટ નું વેચાણ હવે બનશે અમારી જવાબદારી
ઘર ઓફિસ શોપ
+91 99784 27210

મેઈન રોડ ટચ જગ્યા ભાડે આપવાની છે
જામનગર મેઈન રોડ ટચ માધાપર ચોકડી, ગાયત્રીધામ, ગ્રાઉન્ડ ૨૭×૧૦૦ ફુટ
મળો : ઝાલા એન્ટરપ્રાઈઝ
૯૮૭૯૫ ૬૬૨૨૫
૯૭૨૪૪ ૫૭૪૦૬

જોઈએ છે
હેલ્પર વેલ્ડર
આકર્ષક પગાર
M.95100 81129

મકાન વેચવાનું છે
ફર્નિચર સાથે, ટીપટોપ કન્ડીશન.
ભગવતીપરામાં
પ્રજાપતિવાડી, શેરી નં. ૧૫ માં મકાન વેચવાનું છે
M. 95745 30201.

શહેરના ઘોંઘાટથી દુર સાસણના જંગલોમાં
ૐકાર ફાર્મ સ્ટે ભોજદે
By Explore With Nirav
૧ રાત્રી પેકેજ 1100/- થી શરૂ
બ્રેકફાસ્ટ લંચ-ડીનર સ્વીમીંગપુલ સાથે
9054609861, 9328213261

ઉપવાસના દિવસોમાં પણ.. સ્વાદનું વચન
HATHI RAJAGRA FLOUR
• શુદ્ધ • સાત્વિક • સ્વાદિષ્ટ

રોકાણ લાયક
રાજકોટ ના કાલાવડ રોડ ઉપર કેશ પેમેન્ટથી પ્લોટ જોઈએ છે
મુંજકા, મોટામવા, કણકોટ, હરીપર, વિરડાવાજડી, વડવાજડી, મેટોડા, ઈશ્વરીયા તેમજ આસપાસના વિસ્તારમાં
98243 91011

BIG Summer OFFER
4 NIGHT STAY FREE IN STERLING RESORT
SUMMER TRAVEL EXPO
14 APRIL '24 9-00 AM to 8-00 PM
@ HOTEL IMPERIAL PALACE
DR. YAGNIK ROAD, RAJKOT
63527 64669
95129 72999
We know the world Patel HOLIDAYS TRAVEL SOLUTIONS PVT. LTD.
દુબઈ સિંગાપોર હોંગકોંગ સાઉથ આફ્રિકા વિયેતનામ બાલી ફૂકેટ કાબી યુરોપ કાશ્મીર હિમાચલ સિક્કિમ
3RD FLOOR, KEVALAM, ASTRON CHOWK, RAJKOT

ભાડામાંથી છુટકારો મેળવો નાના બજેટમાં ઘરનું ઘર !!
રેડી પઝેશન 100% લોન
@ ગીતાનગર, પુનિતનગરના ટાંકા પાસે, ૧૫૦ ફીટ રીંગ રોડ, ગોંડલ ચોકડી
એન્જલ રેસીડેન્સી
1 BHK Premium Flat 13.91
+91 93279 97901 / + 91 83206 86858

hooked on HOCCO ICE CREAM
FREE Tennis Ball with Ice cream Tub
Offer valid on 750 ml tubs worth ₹300 and above
*Offer valid till stock lasts
For any dealer enquiries and party orders, Contact
Rajkot: 89800 09511 | 99099 09362
Morbi: 98795 40507 | 89800 09511

વડાલીયા ફૂડ્સની તમામ પ્રોડક્ટ્સ હવે રાજકોટના દરેક એરીયામાં
"FLAVOUR FOREVER" Vadalia
ALL BRANDED PRODUCTS 20% OFF*
• WAFERS • FRYUMS • FARSAN • NAMKEEN • FARALI • PAPAD • KACHORI • BHAKHRI • KHAKHRA • WAFER BISCUIT • KAJU BISCUIT • MUFFINS • KHARI SHING • MUKHVAS
100+ PRODUCT
Offer Valid 10th APR to 17th APR 2024
લુઝ વેફર્સ તથા ફરાળી ચેવડો મળશે.
1 પેડક રોડ : ૧૬, જીવી ડાયમંડ સ્કવેર, મીરા પ્રીન્ટ સામે, રાજકોટ. 9099000159
2 સ્વામિનારાયણ ચોક : પી.ડી.એમ. કોલેજ પાછળ, રાજકોટ. 7878757300
3 મવડી : ભકિતભુમી કોમ્પલેક્ષ, ખોડલ ચોક, ૪૦ ફુટ રોડ, રાજકોટ. 9909951011
4 એસ.ટી.બસ સ્ટેશન પાછળ : દુકાન નં.૨૫, કનક રોડ, રાજકોટ. 9426782759
5 રૈયા રોડ : કીમ પ્લાઝા કોમ્પલેક્ષ, હનુમાન મઢી પાસે, રાજકોટ. 8780440492
6 કોઠારીયા રોડ : શાક માર્કેટ સામે, દેવપરા પાસે, રાજકોટ. 9714500016
7 ગોંડલ રોડ : ગૌતમ ચેમ્બર, બોમ્બે હોટલ પાસે, રાજકોટ. 9099000155
8 સાધુ વાસવાણી રોડ : ગાર્ડન કોમર્શિયલ કોમ્પલેક્ષ, રાજકોટ. 9099000154
9 ૧૫૦ફુટ રીંગ રોડ : ધનવીર ટ્રાવેલ્સની બાજુમાં, ઈન્દીરા સર્કલ, રાજકોટ. 9099000159
10 પરાબજાર : ગોલપીઠ ચોક, પરાબજાર, રાજકોટ. 9898156791
ગુજરાત ફ્રેન્ચાઈઝી ઈન્ક્વાયરી 90990 00425
* સમયઃ સવારે 9:00થી રાત્રે 9:00 સુધી * રવિવારે આઉટલેટ ચાલુ રહેશે. *

evercon
सत्व PRIME
3 BHK | 4 BHK | SHOWROOMS | OFFICES
EXCLUSIVE SPACES FOR HEALTHCARE
92925 79292
Mavdi Bypass Road,
nr. Shree Hari Darshan Vidya Sankul, Mavdi, Rajkot

evercon
300 ફુટ ની ઓફિસ
નાના મૌવા ના સૌથી ઓછા ભાવ
150 ફુટ રોડ ના પ્રાઈમ લોકેશન ઉપર
सत्व SQUARE
97975 97978
150ફુટ રિંગ રોડ, નાનામૌવા સર્કલ પાસે, રાજકોટ - 360005.
RERA REG. No. - PR/GJ/RAJKOT/RAJKOT/Others/CAA12763/100124/310327

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

### ક્રાઈમ રેટ ઘટાડવા માટે એડવાન્સ ટેકનોલોજી આધારિત મહત્વાકાંક્ષી સિસ્ટમ લાગુ થશે

# ‘બિગ બ્રધરની વોચ’! ‘ક્રાઈમ હોટસ્પોટ’ પર હવે રાઉન્ડ ધ કલોક સર્વેલન્સ અને ચેતવણી

## અમદાવાદમાં ૭૬ હોટસ્પોટ પર પાયલોટ પ્રોજેકટ શરૂ: સૌથી વધુ ગુના બનતા હોય તેવા સ્થળોએ ચોવીસેય કલાક વોચ ઉપરાંત લાઉડસ્પીકરથી લોકોને ‘સાવધ’ કરાશેઃ ફેસ રિકોગ્નીશન’ના આધારે ગુનેગાર ઓળખાઈ જશે

અમદાવાદ તા.૧૩

રાજકોટ સહિત રાજયના મોટાભાગના શહેરોમાં વધતા ક્રાઈમ રેટ વચ્ચે હવે ગુનાખોરી રોકવા માટે પોલીસ તંત્ર દ્વારા ટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે. ગુનાખોરીનું પ્રમાણ જયાં વધુ હોય તેવા વિસ્તારોને ‘હોટ સ્પોટ’ ગણીને ચોવીસેય કલાક સીસીટીવી મારફત વોચ રાખવામાં આવશે. ઉપરાંત હોટસ્પોટ વિસ્તારોમાં જતા-ફરતા લોકોને લાઉડસ્પીકર મારફત એલર્ટ રહેવાના સંદેશા પણ પાઠવવામાં આવશે. ચોરી, ખિસ્સા કપાવા, બાળતસ્કરી, મહિલાઓની છેડતી જેવા ગુનાઓ રોકવાના આશય સાથેનું આ ‘ટેકનોલોજી સર્વેલન્સ’ અમદાવાદમાં શરૂ પણ કરી દેવામાં આવ્યું છે.

‘બીગ બ્રધર ઈઝ વોચિંગ યુ’ (મોટાભાઈની નજરમાં છો)ની જાણીતી કહેવતના આધારે આ સમગ્ર પ્રોજેકટ લાગુ કરાયો છે અને તેમાં લોકોની સુરક્ષા તથા પોલીસની સતર્કતા વધારવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. અમદાવાદમાં ભીડભાડવાળા અને સૌથી વધુ ગુના બનતા હોય તેવા ૭૬ સ્થળો (હોટસ્પોટ) ઓળખવામાં આવ્યા છે જેના પર પોલીસ કમિશ્નર કચેરીએથી જ સીસીટીવી મારફત ચોવીસેય કલાકની વોચ રહેશે. સાથોસાથ ઓફિસમાં બેઠા-બેઠા જ સુરક્ષા જવાનો સંભવિત અપરાધ સામે લાઉડસ્પીકરથી સંદેશો આપશે. આ



નવી સીસ્ટમનો પાયલોટ પ્રોજેકટ અમલમાં મુકી દેવામાં આવ્યો છે અને લોકસભા ચૂંટણી બાદ સંપૂર્ણ રીતે કાર્યાન્વિત કરી દેવામાં આવશે.

અમદાવાદ પોલીસના એક સીનીયર અધિકારીએ કહ્યું કે પોલીસ કમિશ્નર ઓફીસ સ્થિત કંટ્રોલરૂમમાંથી જ તમામ ૭૬ હોટસ્પોટ વિસ્તારો પર સતત નજર રાખવામાં આવશે. સંભવિત અપરાધ કે શંકાસ્પદ ગતિવિધિના સંજોગોમાં લાઉડસ્પીકર પરથી સમાંતર ચેતવણી પણ આપવામાં આવશે. પોલીસ દ્વારા એલર્ટના સંદેશાથી લોકો વધુ સાવધ થઈ શકશે. ઉપરાંત સંબંધીત વિસ્તારમાં પોલીસ ટીમો પણ સતર્ક થઈને તાબડતોડ પગલા લઈ શકશે.

અધિકારીએ કહ્યું કે જાહેર સ્થળ પર પોલીસની નજર સતત હોવાની હકીકતથી વાકેફ નાગરિકો વધુ સુરક્ષિત લાગણીનો અહેસાસ કરી શકશે. સાથોસાથ અપરાધીઓમાં પણ બીક સર્જાશે. કોઈપણ ઘટના વખત પોલીસ ટીમ પણ તાબડતોડ પહોંચી જશે.

સૂત્રોના કહેવા પ્રમાણે ભીડભાડવાળી માર્કેટો, બસ ડેપો, રેલવે સ્ટેશન, ધાર્મિક સ્થાનો, ફરવાના સ્થળો જેવા સ્થાનોથી હોટસ્પોટ તરીકે ગણના કરાશે. આ સ્થળોએ મહિલાઓ, વૃદ્ધો, બાળકોની સંખ્યા વધારે રહેતી હોય છે અને ગુનાખોરી માટે આસાન હોય છે. નાગરિકોની સુરક્ષા માટે આ સ્થળોને સંવેદનશીલ ગણીને હોટસ્પોટની ગણતરીમાં લેવાયા છે. આ પ્રોજેકટની ‘ટ્રાયલરન’ શરૂ પણ કરી દેવામાં આવી છે.

પોલીસના સીનીયર અધિકારીએ કહ્યું કે ગુનાખોરી ડામવાની પહેલમાં એડવાન્સ-આધુનિક ટેકનોલોજી સુરક્ષાનુ નવુ- વધારાનું સ્તર બનશે. ભીડભાડવાળી કે જાહેર જગ્યાએ રીઢો ગુનેગાર હોય તો ‘ફેસ રિકોગ્નીઝન’ના આધારે તુર્ત સ્ક્રીન પર તેની વિગતો આવી જશે. લાઉડસ્પીકર પર પબ્લીકને સાવધ કરવાની સાથોસાથ જે-તે વિસ્તારની પોલીસને પણ મેસેજ જશે અને તેના દ્વારા આગમચેતીના કદમ ઉઠાવાશે.

આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થકી સામાન્ય ગુનાઓને અટકાવવામાં ઘણી મદદ મળશે. બાળકો ગુમ થવાના બનાવો પણ રોકી શકાશે છતા અમુક પડકાર પણ છે તે દુર કરવાના પ્રયત્નો હાથ ધરાયા છે. સ્ક્રીન પર જવાન વોચ રાખી રહ્યા હોય અને ત્યારે જ કોઈ સીનીયર ઓફીસર સ્ક્રીન ચાલુ કરે તો જવાન સંબંધીત સ્થળ જોઈ શકતો નથી અને સર્વેલન્સ અવરોધાઈ જાય છે. આ ખામી સહિત કેટલાંક વિઘ્નો દુર કરવાનું પડકારજનક છે.

### છેલ્લા ૧૦ વર્ષમાં ધંધા ૫૦% જેટલા ઘટી ગયાનું તારણ

# ડિજિટલ ઈફેકટઃ ટોપી, ટીશર્ટ સહિત ચુંટણી પ્રચારના ધંધામાં મંદી

## ચૂંટણી ત્રીજા તબકકામાં પહોંચી ગઈ અને દિલ્હીના જથ્થાબંધથી છુટક વેપારીઓ ‘ઓર્ડર’ની રાહ જુએ છે: અગાઉ પક્ષના કાર્યાલયો પાસે ખાસ સ્ટોલ થતા હતા તે પણ ગાયબ થઈ ગયા



નવી દિલ્હી: દેશમાં લોકસભા ચૂંટણી હવે તેના ત્રીજા તબકકામાં પહોંચી ગઈ છે અને તા.૧૯ના પ્રથમ તબકકાનું મતદાન પણ છે પણ આ ચૂંટણી પોલ-મર્ચન્ડાઈઝ-વેચનાર માટે ‘સારી’ જાય તેવા સંકેત નથી. ચૂંટણી આવે એટલે પ્રચાર સાહિત્યની બજાર ધમધમવા લાગે છે અને તેની એક વર્ષ અગાઉ તૈયારી થાય છે. અનુકુળ પક્ષોના ઝંડા, બેનર, ટીશર્ટ, ખેંસ, ફોટા જ નથી. પ્રચારમાં હવે અનેક વખત નવા નવા જુસ્સા જેમકે બહેનો માટે પક્ષના પ્રતિકની બિન્દી તથા બંગડીઓનો ટોપી અને ખેંસ જ નહી ટીશર્ટ તથા સાડીઓ નાની હેન્ડબેગ, માસ્ક પણ રાજકીય પક્ષોને પ્રચારમાં કામ લાગે તે રીતે તૈયાર કરાય છે પણ હવે ડિજીટલ પ્રચારની બોલબાલા ઘટી છે તેના કારણે આ ફિઝીકલ ચીજોની ડિમાન્ડ રાજકીય પક્ષોની પણ નથી અને દિલ્હી જે આ પ્રકારના પ્રચાર-ચીજોનું મુખ્ય માર્કેટ છે અને દેશભરમાં ત્યાંથી પહોંચે છે ત્યાં ૨૦૧૯ની સરખામણીમાં ૫૦% જેટલો ધંધો માંડ છે તેવું જથ્થાબંધ વેપારીઓ પણ સ્વીકારે છે તેટલું જ નહી

**પક્ષો અને ઉમેદવારો ડિજિટલ પ્રચાર પાછળ વધુ નાણા ખર્ચવા લાગ્યાઃ મહારાષ્ટ્રમાં શિવસેના-એનસીપીમાં ભંગાણથી નવા ચૂંટણી ચિહ્નો-નેતાઓના ચહેરા બદલતા થોડા ઓર્ડર મળ્યા**

પ્રચાર માટે પેમ્ફલેટ છાપવામાં પણ હવે રાજકીય પક્ષો કંજુસાઈ કરે છે.

કારણ કે તેઓને ડિજીટલ પ્રચારના ખર્ચ વધી ગયા છે. જો કે આ ટ્રેન્ડ છેલ્લા ૧૦ વર્ષથી શરૂ થયા છે. અગાઉ ઉમેદવાર આ પ્રકારના પ્રચાર સાહિત્ય માટે રૂા.૧૦-૧૫ લાખ ખર્ચી નાંખતા. ભાજપ તો કેન્દ્રીય સ્તરે જ તેના ઝંડા, ખેંસ, કેપ તૈયાર કરાવીને રાજયોને વિપરીત કરે છે પણ હવે તેણે પણ ડિજીટલ પ્રચારમાં વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. મુંબઈના ધારાવીમાં આ પ્રકારના પ્રચાર ચીજો બનાવવાનો ગૃહઉદ્યોગ છે તેની પણ અસર થઈ છે. સુરતમાં ભાજપે હાલમાં જ ૧૦ લાખ ટોપીઓનો ઓર્ડર આપ્યો. ઉપરાંત આ ચૂંટણીમાં પ્રચાર માટે લાંબો સમય અપાયો છે તેથી આ પ્રકારના સાહિત્ય કરતા મોટા બેનર, હોર્ડીંગ્ઝ જે લાંબો સમય ટકે તેના પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. જો કે મહારાષ્ટ્રમાં લોકલ બિઝનેસ વધ્યો છે તેનું કારણ બે મોટા પક્ષ શિવસેના-એનસીપીમાં ભંગાણ બાદ ચુંટણી ચિહનો બદલાયા છે. નેતાઓના ચહેરા બદલાયા છે. આ પક્ષોએ નવા બેનરથી લઈને તમામ પ્રચાર સાહિત્ય નવુ કરવુ પડયું છે.

### દેશના ટોપ ગેમર્સ સાથે વડાપ્રધાનની હળવા મૂડમાં વાતચીત

# સરકાર ગેમને કાનૂની નિયંત્રણમાં નહીં લાવેઃ મોદી

## સ્વચ્છતાનો વિષય બનાવો, આ ગેમ દરેક બાળકોએ રમવી જોઈએઃ પીએમની ગેમર્સને સલાહ







નવી દિલ્હી, તા.૧૩

વડાપ્રધાન મોદીએ આજે દેશના ટોપ ગેમર્સ સાથે વાતચીત કરી હતી. પીએમે તેમના અનેક સવાલોના જવાબ મજેદાર ઢંગમાં આપ્યા હતા. આટલું જ નહીં મોદીએ આ ગેમર્સની સાથે ઓનલાઇન ગેમીંગમાં હાથ પણ અજમાવ્યો હતો.

વડાપ્રધાને આ ગેમર્સને એક સૂચન કર્યું હતું કે વૈશ્વિક જલવાયુ પરિવર્તનની સમસ્યાને સંબોધિત કરવાના ઉદ્દેશથી સાથે એક ગેમની કલ્પના કરવી જોઇએ. જેમાં ગેમરે વિભિન્ન તરીકાઓ અને સમાધાનો શોધવા પડશે.

વડાપ્રધાને પર્યાવરણ આધારિત ગેમ લાવવાની વાત કરતા એક ઉદાહરણ પણ આપ્યું તેમણે કહ્યું, ઉદાહરણ તરીકે સ્વચ્છતા લો. ગેમનો વિષય સ્વચ્છતાની આજુબાજુ ફરી શકે અને દરેક બાળકે આ ગેમ રમવી જોઇએ. ભારતીય યુવાઓએ ભારતીય મૂલ્યોને અપનાવવા જોઇએ અને તેની વાસ્તવિકતાને સમજવી જોઇએ.

ગેમર્સ સાથે વાતચીત દરમિયાન વડાપ્રધાને ગેમીંગ ઉદ્યોગમાં નવા વિકાસ પર ચર્ચા કરી હતી. પીએમે એ વાત પર જોર આપ્યું હતું કે કેવી રીતે સરકારે ગેમર્સની રચનાત્મકતાને ઓળખી છે અને ભારતમાં ગેમીંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું છે. પીએમે ગેમીંગ ઉદ્યોગમાં મહિલાઓની ભાગીદારી પર ચર્ચા કરતાં જુગાર વર્સીસ ગેમીંગ સંબંધિત મુદ્દો પર પણ ચર્ચા કરી હતી.

આ સાથે જ વડાપ્રધાને ગેમર્સને કહ્યું હતું કે તે અને સરકાર ગેમર્સની સમસ્યાઓનો હલ શોધશે.

ટોપ ગેમર્સ સાથે વાતચીતમાં પીએમે કહ્યું હતું કે ગેમ્સને ‘નિયંત્રિત’ કરવું બરાબર નહીં લાગે. સરકાર બે વસ્તુ કરી શકે છે, કાં તો કાયદાથી ગેમ પર પ્રતિબંધ લગાવવાનું અથવા તેની સાથે જોડાયેલી દરેક વસ્તુઓને સમજવાની કોશિશ કરે અને દેશની જરુરીયાતોના આધાર પર ગેમને ઢાળે. પીએમે કહ્યું હતું કે સરકારે આ વિષયને સમજવો જોઇએ અને જરૂરી ફેરફાર કરવો જોઇએ.

### હવે બે માસ આકરી ગરમીની આગાહીથી ચિંતા વધી

# કર્મચારીઓને હીટવેવથી બચાવવા કોર્પોરેટ ક્ષેત્ર એકશનમાં

## ફેકટરી-બાંધકામ સહિતની સાઈટ પર ખાસ શેલ્ટર રૂમઃ સતત હેલ્ધી ડ્રીન્ક- ઓઆરએસ તથા મેડીકલ સુવિધા મળી રહે તે વ્યવસ્થા ગોઠવાઈઃ કામકાજના કલાકોમાં પણ ફેરફાર

## ઈ-કોમર્સ ઉપરાંત ઝોમેટો, સ્વીગી સહિતની કંપનીઓના ડીલીવરીમેનને ભારે ગરમીમાં કામ કરવા વધારાનું કમીશનઃ સાથોસાથ મેડીકલ સહાય મળશે



**અનેક ડીલીવરી કંપનીઓએ બપોરના ઓર્ડરમાં ફેરફાર કર્યોઃ કોલ ફિલ્ડ-ઓએનજીપી સાઈટ પર વધારાની સુરક્ષા**

મુંબઈ-નવી દિલ્હી: દેશમાં હવે મોટાભાગના રાજયમાં ભીષણ ગરમી શરૂ થઈ છે અને એક-બે દિવસના માવઠા બાદ હવે તાપમાન જૂનના પ્રારંભ સુધી નવા રેકોર્ડ બનાવી તેની હવામાન વિભાગે જાહેર કરેલી ચેતવણીના પગલે એક તરફ ભારત સરકાર એલર્ટ બની છે તો બીજી તરફ દેશમાં મોટા ઔદ્યોગીક એકમો તથા વિશાળ પ્લેટફોર્મ ધરાવતી કંપનીઓમાં તેના કર્મચારીઓને આ હીટ-વેવથી સલામત રાખવાનો એકશન પ્લાન પણ તૈયાર રાખ્યો છે અને આકરી ગરમીમાં કર્મચારીઓને રાહત રહે તે માટે ફેકટરી અને અન્ય સ્થળોમાં કર્મચારીઓને ગરમી વચ્ચે કાપ કરવાનું છે ત્યાં ખાસ પ્રકારના શેલ્ટર ઉભા કરી દેવાયા છે. કર્મચારીઓને સતત પીવાનું પાણી મળી રહે તે પણ જોવાઈ રહ્યું છે. આ ઉપરાંત જયાં શકય છે ત્યાં કામકાજના કલાકોમાં થોડા ફેરફાર કરીને કર્મચારીઓ-કામદારોને ભારે ગરમીમાં આવાગમન કરવું પડે નહી તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

કર્મચારીઓને લંચ કે ટી ટાઈમમાં એનર્જી ડ્રિન્કસ ઓઆરએસ તથા જો સનસ્ટોક લાગે તો તાત્કાલીક દવા અને અન્ય વ્યવસ્થા અને તુર્તજ તબીબી સારવાર મળે તે પણ જોવાશે તથા ફેકટરીમાં કામદારોને ગરમીમાં પહેરવા ખાસ ટીશર્ટ કેપ પણ અપાયા છે.

આ ઉપરાંત ઈ-કોમર્સ કંપનીઓ તથા ફુડ ડીલીવરી કંપનીઓ તેના કર્મચારી જે ડીલીવરીમાં જતા હોય તેઓને તેમની સાથે ગ્લુકોઝ-ફુટજયુસની બોટલો અને પુરા શરીરને છોડી શકાય તેવા કપડા-કેપ પણ આપ્યા છે. ઝોમેટો, ફલીપકાર્ટ, સ્વીઝી દ્વારા તો ભારે ગરમીમાં ડિલીવરીમાં ખાસ વધારાનું કમીશન પણ આપવાની ઓફર કરી છે. આ ઉપરાંત તેમના માટે રેસ્ટ પોઈન્ટ વધારાયા છે જેથી તેમાં ઝડપથી ડિલીવરી સ્થળે પહોંચી શકે. બીગ બાસ્કેટે ચોકકસ કલાકોમાં ડીલીવરી ટાળવાનું શેડયુલ બનાવ્યું છે અને જો તાકીદની હોય તો ડિલીવરી ટીમને ખાસ વધારાની રકમ અપાશે. આ ઉપરાંત ઝોમેટોએ મોટા શહેરોમાં હોસ્પીટલો સાથે કરાર કરી તેના ડિલીવરીમેનને સારવારની જરૂર પડે તો તુર્તજ ઉપલબ્ધ થાય તે માટે ખાસ કોલ લાઈન ખોલી છે.

આ ઉપરાંત ઓએનજીપી, એલએન્ડટી કોલ કંપનીઓ તથા અન્ય રીયલ એસ્ટેટ કંપનીમાં સાઈટ પર કામ કરતા તેના કર્મચારીઓને માટે ખાસ શેલ્ટર ખોલ્યા છે. જયાં થોડા થોડા સમય તેઓ આરામ કરી શકશે. કામકાજના સ્થળે જરૂર પડે તબીબી સહાય મળી રહે તે પણ જોવાશે.

# તામિલનાડુના સિગનલ્લૂરમાં રાત્રીના મિઠાઈ દુકાને પહોંચી : રાહુલે ગુલાબજાંબુ ખરીદ્યા

## ચૂંટણી પ્રચારમાં પહોંચેલા કોંગ્રેસ નેતાને સરળતાથી રાત્રીના બજારમાં જોઈને સૌ ખુશ થઈ ગયા

ચેન્નઈ:

તામિલનાડુના ચૂંટણી પ્રવાસે ગયેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ગઈકાલે રાત્રે પ્રચાર પુરો કર્યા બાદ સિંગનલ્લુર ગલીમાં નાઈટ આઉટ કર્યુ હતું અને એક મિઠાઈથી દુકાને પહોંચ્યા હતા. અહી તો સૌ રાહુલ ગાંધીને જોઈને આશ્ચર્યમાં પડી ગયા અને ખુશ પણ થઈ ગયા હતા. રાહુલે થોડો સમય અહી તમામ સાથે વાતચીત કરીને તેમને જે પ્રિય મિઠાઈ છે તે ગુલાબજાંબુ ખરીદ્યા હતા. રાહુલે કેટલીક મિઠાઈનો પણ સ્વાદ માણ્યો હતો. દુકાનદાર પણ ખુશ હતા કે રાહુલ ગાંધી તેમની દુકાનમાં આવ્યા. ૨૫-૩૦ મીનીટ રોકાયા અને પછી



ગુલાબજાંબુનું રોકડથી પેમેન્ટ કર્યુ હતું. તેઓએ અગાઉ જાહેરસભામાં ભાજપ અને આરઆરએસને આડે હાથે લીધા હતા.

# સોનુ ટોચના સ્તરેથી રૂા.૨૦૦૦ ગગડ્યું

## સોના અને ચાંદીમાં વિશ્વસ્તરે જબરી ઉથલપાથલઃ ચાંદી પણ સર્વોચ્ચ સ્તરેથી રૂા.૩૦૦૦ ઘટી ગઈઃ આંતરરાષ્ટ્રીય સોનુ ૨૪૩૧ ડોલરથી ઘટીને ૨૩૪૫ ડોલર થયું

રાજકોટ, તા.૧૩

સોના-ચાંદીમાં એકાદ સપ્તાહથી સળંગ રેકોર્ડબ્રેક તેજી વચ્ચે ગઇરાત્રે એકાએક ભાવમાં જબ્બરી ઉથલ પાથલ થઇ હતી. ગણતરીની કલાકોમાં જ સોનુ ટોચના લેવલથી રૂા.૨૦૦૦ તથા ચાંદી ૩૦૦૦ નીચે આવી ગઇ હતી. માર્કેટમાં વેપાર સાવ ઠપ્પ થઇ ગયાનો માહોલ સર્જાયો હતો. વર્તમાન પરિસ્થિતિ યથાવત રહેવાના સંજોગોમાં વેપારીઓ માટે નાણાંકીય રોટેશનની સમસ્યા સર્જાવાની આશંકા છે.



વિશ્વસ્તરે સોના-ચાંદીના ભાવોમાં ગઇરાત્રે જબરદસ્ત ઉથલપાથલ થઇ હતી. રાજકોટમાં ગઇકાલે હાજર સોનાનો દસ ગ્રામનો ભાવ ઉંચામાં ૭૬૬૦૦ થઇ ગયો હતો તે પછી મોડી રાત્રે ૨૦૦૦ રૂપિયા નીકળી ગયો હતો. આજે ૭૪૬૫૦નો ભાવ સાંપડયો હતો. વિશ્વ બજારમાં પણ સમાન હાલત થઇ હતી. આંતરરાષ્ટ્રીય સોનુ ઉંચામાં ૨૪૩૧ ડોલર આંબી ગયા બાદ વજન ઘટાડાથી ૨૩૪૫ ડોલર બંધ રહ્યું હતું. રાજકોટમાં હાજર ચાંદી આજે ૮૪૯૫૦ હતી જે ગઇકાલે ૮૮૦૦૦ના લેવલ સુધી પહોંચી ગઇ હતી.

ઝવેરીઓના કહેવા પ્રમાણે એકાદ અઠવાડિયાથી ચાલી રહેલી તેજી અને જોરદાર વધઘટના કારણે રીટેઇલ ઘરાકી પર મોટો ફટકો પડ્યો હતો પરંતુ હવે તો માર્કેટના વ્યવહાર સ્તબ્ધ જેવા થઇ ગયા છે. વેપારીઓનું નાણાંકીય રોટેશન અટકી પડે તેવી ભીતિ છે. કારણ કે રીટેઇલ ઘરાકી વિના ઝવેરીઓ નવી ખરીદી કરવાની સ્થિતિમાં નથી. રીટેઇલ ઘરાકી સાવ અટકી ગઇ છે. ઇઝરાયેલ અને ઇરાન વચ્ચે યુદ્ધના ભણકારાને કારણે ગઇકાલે ભાવમાં મોટી ઉથલ-પાથલ થઇ હોવાનું માનવામાં આવી રહ્યું છે. વિશ્વ સ્તરે ભોગૌલિક ટેન્શન કેવો વળાંક લે છે તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

# બોર્નવીટા હેલ્ધી ડ્રીન્કસ નથીઃ કેન્દ્ર સરકાર

## ઈ-કોમર્સ કંપનીઓને હેલ્ધી-એનર્જી ડ્રીન્કસની શ્રેણીમાંથી બોર્નવીટાને હટાવવા આદેશ

નવી દિલ્હી:

કેન્દ્રના વ્યાપાર ઉદ્યોગ મંત્રાલયે જાણીતી અમેરિકી કંપનીના લોકપ્રિય બોર્નવીટાને હેલ્ધી ડ્રિન્કસ તરીકે નહી વેચવા તમામ ઈ-કોમર્સ કંપનીઓને આદેશ આપ્યો છે. આ કંપનીમાં હેલ્ધી ડ્રીન્કસની જે કેટેગરી છે તેમાં બોર્નવીટાને મુકીને વેચે છે. હવે આ કંપનીઓએ તે વર્ગમાંથી બોર્નવીટાને હટાવી લેવુ પડશે તથા તેને હવે ફુડ તરીકે જ ગણાશે. રાષ્ટ્રીય ખાસ અધિકાર સંરક્ષણ આયોગની લીગલ બોડીએ બોર્નવીટાની તપાસ કરી હતી. જેમાં તો હેલ્ધી ડ્રીન્કસ તરીકે ગણી શકાય તેવા કોઈ તત્વો ધરાવતા નહી હોવાનું બહાર આવ્યુ હતું.




આ અગાઉ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી પણ આ પ્રકારના હેલ્ધી ડ્રીન્કસ જાહેર કરતા પુર્વે તેની યોગ્ય ચકાસણી કરવા અને કંપની પાસેથી પણ લેખીતમાં લેવા જણાવ્યુ છે અને તેના વગર હેલ્ધી ડ્રિન્કસ કે એનર્જી ડ્રિન્કસ તરીકે તેને જાહેર કરી શકાશે નહી અને તે માટે કોઈ ભ્રામક જાહેરાત પણ નહી કરવા સૂચના આપી હતી અને એનર્જી ડ્રીન્કસ કે સ્પોર્ટસ ડ્રીન્કસ એ અલગ કેટેગરી છે જેનું ૪.૭ બિલિયન ડોલરનું માર્કેટ છે અને સતત વધી રહ્યું છે. બોર્નવીટા એ ચોકલેટ પાવડર જેવુ છે જો કે તેનાથી નુકશાન અંગે કોઈ રીસર્ચ થયુ નથી.

સરકાર દ્વારા એનર્જી ડ્રીંક કે હેલ્ધી ડ્રીક અંગે નિયમો નક્કી કરાયા છે અને તેમાં જે ડ્રીંક બનાવવામાં વિવિધ ઇનપુટનો ઉપયોગ થાય છે તે આડ અસર કરનારા હોવા ન જોઇએ તે પણ નિશ્ચિત થાય છે અને વારંવાર તેની ચકાસણી થાય છે. જ્યારે આ પ્રકારના ડ્રીંકના એડમાં પણ જે દાવા કરવામાં આવે છે તેની સામે અનેક વખત વિરોધ થયો છે. પરંતુ પ્રથમ વખત સરકારે આ રીતે આકરો નિર્ણય લીધો છે.

# ગ્રાહકો પાસેથી ડાઉન પેમેન્ટ ઉઘરાવી અતુલ મોટર્સ કંપનીની સાથે રૂા.૩.૪૬ લાખની છેતરપીંડી

**જસદણમાં આવેલ શોરૂમના પૂર્વ કર્મચારી મેહુલ પરમારે ગ્રાહકો પાસેથી વાહનોના ડાઉન પેમેન્ટ લઈ ખોટા ટોકન આપી કંપની સાથે છેતરપીંડી આચરી**

**છ ગ્રાહકો પાસેથી ઈન્સ્યોરન્સના રૂા.૬૦ હજાર પણ ઉઘરાવી કંપની સાથે વિશ્વાસઘાત કર્યો: જસદણ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી**

રાજકોટ. તા.૧૩

જસદણમાં આવેલ અતુલ મોટર્સ કંપનીના પૂર્વ કર્મચારી મેહુલ પરમારે ગ્રાહકો પાસેથી વાહનોના ડાઉન પેમેન્ટ લઈ ખોટા ટોકન આપી કંપની સાથે રૂ.૩.૪૬ લાખની છેતરપીંડી આચરતાં જસદણ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે સરધારમાં હવેલીચોકમાં રહેતાં દિલીપગીરી શાંતીગીરી ગૌસ્વામી (ઉ.વ.૪૧) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મેહુલ રતિલાલ પરમાર (રહે. જસદણ) નું નામ આપતાં જસદણ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ અતુલ મોટર્સ પ્રાઈવેટ લીમીટેડ (મારૂતી સુઝુકી ડીલર્સ)માં મેનેજર તરીકે નોકરી કરે છે અને જસદણ-આટકોટ રોડ પર આવેલ કંપનીના શોરૂમનું મેનેજમેન્ટ કરે છે. શો-રૂમમાં અગાઉ મેહુલ પરમાર ડાયરેક્ટ સેલ્સએક્ઝિક્યુટિવ (ડીએસઈ)તરીકે નોકરી કરતા હતા. નાણકીય વહીવટ ડીએસઈ કરે છે અને તેઓની દેખરેખ મેનેજરને રાખવાની હોય છે.ગઇ તા.૨૯/૧૧/૨૦૨૩ ના ડીએસઈ રાહુલ કાછડીયાનો ફોન આવેલ અને વાત કરેલ કે, આપણી કંપનીમાં ડીએસઈ તરીકે કામ કરતા મેહુલે ત્રણ કસ્ટમર ભાવેશભાઇ વલ્લભભાઈ છાપરા (રહે.જસદણ), રસ્મીકાન્તભાઈ હીંમતલાલ દવે (રહે.જંગવડ) અને આલાભાઇ કડવાભાઇ લાંબરીયા (રહે.ગઢડીયા (જસ) નામવાળા ગ્રાહકોમાંથી ભાવેશભાઇએ કંપનીમાથી ઇકો કાર લીધેલ જે ઇકો કારનું ડાઉનપેમેન્ટ મેહુલ પાસે રૂ.૩,૯૫,૦૪૯ જમા કરાવેલ હોય જે પૈસા તેઓએ કંપનીમાં જમા કરાવવા ન હતાં. અને બાદમાં તેને કંપનીમાં જમા કરાવેલ છે, તેવું દેખાડવા પોતાના નામનો ચેક બેંકમાં જમા કરાવવા ટોકન લઈ અને ચેક જમા ના કરાવી અને ટોકન રાજકોટ કંપનીમાં મોકલતા કંપની તરફથી ઇકો કારની ડીલેવરી આપી દીધેલ હતી.

તેમજ જંગવડના રસ્મીકાન્તભાઇ દવેએ કંપનીમાથી મારૂતી વેગેનાર કાર ખરીદી કરેલ જે કારનું ડાઉન પેમેન્ટ રૂ.૩,૨૬,૪૨૦ મેહુલે રોકડા લઇ લીધેલ અને આ પૈસા કંપનીમાં જમા કરાવવાના બદલે પોતાની પાસે રાખેલ અને ટોકન કંપનીમાં મોકલી કારની ડીલેવરી કરાવી દીધેલ હતી. તેમજ ગઢડીયાના આલાભાઇ લાંબરીયાએ કંપનીમાંથી મારૂતી સ્વીફ્ટ કાર લીધેલ હતી. જે કારનું ડાઉન પેમેન્ટ રૂ.૧,૧૩,૪૨૪ મેહુલે રોકડા લઇ લીધેલ અને પૈસા કંપનીમાં જમા કરાવવાના બદલે પોતાની પાસે રાખી અને શો-રૂમમાથી ગાડી મંગાવી બાદમાં શો-રૂમ બંધ થતા ડીલેવરી આપેલ હતી. બાદમાં તેની હરકત વિષે જાણ થતાં તેમના તમામ વહીવટ ચેક કરતા રામપરાના રણજીતભાઇ ચાવડા પાસેથી કંપનીના નામે ઈકો ગાડી પોતે ડિલેવરી કરશે તેમ જણાવી રૂ.૧,૧૧,૫૦૦ ડાઉનપેમેન્ટના નામે લઇ લીધેલ અને ગાડીની ડીલેવરી કરેલ ન હતી.ઉપરાંત ચોટીલાના હીતેષભાઇ વિઠ્ઠલભાઈ ઝાપડીયા પાસેથી કંપનીના નામે ઇકો ગાડી પોતે ડીલેવરી કરશે તેમ જણાવી રૂ.૯૭૧૦૪ ડાઉન પેમેન્ટ લઇ લીધેલ અને ગાડીની ડીલેવરી કરેલ ન હતી. તેમજ ગ્રાહકો જગદીશભાઈ વલ્લભભાઇ ડોબરીયા, મહેશભાઇ વિરજીભાઈ મેટાળીયા, આદર્શ ભરત ભાઈ જેબલીયા, ઉમેદભાઈ મનુભાઈ જેબલીયા, મહેશભાઈ બાબુભાઇ ડભોયા, તભાભાઈ સોમાભાઈ ડાંગરએ કંપનીમાં ઇન્સ્યોરન્સ રીન્યુ માટેની રકમ ભરેલ તે રૂ.૬૦ હજાર કંપનીમાં જમા આરોપીએ કરાવેલ નથી. જેથી આરોપી મેહુલે કંપની સાથે રૂ.૧૧,૦૩,૪૯૭ ની ઉચાપત કરી છેતરપીંડી કરી હતી. જે બાદ તેનેપૈસા પરત ચુકવી આપવા કહેતા તેઓએ ટુકડે ટુકડે રૂ.૮,૧૬,૦૦૦ પરત ચુકવી આપ્યા હતાં. જે બાદ તેમની પાસેથી પેનલ્ટી સહીત રૂ.૩.૪૬ લાખ લેવાના બાકી હોય જે તેને ચુકવેલ ન હતાં અને તેને રૂ.૪ લાખનો ચેક આપેલ હતો. પરંતુ તે પોતાના એકાઉન્ટમાં પૈસા નથી ચેક નાખતા નહિ તેમ કહીં કંપની સાથે છેતરપીંડી આચરી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી આરોપી મેહુલ પરમારની શોધખોળ હાથ ધરી હતી.

# મવડી ચોકડી પાસે દ્વારીકા ઈન હોટેલમાં ક્રિકેટ સટ્ટો રમાડતાં કાલાવડ પંથકના બુકી સહિત બે ઝડપાયા

**અઠવાડિયાથી કુલદિપસિંહ જાડેજા અને યોગેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતો રાજ ઠેસિયા હોટલમાં ૩૦૧ નંબરનો રૂમ બુક કરી પંટરો પાસેથી સોદાઓ લેતાં હતાં**

રાજકોટ. તા.૧૩

મવડી ચોકડી પાસે દ્વારીકા ઈન હોટેલમાં રૂમ બુક કરી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતાં કાલાવડ પંથકના

કુલદિપસિંહ જાડેજા અને યોગશ્વર પાર્ક સોસાયટીમાં રહેતો રાજ ઠેસિયાને ક્રાઇમ બ્રાન્ચની ટીમે દબોચી લીધાં હતાં.

દરોડાની વિગત અનુસાર ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ ગરચર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ અનિલ સોનારા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, મહેશ ચાવડા, હરદેવસિંહ રાણા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં ત્યારે મવડી ચોકડી પાસે આવેલ દ્વારીકા ઈન હોટેલમાં ત્રીજા માળે રૂમ નં-૩૦૧ માં કુલદીપસિંહ જાડેજા નામનો શખ્સ ક્રિકેટ મેચનો સટ્ટો રમાડે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે દ્વારિકા ઈન હોટલમાં રૂમ નં.૩૦૧ માં દરોડો પાડી આઇ.પી.એલ.સિરીઝ પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં કુલદીપસિંહ જીતેંદ્રસિંહ જાડેજા (ઉ.વ.૩૦),(રહે. મુરીલા, કાલાવડ) અને રાજ જગદીશ ઠેસીયા (ઉ.વ.૨૪),( રહે.યોગેશ્વર પાર્ક સોસાયટી શેરી નં-૨ યુનીવર્સીટી રોડ) ને પકડી પાડી કુલદીપસિંહ જાડેજા પાસે રહેલ લેપટોપ ચાલું હાલતમાં પડેલ હોય જે જોતા ગુગલ ક્રોમમાં કલાસિક એક્સચેન્જ નામની ક્રિકેટની માસ્ટર આઈ.ડી. ખુલ્લી હોય જેમાં લખનૌ સુપર જાઈન્ટ્સ અને દીલ્હી કેપીટલની આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચ ઉપર હારજીતના સોદાઓ કરતો હોવાનું જોવા મળ્યું હતું.

તેમજ તેમની પાસે રહેલ મોબાઇલ ફોન જોતા તેમાં અલગ અલગ બે ક્રિકેટની માસ્ટર આઈ.ડી.ખુલેલ હોય જેમાં પાર્ટ૭૭૭ અને ડબલબેટ૯૯૯ ગ્રાહકોને ફોરવર્ડ કરી સટ્ટો રમાડતાં હોવાનું ખુલ્યું હતું. ક્રાઇમ બ્રાન્ચે મોબાઇલ ફોન, રોકડ અને લેપટોપ મળી કુલ રૂ.૫૮ હજર્નલપમુદ્દામાલ કબ્જે કરી બંને બુકીઓ નીચે ક્યાં પંટરો દાવ લગાવતાં હતાં તે અંગે તપાસ હાથ ધરી હતી. તેમજ બંને સટોડીયાઓ છેલ્લા આઠ દિવસથી સટ્ટો રમતાં હોવાનું ખુલ્યું હતું.

**ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં કોન્સ્ટેબલ મહેશ ચાવડાની બાતમીના આધારે કાર્યવાહી: કલાસિક એક્સચેન્જ આઇડીના સૂત્રધારનું નામ ખોલવા તજવીજ**

# સ્ટોક માર્કેટમાં સારા વળતરની લાલચે સિનિયર સીટીઝને રૂા.૧૧.૨૫ લાખ ગુમાવ્યા

**અજાણ્યાં નંબર પરથી આવેલ મેસેજ અને કોલ ધારકે આઇપીઓમાં રોકાણ કરવાનું કહીં હરેશભાઇ શાહ પાસેથી આરટીજીએસ મારફતે રૂપિયા પડાવી હાથ ઊંચા કરી દીધા: સાયબર ક્રાઇમે ગુનો નોંધી તપાસ હાથ ધરી**

રાજકોટ. તા.૧૩

સ્ટોક માર્કેટમાં સારા વળતરની લાલચે ૭૨ વર્ષીય હરેશભાઇ શાહ સાથે અજાણ્યાં મોબાઈલ નંબર ધારકે કટકે કટકે કુલ રૂ.૧૧.૨૫ લાખ પડાવી છેતરપીંડી આચરતાં સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રૈયારોડ પર તિરૂપતિનગર શેરી નં.૪ માં રહેતાં હરેશભાઈ રમણીકલાલ શાહ (ઉ.વ.૭૨) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત સપ્ટેમ્બર માસમાં અજાણ્યા વ્હોટસઅપ નંબર ૯૪૦૧૮૪૩૩૧૭ પરથી મેસેજ મળેલ જેમા સ્ટોક માર્કેટમાં ઇનવેસ્ટ તથા ટ્રેડીંગ માટે મેસેજ કરતા તેમની સાથે આવાર નાવરા વાત થતી હતી.તેમને તેનુ નામ અલ્કાઆશા જણાવેલ હતુ. જે બાદ તેણે સ્ટોક માર્કેટ ટ્રેડીંગના વ્હોટ્સઅપ ગ્રુપમાં એડ કરેલ જે ગ્રુપ લના એડમીન વ્હોટ્સઅપ નંબર ૯૮૬૭૩૮૪૦૫૨, ૮૮૨૨૬ ૭૩૪૦૪, ૯૯૬૭૫ ૯૪૦૬૩ હતા. તે ગ્રુપ નુ નામ ડબ્લ્યુ કેપિટલ વીઆઇપી૯ નામનુ ગ્રુપ હતુ. ગ્રુપમાં રોજ ઓપ્શન ટ્રેડીંગને લગતા મેસેજીસ આવતા જે જોઈ જોઈને ક્યારેક ક્યારેક ટ્રેડીંગ એકાઉન્ટમાં ટ્રેડ કરતા હતાં.

તે ગ્રુપમાં બધા પોત પોતાના સ્કીનશોટ શેર કરતા જે બાદ ૯૪૦૧૮૪૩૩૧૭ વ્હોટ્સઅપ નંબર વાળી વ્યક્તીએ મેસેજ કરેલ કે, તમે રોજ ટ્રેડીંગ કરીને પ્રોફીટ કમાવ છો તો તમે અમારા ટીચર ડોક્ટર રાજેશકુમાર સીંગ સાથે વાત કરો અને તમે અમારી સાથે જોડાવ તો તમને વધુ નફો કમાઈ શકશો, જેથી વ્હોટ્સઅપ નંબર ૮૭૨૦૮૩૦૦૮૩ વાળા સાથે વાત કરેલ જેમાં તેણે પ્લેસ્ટોરમાંથી ડિસ્કોડ નામની એપ્લીકિશન ડાઉનલોડ કરાવેલ જેમાં alkaasha1994 અને rajesh_kumarsing યુઝરનેમ સાથે વાતચીત કરતા જે બાદ રાજેશ કુમારે વ્હોટ્સઅપ પર જણાવેલ કે, તમારી પાસે જો ૫૦ લાખથી એક કરોડ સુધીનું ઇન્વેસ્ટમેન્ટ હોય તો તમને સારો પ્રોફીટ કરાવી આપીશ છેલ્લે ૨૫ લાખ હશે તો પણ ચાલશે.

જેથી અલ્કા આશા સાથે વાત કરેલ બાદ તેણીએ કહેલ કે, તમારી પાસે કેટલુ ફંડ છે ? પૂછતાં ૧૦ લાખ રૂપીયા જેટલુ ફંડ છે જણાવતાં તેણીએ કહેલ કે, તેટલા પણ ચાલશે જે બાદ ગઈ તા.૧૫/૧૨/૨૦૨૩ ના તેને આપેલ બેન્ક એકાઉન્ટમાં રૂ.૧૦ હજાર ટ્રાયલ માટે પેટીએમ કરેલ જે બાદ તેની તરફથી કન્ફરમેશન મળતા તેને રૂ.૭.૧૫ લાખ આરટીજીએસથી ટ્રાન્સફર કરેલ જે બાદ તેણે મોકલેલ લિંક ઓપન કરવાથી ડીઝીટલ વોલેટ બતાવતા તેમને રોકેલ રૂ.૭.૨૫ લાખના પ્રોફીટ સાથે કુલ રૂ.૯ લાખ બતાવતા હતાં. જેથી વિશ્વાસપાત્ર લાગતા થોડા દીવસ બાદ મેસેજ કરીને જણાવેલ કે, તેઓએ આઈપીઓમાં એપ્લાય કરવાનું પણ શરુ કરેલ છે. થોડ દીવસ બાદ સારા આઇપીઓ આવે છે તમારે તેમાં એપ્લાય કરવું હોય તો નાણા મોકલી આપો.

જેથી તા. ૦૩/૦૧/૨૦૨૪ ના રૂ.૪ લાખ આરટીજીએસ દ્વારા ટ્રાન્સફર કરેલ હતાં. થોડા સમય બાદ તે નાણા ઉપાડવા માટે કહેતાં અલગ અલગ તારીખો આપેલ અને છેલ્લે નાણા પરત કરેલ નહીં, તેમજ અલ્કા આશા સાથે અલગ અલગ વ્હોટ્સઅપ નંબરથી વાતચીત કરી કુલ રૂ.૧૧.૨૫ લાખની છેતરપીંડી કરેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઇમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# રેલનગરમાં રિક્ષાચાલકના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા: દાગીના અને રોકડની ચોરી

**પરીવાર સાથે ગુંદાસરા ગામે પાણીઢોળમાં ગયાં બાદ તસ્કરોએ મકાનમાં તિજોરીનો લોક તોડી રૂા.૯૧ હજારનો મુદ્દામાલ ઉપાડી હવામાં ઓગળી ગયાં: પ્ર.નગર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી**



રાજકોટ. તા.૧૩

રેલનગરમાં રિક્ષાચાલકના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ તિજોરીમાંથી દાગીના અને રોકડ મળી રૂા.૯૧ હજારનો મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટતાં પ્ર.નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે રેલનગરમાં શાંતિકુંજ રેસિડેન્સીમાં બ્લોક નં. બી-૩ માં રહેતાં ભાવનાબેન કિશોરભાઈ નિમાવત (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા હતું કે, તેઓ ઘરકામ અને તેણીના પતિ રીક્ષા ડ્રાઇવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

તેમની માતાનું ગઈ તા.૩૧/૦૩/૨૦૨૪ ના અવસાન થતાં તે તેના પિતાના ઘરે ગુંદાસરા ગામ હતી અને ગઈ તા.૧૧ ના તેણીના પતિ પણ સાંજના પાંચેક વાગ્યાની આસપાસ ઘરે તાળુ મારી ગુંદાસરા ગામ આવેલ અને ઘરની ચાવી બાજુમા રહેતા જમાઇ ભાવેશભાઇ દિલિપભાઈ પરમારને આપેલ હતી. ગઈકાલે તેઓ તેના પતિ, જમાઇ ભાવેશભાઈ તથા વિશાલગીરી સાથે ગુંદાસરા ગામે હોય ત્યારે તેના જમાઈ ભાવેશભાઈએ જણાવેલ કે, રાજકોટથી મારા માતા ભારતીબેનનો ફોન આવેલ કે, આપણી બાજુમા રહેતા તારા સાસુના મકાનમા લાઇટ ચાલુ છે અને મેઇન દરવાજાને પણ તાળુ મારેલ નથી.

જેથી તેણીએ તેના પતિને પુછતા તેઓએ જણાવેલ કે, મે તાળુ મારેલ હતુ તેવી વાત કરતાં તેણીએ તેના વેવાઇને અંદર જઈને જોવા માટેનું કહેતાં તેઓએ અંદર જઈને જોયુ તો મકાનનો મેઇન દરવાજાનો નકુચો તુટેલ અને મકાનની અંદર નીચ્ચેના આવેલ રૂમમા આવેલ લોખંડની તીજોરીનો લોક પણ તુટેલ હોવાની વાત કરતાં તેઓ ઘરે દોડી આવેલ તો મેઇન દરવાજનો નકુચો તુટેલ જોવામા આવેલ અને નીચેના માળે આવેલ રૂમમા લોખંડની તીજોરીનો લોક તુટેલ અને અંદર આવેલ ખાનુ પણ તુટેલ જોવામા આવેલ તિજોરીનો સર-સામાન વેર વિખેર જોવામા આવેલ હતો. તીજોરીમા ચેક કરતા ચાર સોનાની બંગડી રૂા.૫૦ હજાર, એક જોળી સોનાના બુટીયા રૂા.૧૦ હજાર, ચાંદીના રાણી સીક્કા ૩૦ નંગ તેમજ રોકડા રૂા.૩૦ હજાર મળી કુલ રૂા.૯૧ હજારનો મુદ્દામાલ કોઈ અજાણ્યો તસ્કર ઘરમાં ઘુસી ચોરી કરી નાસી છૂટ્યો હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીઆઈ ભાર્ગવ ઝણકાંત અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ:** સ્વ.જગજીવન હિરાભભાઈ ડોડીયાના મોટા પુત્ર ચંદ્રાકાન્ત જગજીવન ડોડીયા તે ઈશ્વરલાલ, ચમનલાલ, પ્રવિણભાઈના અને દમયંતિબેન (જૂનાગઢ)ના ભાઈ તથા ધીરજલાલના સાળા તેમજ જયકિશન, તુપેશ, પલ્લવી હર્ષાબેનના ભાઈજી તથા નિલેશકુમાર, સ્વ.યોગેશકુમારના મોટા સસરાનું તા.૧૨ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૫ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે એમના નિવાસ સ્થાને સત્યમ પાર્ક શેરી નં.૧ સોરઠીયા વાડી, ૮૦ ફુટ રોડ, હુંડાઈ શો-રૂમ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.જીતેન્દ્રકુમાર હરકીસનદાસ ગાંધી (ઉ.વ.૯૨)તે અતુલભાઈ ગાંધી (નેશનલ વિમા કંપની રાજકોટ) તથા મનીષભાઈ ગાંધી (એલ.એન્ડ.ટી)ના પિતાશ્રી,ફાલ્ગુની બેન તથા દિમીબેનના સસરા, વિધી, પાર્થ તથા ધ્વનિના દાદા તા.૧૧ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. સદ્‌ગતનું બેસણુ તા.૧૫ના રોજ સાંજે ૫ થી ૬ શ્રી સંત બાબા ટહેલીયા રામ સાહેબ સિંધી પંચાયત (સંત પ્રસાદ) ૭/૮ કોર્નર ગાયકવાડી પ્લોટ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ મૂળ કેશિયા નિવાસી હાલ રાજકોટ પ્રવિણભાઈ મહાશંકરભાઈ દવે (ઉ.વ.૭૯)તે ઉષાબહેન શુકલના નાનાભાઈ, કનકભાઈ દવેના મોટાભાઈ, મનિષ, ભાવેશ, ચેતના દવે અને ગીતા ત્રિવેદીના પિતાશ્રીનું તા.૧૨ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૫ને સોમવારના રોજ સાંજે ૫ થી ૬ ભીમનાથ મહાદેવ મંદિર ગાયત્રીનગર શેરી નં.૨ રાજકોટ ખાતે રાખેલ છે.



ત્રીજી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
અંજલિ આપતા હેયુ તૂટે છે.
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે.

જીતેન્દ્રભાઈ મોહનભાઈ વાઘેલા(પિતા)
કિરણબેન જીતેન્દ્રભાઈ વાઘેલા(માતા)
માહી આનંદભાઈ વાઘેલા(પુત્રી) ✦ટીશા આનંદભાઈ વાઘેલા(પુત્રી)
વૈશાલીબેન એમ રાઠોડ(બેન) ✦મિલનરાજ એમ રાઠોડ(બનેવી)
પ્રેમ એમ રાઠોડ(ભાણેજ)
વાઘેલા પરિવાર

સ્વ.આનંદભાઈ જીતેન્દ્રભાઈ વાઘેલા
સ્વ.તા.૧૪-૦૪-૨૦૨૧
ચૈત્ર સુદ બીજ બુધવાર




દુઃખદ અવસાન/બેસણું

**ગીરીશભાઈ રતિલાલભાઈ આડેસરા** તે મધુકાંતભાઈ, ચંદ્રકાંતભાઈ, સુશીલભાઈ હેમંતભાઈના ભાઈ તથા ગરીમા અને હિરેન ના પપ્પા તેમજ જગજીવનદાસ મુળજીભાઈ પાટડીયાના જમાઈ તા.૧૨-૦૪-૨૦૨૪ ના શ્રીજી ચરણ પામેલ છે સદ્‌ગતનું બેસણું તા.૧૩-૦૪-૨૦૨૪ શનિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૫.૩૦ દરમ્યાન તેમના નિવાસસ્થાને રાખેલ છે.

ગીરીશભાઈ રતિલાલ આડેસરા
સ્વ. તા.૧૨-૦૪-૨૦૨૪

ફ્લેટ નંબર ૧૦૩, સંસ્કૃતિ એપાર્ટમેન્ટ, મેહુલનગર-૫, નિલકંઠ સિનેમાની પાછળ, રાજકોટ.


## અવસાન નોંધ

**રાજકોટ:** મુળ જુનાગઢ ટીંબાવાડી નિવાસી હાલ રાજકોટ વ્રજલાલભાઈ જેરામભાઈ ભાલોડીયાના પત્ની પ્રભાબેન (ઉ.૭૪) તે સચીનભાઈ, જસ્મીનભાઈ, ચેતનાબેન, નૂતનબેન, પ્રજ્ઞાબેનના માતુશ્રીનું તા.૧૨ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા.૧૩ના રોજ તેમના નિવાસસ્થાને સવારે ૯થી ૧૧ સ્કાય હાઈટ્સ કોમન હોલ, ગોવર્ધન ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**મોરબી:** જુના નાગડાવાસ વાળા હાલ મોરબી ઠા. ચુનીલાલ (લાભુભાઈ) કાલીદાસ કાથરાણી (ઉ.૯૨) તે ચંદ્રકાંતભાઈ, વિનોદભાઈ, રાજેશભાઈ, મહેશભાઈ, ભાવેશભાઈ, ચંદનબેન લલીતકુમાર ખખ્ખર, વિણાબેન રાજેન્દ્રકુમાર ચંડીભમ્મર, સુધાબેન અશ્વીનકુમાર જોબનપુત્રાના પિતાશ્રી તેમજ ઠા. નાનજીભાઈ જાદવજીભાઈ કારીયા (મોટા દહિસરા)ના જમાઈ તા.૧૧ને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તથા શ્વસુરપક્ષની સાદડી તા.૧૫ને સોમવારે સાંજે ૪-૩૦થી ૬ કલાકે લોહાણા વિદ્યાર્થી ભવન વસંત પ્લોટ, મોરબી ખાતે રાખેલ છે.


**વેરાવળ:** જયાબેન ભાનુશંકર જોષી (ઉ.૯૯) તે સ્વ. ભાનુશંકર ભાણજી જોષીના પત્ની, ભરતભાઈ (નિવૃત સેન્ટ્રલ બેંક), વિનોદભાઈ (ઈન્ડ.રેયોન), હરેશભાઈ (સદગુરૂ ગ્રાફિક્સ), તથા ચંદ્રીકાબેન ઉમેદભાઈ પાઠક (રાજકોટ)ના માતુશ્રી તથા સ્વ. અમૃતલાલ ભાણજી તથા મોહનલાલ ભાણજી (ગેલાણા)ના બહેનનું તા.૧૨ને શુક્રવારે અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૫ને સોમવારે સાંજે ૪થી ૬ બિલેશ્વર મહાદેવ મંદિર શિક્ષક કોલોની વેરાવળ રાખેલ છે.

**વિજપડી:** જયાબેન અનંતરાય મશરૂ (ઉ.૭૯) તે ગીરીશભાઈ, ભરતભાઈ, સ્વ. ભદ્રેશભાઈ તથા મિતેશભાઈ, માલાબેન જગદીશકુમાર માંડવીયાના માતુશ્રી તા.૮ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. બેસણું તા.૧૩ને શનિવારના રોજ બપોરે ૩થી ૫ લોહાણા મહાજનવાડી વિજપડી ખાતે રાખેલ છે.

**મોરબી:** ચા.મ.કા.મોઢ બ્રાહ્મણ મૂળ મોરબી હાલ ગોઆ કાંતાબેન કાંતિલાલ પંડયા (ઉ.૮૮) તે સ્વ. કાંતિલાલ નાનાલાલ પંડયાના પત્ની તેમજ સ્વ. બાબુલાલ, સ્વ. ધીરજલાલ, પ્રાણલાલ, સ્વ. નવલશંકર, સ્વ. નટવરલાલ અને નૌતમલાલના ભાભી તેમજ દિપકભાઈ, નીરૂબેન, નલીનીબેન, કુસુમબેન, નયનાબેનના માતુશ્રી અને મુખ્યાજી સુરેન્દ્રનગર નિવાસી સ્વ. દયારામભાઈ વાલજીભાઈ ત્રિવેદીના પુત્રી તેમજ સ્વ. દ્વારકાદાસ, સ્વ. પરમાનંદભાઈ, સ્વ. કિશનભાઈ, સ્વ. ઈન્દુભાઈના બહેનનું તા.૧૧ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૮ને ગુરૂવારના રોજ બપોરે ૪-૩૦થી ૫-૩૦ ચા.મ.કા.મો. બ્રાહ્મણ જ્ઞાતિની વાડી ૧૦/૧૧ સાવસર પ્લોટ મોરબી મુકામે રાખેલ છે.

**રાજકોટ:** સાવરકુંડલા નિવાસી હાલ રાજકોટ પુષ્પાબેન તે સ્વ.અંનતરાય અમૃતલાલ દેસાઈના ધર્મપત્ની તે સ્વ.ભાવિન,અલ્પેશ, જીજ્ઞા વિપુલ કુમાર હિરાણીના માતૃશ્રી તે હેમાં પુજાના સાસુ તે નિતીનભાઈના ભાભી તે જગજીવન હીરાચંદ ઝાટકીયાના પુત્રી સાગારી સંથારા સાથે તા.૧૩ને શનિવારના અરીહંત શરણ પામેલ છે. ટેલીફોનીક બેસણું તા.૧૫ સોમવારના સાંજના ૪ થી ૬ રાખેલ છે. અલ્પેશ ૯૭૨૪૪૦૦૮૮૪, પૂજા ૯૪૨૯૦૯૬૫૭૮)


શ્રધ્ધાંજલી
ધોરાજી




આંખો હજુ
નિહાળે છે તમને,
અંતર હજુ
પોકારે છે તમને,
સ્મરણ તમારૂ
થાય છે અમને,
મન મુકીને
રડાવે છે અમને,
શ્રધ્ધાંજલી અર્પવા
ઉઠયા અમે સૌ,
આંસુથી ભીજાઈ ગયા અમે સૌ,
પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ
જ અમારી પ્રાર્થના.

સ્વ. દિનેશભાઈ
દામજીભાઈ કુંમર
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪,
(ઉ.વ.૫૫) ધોરાજી (ચક્ષુદાતા)

સ્વ. હાર્દિકાબેન
દિનેશભાઈ કુંમર
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪,
(ઉ.વ.૨૨) ધોરાજી (ચક્ષુદાતા)




સ્વ. લીલાવંતીબેન
દિનેશભાઈ કુંમર
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪,
(ઉ.વ.૫૨) ધોરાજી (ચક્ષુદાતા)


સ્વ. સંગીતાબેન
પ્રવિણભાઈ કોયાણી
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪,
(ઉ.વ.૫૪) ધોરાજી (ચક્ષુદાતા)

સાગર સોલંકી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

લી.
ક્રિસ્ટલ એકેડેમી-પરિવાર
જામકંડોરણા રોડ, ધોરાજી



શ્રધ્ધાંજલી
ધોરાજી




સમય જીંદગીનો
ઓછો હશે
ક્યાં ખબર હતી,
વિદાય તમારી
અણધારી હશે
ક્યાં ખબર હતી,
સમય વિતતો જશે
પણ યાદ તમારી
સદાય રહેશે.
ઈશ્વર તમારા
આત્માને શાંતિ
અર્પે એજ પ્રાર્થના..

સ્વ. દિનેશભાઈ
દામજીભાઈ કુંમર
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪,
(ઉ.વ.૫૫) ધોરાજી (ચક્ષુદાતા)

સ્વ. હાર્દિકાબેન
દિનેશભાઈ કુંમર
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪,
(ઉ.વ.૨૨) ધોરાજી (ચક્ષુદાતા)




સ્વ. લીલાવંતીબેન
દિનેશભાઈ કુંમર
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪,
(ઉ.વ.૫૨) ધોરાજી (ચક્ષુદાતા)

સ્વ. સંગીતાબેન
પ્રવિણભાઈ કોયાણી
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪,
(ઉ.વ.૫૪) ધોરાજી (ચક્ષુદાતા)

સાગર સોલંકી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪

લી.
રાજુભાઈ બાલધા (પ્રમુખશ્રી : શહેર ભાજપ ધોરાજી)
પ્રમુખશ્રી : તુલસી ચેરીટેબલ ટ્રસ્ટ-ધોરાજી



દુઃખદ અવસાન
બેસણું



સ્વ.ભરતસિંહ કિશોરસિંહ જાડેજા
સ્વ.તા.૧૨-૪-૨૪, ગામ:કાંગશીયાળી

સ્વ.ભરતસિંહ કિશોરસિંહ જાડેજા (કાંગશ્યાળી) તે સ્વ.કરણસિંહ કિશોરસિંહ જાડેજા ના નાનાભાઈ તેમજ સ્વ.મહેન્દ્રસિંહ દાનસિંહ જાડેજા તથા સ્વ.પુરણસિંહ દાનસિંહ જાડેજાના નાનાભાઈ નું તા.૧૨-૪-૨૪ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

બેસણું: તા.૧૫-૪-૨૪ સોમવારના રોજ સાંજે ૫ થી ૭,
સ્થળ: કાંગશીયાળી મુકામે રાખેલ છે.

સ્વ.મહેન્દ્રસિંહ દાનસિંહ જાડેજા (મોટાભાઈ)
સ્વ.પુરણસિંહ દાનસિંહ જાડેજા (મોટાભાઈ)
સ્વ.કરણસિંહ કિશોરસિંહ જાડેજા (હકુભા) (મોટાભાઈ)
ઘનશ્યામસિંહ મહેન્દ્રસિંહ જાડેજા (ભત્રીજા)
રાજદિપસિંહ પુરણસિંહ જાડેજા (બનાભાઈ) (ભત્રીજા)
હરીરાજસિંહ પુરણસિંહ જાડેજા (ભત્રીજા)
મેઘરાજસિંહ ભરતસિંહ જાડેજા (પુત્ર)
તીર્થરાજસિંહ ઘનશ્યામસિંહ જાડેજા (પૌત્ર)
હર્ષદેવસિંહ રાજદિપસિંહ જાડેજા (પૌત્ર)• ઓમદેવસિંહ રાજદિપસિંહ જાડેજા (પૌત્ર)


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાન: સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોન: ન્યુઝ રૂમ: ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબર: ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશન: ૨૪૭૩૯૧૮, ફેક્સ: ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

રાજકોટ લોકસભા બેઠકના ખર્ચના ઓબ્ઝર્વર માધવચંદ્ર શર્મા સાથે કલેકટર સહિતના અધિકારીઓનો બેઠકોનો દોર

# સૌરાષ્ટ્ર-કચ્છની તમામ લોકસભા બેઠકના ઉમેદવારોના પોષ્ટલ બેલેટ રાજકોટ છપાશે

## કલેકટર કચેરીમાં પ્રથમ દિવસે જ ભાજપ-કોંગ્રેસ સહિત ૯૫ વ્યકિતઓએ ૨૯૭ ઉમેદવારી ફોર્મ ઉપાડતા તંત્ર હરકતમાં: ક્ષત્રિય સમાજે ઉપાડેલા નામાંકનપત્રનો આંકડો ૧૮૦: બ્રેઈન લીપીના મતપત્રો અમદાવાદ છપાશે

રાજકોટ તા.૧૩

રાજકોટ સહિત લોકસભાની ૨૬ અને વિધાનસભાની ૫ બેઠકો માટે ચૂંટણીપંચ દ્વારા ગઈકાલે જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મની પ્રક્રિયા શરૂ થવા પામી છે. જેમાં રાજકોટ લોકસભાની બેઠક માટે ગઈકાલે એક જ દિવસમાં ભાજપ-કોંગ્રેસ સહિત ૯૫ વ્યકિતઓએ રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતેથી ૨૯૭ જેટલા ઉમેદવારી પત્રો ઉપાડતા તંત્ર હરકતમાં આવી જવા પામેલ છે.

જેમાં ક્ષત્રિય સમાજ દ્વારા ઉપાડાયેલ નામાંકનપત્રનો આંકડો ૧૮૦ આંકડોને આંબી જવા પામેલ છે. ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે લડી લેવા પડકાર ફેંકાયો હોય સોમવારે પણ કલેકટર કચેરીમાંથી વધુને વધુ નામાંકન પત્રો ઉપાડવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

લોકસભાની ચૂંટણીના આ નામાંકન પત્રોનું વિતરણ અને ભરેલા નામાંકન પત્રો સ્વીકારવાની અંતિમ તા.૧૯ એપ્રિલ નિયત કરવામાં આવી છે. ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટ લોકસભા બેઠક માટે પ્રથમ દિવસે જ ૧૮૦ નામાંકન પત્ર (ચૂંટણી ફોર્મ) ઉપાડી લેવાતા આ વિષય રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ભારે ચર્ચાનો વિષય બની જવા પામેલ છે.

દરમ્યાન રાજકોટ લોકસભા બેઠકની શાંતિપૂર્ણ વાતાવરણમાં અને સુચારૂ રૂપથી યોજાય તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તંત્રે કમર કસી દીધી છે. જો કે તમામ પરિસ્થિતિ ઉપર વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છની લોકસભાની તમામ બેઠકના પોસ્ટર બેલેટ રાજકોટ ખાતે છપાશે. આ માટે વિશેષ રૂપથી આયોજન કરવામાં આવેલ છે. કલેકટર કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે તા.૨૦ના ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી અને ત્યારબાદ તા.૨૨ના ભરેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ ઉમેદવારોના પોસ્ટલ બેલેટ પ્રિન્ટીંગ માટે મોકલવામાં આવશે.

જેમાં રાજકોટ ઉપરાંત, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર, પોરબંદર, અમરેલી, અને કચ્છ તેમજ જુનાગઢ લોકસભા બેઠકના ઉમેદવારોના પોસ્ટર બેલેટ રાજકોટમાં છાપવામાં આવશે. સૂત્રોએ વિશેષમાં જણાવ્યું હતું કે બ્રેઈન લીપી (અંધજનો માટે)ના મતપત્રકો અમદાવાદમાં છપાશે. તેઓએ જણાવ્યું હતું કે લોકસભાના ઉમેદવારોને જે ફોર્મનું વિતરણ કરવામાં આવી રહ્યું છે તેમાં કાનૂની વૈધાનિક વાળો પાર્ટ અમદાવાદમાં છપાયો હતો. જયારે રૂટીન પાર્ટ રાજકોટ ખાતે પ્રિન્ટ કરવામાં આવેલ હતો.

રાજકોટ જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ હાલ લોકસભા બેઠક વિસ્તારમાં વધુને વધુ મતદાન થાય તે માટે મતદાર જાગૃતિના કાર્યક્રમો સતત આયોજીત કરવામાં આવી રહ્યા છે. આ દરમ્યાન રાજકોટ લોકસભા બેઠકના ખર્ચના ઓબ્ઝર્વર માધવચંદ્ર શર્મા ગઈકાલે રાજકોટ ખાતે આવી પહોંચ્યા બાદ આજે શનિવારની રજાના દિવસે પણ તેઓએ કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશી સહિતના અધિકારીઓ સાથે બેઠકોનો દોર શરૂ રાખ્યો હતો.

### જિલ્લાના પોલીંગ સ્ટાફ માટે સ્વૈચ્છિક તાલીમ

રાજકોટ,તા.૧૩

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તરફથી રાજકોટ જિલ્લાના પોલીંગ સ્ટાફ માટે સ્વૈચ્છિક તાલીમનું આયોજન ૭૧ રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારના માસ્ટર ટ્રેનર દ્વારા કરવામાં આવેલ છે. આ તાલીમ થી તા.૨૦ સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી, કોન્ફરન્સ હોલ, નિયામકશ્રી-જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.

જે કોઈ પણ પોલીંગ ઓફીસર/ કર્મચારી તાલીમ/ઈ.વી.એમ. હેન્ડસ ઓન લેવા માંગતા હોય તે પોતાના પોલીંગ ઓર્ડર સાથે ઉપરોક્ત સ્વૈચ્છિક તાલીમમાં હાજર રહી શકે છે. જાહેર રજા ના દિવસો દરમ્યાન પણ આ તાલીમ આપવામાં આવશે, તેમ રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્રની યાદીમાં જણાવાયું છે.

### બે ડે.કલેકટરોની અરસપરસ બદલી કરતું ચૂંટણી પંચ

પોરબંદરના હિરલ દેસાઈ અને સુરેન્દ્રનગરના પ્રિયંકકુમાર ગલચરની બદલી

રાજકોટ તા.૧૩

લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરાયા બાદ ચૂંટણીપંચ દ્વારા પોરબંદર અને સુરેન્દ્રનગરના બે ડેપ્યુટી કલેકટરોની બદલી કરવામાં આવી છે. ચૂંટણીપંચની સુચનાથી આ બન્ને અધિકારીઓના ઓર્ડર ઈસ્યૂ કરી દેવામાં આવેલ છે.

જેમાં પોરબંદર જીલ્લામાં ડે.ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા હિરલ દેસાઈની સુરેન્દ્રનગર નર્મદા પ્રોજેકટમાં નિમણુંક કરવામાં આવેલ છે. જયારે સુરેન્દ્રનગરના ડિસ્ટ્રીકટ સપ્લાય ઓફીસર (પુરવઠા અધિકારી) તરીકે ફરજ બજાવતા પ્રિયંકકુમાર ગલચરની બદલી કરી તેને પોરબંદર ખાતે ડે.ડીસ્ટ્રીકટ ઈલેકશન ઓફીસર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

# સોમવારે માઁ આશાપુરા માતાના મઢ-કચ્છ ખાતે ભવ્ય હોમાદિક ક્રિયા ઉત્સવ ઉજવાશે: લાઈવ ટેલીકાસ્ટ

## સોમવારે રાત્રે રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજી ૧૨-૩૦ કલાકે હવનમાં બીડુ હોમશે




રાજકોટ તા.૧૩

ભારતીય સંસ્કૃતિમાં શકિત ઉપાસનાનું સ્થાન અલૌકિક, અનોખુ અને અજોડ છે. માતાના મઢમાં આશાપુરા શકિતપીઠ ખાતે આસો નવરાત્રિ અને ચૈત્ર નવરાત્રિ ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. માં આશાપુરાનું ૧૯મી સદીનું ભવ્ય તિર્થધામ છે. સૌરાષ્ટ્ર-ગુજરાત, મહારાષ્ટ્રમાંથી ભાવિકો પગપાળા, સાયકલ દ્વારા વિશાળ સંખ્યામાં માતાજીના ગુણગાન ગાતા માં આશાપુરા ઉપર અપાર શ્રધ્ધા વિશ્વાસ સાથે માઈ ભકતો દર્શન કરવા આવે છે. માં આશાપુરાનું મંદિર ઉપર બાવન ગજની વિશાળ ધજા છે. નિજ મંદિરમાં વિશાળ ઘંટ છે. મુખ્ય મંદિર ૫૮ ફુટ લાંબુ અને ૩૨ ફુટ પહોળો છે. માં આશાપુરાની વિશાળ કદની ૬ ફુટની મૂર્તિ છે. માં આશાપુરા મઢ ખાતે હોમાદિક ક્રિયાનું અતિ ભારે મહત્વ છે. લાખોની સંખ્યામાં માંની માનેલ માનતા અને શ્રધ્ધા આસ્થા સાથે ભાવિકો દર્શન કરવા આવે છે. ચૈત્રી સુદ-૭, તા.૧૫ના સોમવાર, રાત્રીના ૮-૩૦ કલાકે રાજા બાવાશ્રી યોગેન્દ્રસિંહજીના અધ્યક્ષસ્થાને ગોર મહારાજશ્રી દેવકૃષ્ણ મુળશંકર જોષી હોમાદિક ક્રિયાનો પ્રારંભ થશે. હોમાદિક ક્રિયા વિધિ સમયે દેવી દેવતાઓને વિશેષ પુજા અર્ચના દરેક દેવતાઓને આહવાન આપી ફળ, ફુલોની હોમાદિક ક્રિયા આહુતિ આપવામાં આવશે. આ સમયે ચંડીપાઠ, શ્લોક, સંક્રાંતિપાઠ, માના ગરબા ગવાશે. આ સમયે વાતાવરણ ભકિતમય બની જાય છે. મધ્યરાત્રીએ રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજી રાત્રીના ૧૨-૩૦ કલાકે ઉગતી આઠમે હવનમાં બીડુ હોમશે. સમગ્ર વાતાવરણ માં આશાપુરાના નાદ સાથે ગુંજી ઉઠશે. ભૂવા તરીકે ગજુભા ચૌહાણ સેવા આપે છે. માં આશાપુરા ધામમાં નિજ મંદિરની અંદર જ હનુમાનજી, ગણેશજી, શંકર-પાર્વતી, ચાચરા ભવાની, ખેતરપાળ દાદા તેમજ બાજુમાં હિંગળાજ માનું ભવ્ય મંદિર આવેલ છે. આરતીનો સમય સવારના ૫૫ વાગ્યે મંગળા આરતી, સવારે ૯ કલાકે ધૂપ આરતી સાંજની સુર્યાસ્ત સમય મુજબ કરવામાં આવે છે. ભાવિકોને વિનામૂલ્યે જમવા તથા રહેવાની સગવડ પુરી પાડવામાં આવે છે. માં આશાપુરા સૌની મનોકામના પૂર્ણ કરે છે. માં આશાપુરાનાં ભકતાહેને લાઈવ દર્શન તથા હોમાદિક ક્રિયા વિધિના દર્શન કરવા માટે વેબસાઈટ દ્વારા આપ નિહાળી શકાશે. માતાના મઢ ટ્રસ્ટીગણ સેવકો નવરાત્રી દરમ્યાન દિવસ રાત સેવા આપે છે. માતાના મઢ જાગીર ટ્રસ્ટીઓ ખેગરાજી જાડેજા, પ્રવીણસિંહ વાઢેર, તથા સેવકગણ ખંતપૂર્વક સેવા આપે છે. માતાના મઢ ટ્રસ્ટીગણની દરેક દર્શનાર્થીઓને સુચના હિંદુ ધર્મ રીવાજ વસ્ત્ર પરિધાન પહેરવા, ધુમ્રપાન, નશાકારક પદાર્થ નિષેધ છે. સ્વચ્છતા જાળવવા સાથ સહકાર આપવા દરેક ભાવિકોને વિનંતી. માતાજીના પરમ ભકત મયુરસિંહ જાડેજા ખંત પૂર્વક સેવા ચાકરી કરે છે તેમ વિનોદ પોપટે જાણાવેલ છે.

### બીઆરટીએસ રૂટ પર કાર ચલાવી ઈન્સ્ટાગ્રામ પર લાઈવ થનાર રીશી વૈરાગીની ધરપકડ

વિડીયો વાયરલ થયા બાદ ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી

રાજકોટ, તા. ૧૩

સોશ્યલ મીડિયામાં વર્ચસ્વ જમાવવા યુવાનો જોખમી રીલ્સ બનાવી કાયદો હાથમાં લેતા હોય છે. ત્યારે બીઆરટીએસ રૂટ પર કાર ચલાવી ઈન્સ્ટાગ્રામ પર લાઇવ થનાર રીશી વૈરાગી નામના યુવક સામે ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી અને તેની ધરપકડ કરી હતી.

બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણાએ ફરિયાદ નોંધાવી હતી કે ગત તા. ૧૧/૪ના તેઓને ઈન્સ્ટાગ્રામ દ્વારા એક કાર ચાલક બીઆરટીએસ રૂટ પર પોતાની કાર નં. જીજે ૧ કેસી ૦૧૭૯ લઇને નીકળેલ હોય તેવો વિડીયો વાયરલ થયો હતો જે વાયરલ વિડીયો અંગે તપાસ કરતા અયોધ્યા ચોકથી શીતલ પાર્ક સુધીનો તે વિડીયો હોવાનું સામે આવતા હેડ કોન્સ્ટેબલ અમિતભાઇ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરતા બીઆરટીએસ રૂટ પર કાર ચલાવનાર રીશી બળદેવગીરી વૈરાગી (રહે. સૈનિક સોસા. પ્લોટ નં.૩૫) હોવાનું ખુલ્યું હતું. તેમજ તેને તા.૧૧ના બપોરના ૩ વાગ્યાની આસપાસ બીઆરટીએસ રૂટ પર ગેરકાયદેસર કાર ચલાવી ઈન્સ્ટાગ્રામ પર લાઇવ થયેલ હતો. પોલીસે જાહેરનામા ભંગની કલમ હેઠળનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# હત્યા પ્રયાસના ગુનામાં નામચીન અલ્તાફ છ આંગળીના જામીન રદ્દ

## ફરિયાદીના કપાળ પર બંદૂક તાકી ટ્રીગર દબાવ્યું હતું પણ ગોળી ન છૂટતા હત્યા પ્રયાસનો ગુનો દાખલ થયો હતો

રાજકોટ તા.૧૩

અત્રે શહેરમાં ફરિયાદએ પોતાની કાર પાસે ઉભેલા આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળીને મોડી રાત્રે ઘરે જવાનું કહેતા ફરીયાદીના માથા ઉપર બંદુક તાંકી હત્યાની કોશીષના ગુન્હામાં ચાર્જસીટ બાદ રજુ થયેલ જામીન અરજી અધિક સેશન્સ જજ જે.આઈ. પટેલે રદ કરેલ છે.

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે તા.૧૨/૧/૨૦૨૪ના રોજ આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફભાઈ થઈમ (ઉ.૪૫) મોડી રાત્રે તુર્કીબાપુની દરગાહ પાસે પોતાની ગાડી પાસે ઉભા રહી વાતો કરતો હતો ત્યારે ફરીયાદીના ભાઈ આર્યને અલ્તાફ કાકા ઘરમાં જતા રહો તેમ કહેતા આરોપી અલ્તાફ ઉશ્કેરાઈ ગયેલ અને પોતાની પાસેની બંદુક કાઢી ફરીયાદીના કપાળ પર તાંકેલ. આ સમયે બંદુકનું ટ્રીગર દબાવેલ પરંતુ બુલેટ છુટેલ નહીં જેથી ફરીયાદી બચી ગયેલ અને ત્યાંથી ભાગી ગયેલ. આ બાબતની ફરીયાદ નોંધાતા આરોપીની ધરપકડ થયેલ.

ચાર્જસીટ બાદની જામીન અરજીમાં રજુઆત કરવામાં આવેલ કે હાઈકોર્ટમાંથી આરોપીની જામીન અરજી પાછી ખેંચવામાં આવેલ ત્યારે પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ ફરીથી જામીન અરજી રજુ કરવાનો હુકમ થયેલ હતો. આ કેસમાં પોલીસ તપાસ પૂર્ણ થઈ ગયેલ અને તેથી ફરીયાદીને બનાવ સમયે કોઈ ઈજા થયેલ નથી ત્યારે આરોપીને જામીન મુકત કરવા જોઈએ.

સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતું કે ફરીયાદીના કપાળ ઉપર બંદુક તાંકી ટ્રીગર દબાવવામાં આવેલ હતું. પરંતુ બંદુકમાં ખામી હોવાથી ટ્રીગર દબાવવા છતા ગોળી છુટેલ નહીં કે ફકત ફરીયાદીના આયુષ્યની વાત હતી. લાકડી ધોકા જેવા હથીયાર વડે જો ઈજાઓ પહોંચાડવામાં આવે તો ભોગ બનનારનો જીવ બચી પણ શકે, પરંતુ જયારે બંદુકમાંથી કપાળ ઉપર ગોળી છોડવામાં આવે ત્યારે ઈજા પામનારનું મૃત્યુ નિશ્ચિત હોય છે. આ રીતે આરોપી અલ્તાફનો ઈરાદો અતિશય મામુલી બાબતમાં ફરીયાદીની હત્યા કરવાનો જ હતો. અગાઉના ૩૩ ગુના હતા જેમાં છેલ્લો ગુનો હત્યાનો હતો તે ગુનો પણ ઈંડાની રેકડીએ પૈસા દેવા બાબતનો હતો. આ હકીકત સાબીદ કરે છે કે હાલનો આરોપી અલ્તાફ તદન નજીવી બાબતમાં કોઈપણ વ્યકિતની હત્યા સરળતાથી કરવાની માનસીકતા ધરાવે છે. રજુઆતને ધ્યાનમાં લઈ અધિક સેશન્સ જજ જે.આઈ. પટેલે આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળીની ચાર્જસીટ બાદની જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ હતા.

કોઈ વળતર વિનાની મંજુરી !!

# રેશનીંગનાં વેપારીઓને ઈ-શ્રમકાર્ડ સાથે રેશનકાર્ડ જોડવાની કામગીરી પધરાવી દેવાઈ!

## અસંખ્ય વેપારીઓમાં પ્રવર્તતી ભારે કચવાટની લાગણી



રાજકોટ,તા.૧૩

કોઈને કોઈ રીતે વારંવાર ચર્ચામાં આવતા રેશનીંગનાં વેપારીઓને ફરી એક વાર મફતમાં મજૂરીની કામગીરી કરવાનો વખત આવતા ભારે કચવાટની લાગણી છવાઈ છે.

આ અંગેની વેપારી વર્તુળો માંથી, પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ તાજેતરમાંજ અસંગઠીત મજૂરોનાં સામૂહિક રીતે તંત્ર દ્વારા ઈ-શ્રમ કાર્ડ નિકળી ગયા.પરંતુ રેશનકાર્ડ ભુલાઈ ગયા હવે ફરીથી બન્નેને જોડવાની કવાયત શરૂ કરાવાઈ છે.શ્રમ મંત્રાલય દ્વારા અસંગઠિત મજૂરોને ઈ શ્રમ કાર્ડ પધરાવી દેવામા આવ્યા હવે સુપ્રીમ કોર્ટના આદેશબાદ ઈ શ્રમ કાર્ડ ધારકો પાસે રેશનકાર્ડ છે કે નહીં એ નક્કી કરવા માટે કવાયત ચાલી રહી છે તંત્ર ઊંધે માથે થયુ છે અને એફપીએસ હોલ્ડર્સથી લઈને ઘણાબધા અનઅધિકૃત લોકો પાસે આ કામગીરી કરાવવામાં આવી રહી છે.

વેપારી વર્તુળો માંથી મળતી વધુ વિગતો મુજબ ઈ શ્રમને રેશનકાર્ડ સાથે જોડવાની કામગીરી રેશનીંગનાં વેપારીઓને કોઈ પણ પ્રકારનાં વળતર વિના પધરાવી દેવામાં આવી છે. જે શ્રમિકો પાસે ઈ-શ્રમ કાર્ડ હોય તેઓની ખાસ યાદીઓ શ્રમિકનાં મોબાઈલ નંબર અને તેનાં એડ્રેસ સાથેની બનાવવામાં આવી છે.અને આવી યાદીઓ રેશનીંગનાં વેપારીઓને આપી દેવામાં આવી છે. આ યાદીના આધારે કોઈ પણ રીતે શ્રમિકોનો સંપર્ક કરી તેની પાસે રેશનકાર્ડ છે કે નહી ? અને જો રેશન કાર્ડ હોય તો, તેનાં અને ઈ-શ્રમ કાર્ડનાં નંબરો મેચ કરી બંન્ને કાર્ડને જોડવાની કસરત વેપારીઓ પાસે કરાવવામાં આવી રહી છે. આથી અનેક વેપારીઓમાં ભારે કચવાટની લાગણી પ્રસરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# રીક્ષામાં બેસેલા મુસાફરોના મોબાઈલ તફડંચી કરતી ગેંગ ઝડપાઈ

## રીક્ષા ગેંગના બે શખ્સોને બી ડીવીઝન પોલીસે દબોચી બે ગુનાના ભેદ ઉકેલ્યા : પુછતાછ માટે રીમાન્ડ મેળવવા તજવીજ

રાજકોટ, તા. ૧૩

છેલ્લા બે દિવસથી બી ડીવીઝન પોલીસ વિસ્તારમાંથી રીક્ષામાં બેસેલા મુસાફરોના મોબાઈલ તફડંચી થયાના બનાવો સામે આવતા હરકતમાં આવેલી પોલીસે રીક્ષા ગેંગના બે શખ્સોને દબોચી લઇ પુછતાછ હાથ ધરી હતી.

બનાવ અંગે માલીયાસણ ગામે રહેતા ખોડાભાઇ વિજયભાઇ ભરવાડ (ઉ.વ.૩૯)એ નોંધાવેલ ફરિયાદ માં જણાવ્યું હતું કે તેઓ દૂધનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૫ના તેઓ માલીયાસણ ગામથી રાજકોટ આવેલ ત્યારે ગ્રીનલેન્ડ ચોકડીએ રીક્ષાની રાહ જોઇ ઉભેલ હતા ત્યારે આવેલ રીક્ષાના ચાલકને પેડક રોડ તરફ જવાનું પુછતા તેઓએ હા પાડી હતી. તેમજ રીક્ષામાં અગાઉ એક પુરૂષ બેસેલ હતો. ત્યારબાદ તેઓ પણ રીક્ષામાં બેસી ગયેલ અને તેમાં બેસેલો અજાણ્યો શખ્સ બેસવા બાબતે ધકકામુકકી કરેલ અને સેટેલાઇટ ચોક પાસે રીક્ષા પહોંચતા રીક્ષા ચાલકે કહેલ કે તમે અહીં ઉતરી જાવ હવે મારે બાલક હનુમાન તરફ જવું નથી જેથી તેઓ ત્યાં ઉતરી ગયેલ.ત્યારબાદ તેના ખિસ્સામાં તપાસ કરતા મોબાઇલ ફોન જોવા મળેલ નહીં. જેથી રીક્ષાના ચાલકે અને તેની સાથે રહેલ શખ્સે મોબાઇલની તફડંચી કરી નાસી છુટયા હતા. બનાવ અંગે બી ડીવીઝન મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે બી ડીવીઝન પોલીસ મથકના પીઆઇ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઇ કે.ડી.મારૂ સહિતનો સ્ટાફ તપાસમાં હતો ત્યારે ચોકકસ બાતમીના આધારે રીક્ષા ગેંગના બે શખ્સોને દબોચી પુછતાછ હાથ ધરી હતી.

# દેશના ૩૬ રાજયોમાં ૮૧ લાખથી વધુ વૃદ્ધ મતદારો



૩૩,૮૪,૨૩૭ પુરુષો
૪૭,૨૭,૪૧૭ મહિલાઓ
૮૬ થર્ડ જેન્ડર
૧૦૦ વર્ષ વટાવી ચૂકેલા ૨,૩૮,૭૯૧ મતદારો પણ છે.

નવી દિલ્હી,તા.૧૩

ઉત્તર પ્રદેશ વસ્તી અને લોકસભા બેઠકોની દ્રષ્ટિએ દેશમાં ટોચ પર હોવા છતાં, મહારાષ્ટ્ર, જે વસ્તીની દ્રષ્ટિએ યુપીથી ઘણું પાછળ છે, ત્યાં ૮૫ વર્ષથી વધુ વયના વૃદ્ધ મતદારોની સંખ્યા સૌથી વધુ છે. દેશમાં બુઢ્ઢા મતદારોમાં યુપી બીજા સ્થાને અને બીહાર ત્રીજા સ્થાને છે. ભારતના ચૂંટણી પંચ પાસેથી મળેલી માહિતી મુજબ દેશના તમામ ૩૬ રાજ્યોમાં ૮૧ લાખ ૧૧ હજાર ૭૪૦ વૃદ્ધ મતદારો છે. દેશના ટોપ-૧૦ રાજ્યોમાં સૌથી બુઢ્ઢા મતદારોમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે. આ પછી ઉત્તર પ્રદેશ, બિહાર, તમિલનાડુ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ગુજરાત, ઓરિસ્સા, મધ્યપ્રદેશ અને આંધ્ર પ્રદેશ છે જ્યાં દેશના કુલ ૮૧ લાખ સુપર વૃદ્ધ મતદારોમાંથી ૫૮ લાખ ૯૭ હજાર ૩૩૮ મતદારો છે.

મહારાષ્ટ્ર, યુપી અને બિહાર, જે વૃદ્ધ મતદારોમાં ટોચના ત્રણમાં સ્થાન ધરાવે છે, ત્યાં પુરૂષો કરતાં મહિલા વૃદ્ધ મતદારો વધુ છે. લોકસભા બેઠકો અને વસ્તીના સંદર્ભમાં આ ટોપ-૧૦ રાજ્યોમાં આંધ્રપ્રદેશ સૌથી યુવા રાજ્ય છે. આ પછી આવે છે મધ્યપ્રદેશ અને ઓરિસ્સા. જો કે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જો આપણે આ વિશે વાત કરીએ તો ભારતમાં લક્ષદ્વીપ એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં માત્ર ૧૦૯ મતદારો જ આવા છે. જેમની ઉંમર ૮૫ થી વધુ છે. જેમાં ૫૦ પુરૂષ અને ૫૯ મહિલા મતદારો છે. જ્યારે દાદરા-નગર હવેલી અને દમણ અને દીવમાં ૬૯૮ વૃદ્ધ મતદારો છે અને આંદામાન અને નિકોબારમાં બીજા નંબરે સૌથી ઓછા મતદારો છે.

### બુઝર્ગોના મતદાન માટે અધિકારીઓ ૧૦૭ કી.મી.જશે

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં, ચૂંટણી અધિકારીઓએ બે વૃદ્ધ લોકો તેમના ઘરેથી તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખરાબ રસ્તાઓ અને જંગલોમાંથી ૧૦૭ કિમીની મુસાફરી કરી. અધિકારીઓએ શુક્રવારે આ જાણકારી આપી. ગઢચિરોલી-ચિમુર મતવિસ્તારમાં બે વૃદ્ધ મતદારોમાંથી એક ૧૦૦ વર્ષીય કિશ્તૈયા મદારબોઇના અને બીજા ૮૬ વર્ષના કિશ્તૈયા કોમેરા છે. લોકસભા ચૂંટણી માટે અહીં પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે મતદાન થશે. ગઢચિરોલીમાં જિલ્લા માહિતી કચેરીના જણાવ્યા અનુસાર, ચૂંટણી પંચે ૮૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને અને ૪૦% થી વધુ વિકલાંગતા ધરાવતા લોકોને આગામી લોકસભા ચૂંટણીમાં ઘરેથી મતદાન કરવાનો વિકલ્પ આપ્યો છે.

### ૧૦૭ કિમી. સુધીની મુસાફરી કરીને અધિકારીઓ વૃદ્ધો સુધી પહોંચ્યા હતા

એવું કહેવાય છે કે મતદાન દરમિયાન દેશના મતદારો કે જેઓની ઉંમર ૮૫ વર્ષ અને તેથી વધુ છે અને વિકલાંગ મતદારોને તેમના ઘરેથી મતદાન કરવાની સુવિધા આપવામાં આવી રહી છે. પરંતુ શરત એ છે કે જે મતદારો ઘરેથી મતદાન કરવા સંબંધિત ફોર્મ ભરશે તેઓ મતદાનના દિવસે મતદાન મથકે જઈ શકશે નહીં. આ મતદારો માટે તેમના વિસ્તારમાં ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવી રહ્યું છે. પાંચ દિવસની અંદર તમારે ફોર્મ ૧૨ઉ ભરીને તમારા રિટર્નિંગ ઓફિસરને સબમિટ કરવાનું રહેશે. પારદર્શિતા જાળવવા માટે આવા તમામ મતદારોની માહિતી સંબંધિત રાજકીય પક્ષ અને ઉમેદવારોને પણ આપવામાં આવે છે.


ધોળકીયા સ્કુલની કુ.હેતલ વૈષ્ણવને મળ્યું લઘુગ્રહનું નામ 'વૈષ્ણવી ગ્રહ'

# ૩૩ દેશ-૪૨૨ વિજ્ઞાન મોડેલ : ધોળકીયા સ્કુલની બે છાત્રા ધ્વનિ અને સાક્ષીએ ભારતનું નામ રોશન કર્યુ : 'સેઈફ હેંગીંગ કેબલ બ્રિજ'ના પ્રોજેકટને ગોલ્ડ મેડલ

## અન્ય લઘુગ્રહોને પણ બાળ વૈજ્ઞાનિકોના નામ આપવા કૃષ્ણકાંતભાઇ અને જીતુભાઇ ધોળકીયાનો સંકલ્પ : ૨૪મી વખત વિજ્ઞાન જગતમાં શાળાનો જય જયકાર..




ધોળકીયા સ્કુલ્સની ધો.૯ની બે છાત્રા ધ્વનિ અને સાક્ષીએ વિજ્ઞાન મેળામાં ઝુલતા પુલ સેફટીનો અનોખો પ્રોજેકટ રજૂ કર્યો હતો. જે સિધ્ધિ વર્ણવતો શાળા સંચાલક પરિવાર અને ભવિષ્યના વૈજ્ઞાનિકોની ગ્રુપ તસ્વીર જોવા મળે છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)



રાજકોટ, તા. ૧૩

વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતનું નામ ગુંજતું કરનાર રાજકોટની ધોળકીયા સ્કુલ્સના વિદ્યાર્થીઓએ ૨૪મી વખત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળામાં ભાગ લઇ સમગ્ર શિક્ષણ જગતનું નામ શહેરથી માંડી રાજય કક્ષાએ રોશન કર્યુ છે. શાળા પરિવારના માર્ગદર્શન હેઠળ બાળ વૈજ્ઞાનિકો સતત ઝળકી ગ્રહની ઉંચાઇ સુધી પહોંચી રહ્યા છે ત્યારે ચાલુ વર્ષે ધોળકીયા સ્કુલ્સના ધો.૯ના બે છાત્રાએ ઝુલતા પુલની સેફટી માટેનો રજૂ કરેલો મોનીટરીંગ સિસ્ટમ પ્રોજેકટ આફ્રિકાના 'ઇન્સેફ નેશનલ ફેર-૨૦૨૪'માં વિજેતા બનતા દેશનો તિરંગો ટયુનીશીયામાં છવાઇ ગયો હતો. આ છાત્રાઓએ મેળવેલી સિધ્ધિ અંગેના અનુભવો આજે વર્ણવ્યા હતા અને શાળા પરિવારે ગૌરવની ક્ષણ ગણાવી હતી.

સતત ૨૪મી વખત આંતરરાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મેળવનાર ધોળકીયા સ્કુલના સર્વોચ્ચ સંશોધન બદલ સંચાલકો કૃષ્ણકાંતભાઇ ધોળકીયા, જીતુભાઇ ધોળકીયા, મિતુલભાઇ ધોળકીયા, ધવલભાઇ ધોળકીયા, વિરલભાઇ ધોળકીયા, સહિતના ૨૦૦થી વધુ શાળા પરિવારના સભ્યો, બંને દિકરીના પરિવારજનો, પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર રમેશભાઇ ભાયાણી, મીનેશભાઇ મેઘાણી, સાયન્સ સીટીના હેડ સુમીતભાઇ વ્યાસ સહિતના સ્કુલ સભ્યોએ બંને ગોલ્ડન ગર્લનું રેલ્વે સ્ટેશન પર ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. આજે પત્રકાર પરિષદમાં વિદ્યાર્થીનીઓ અને શાળા પરિવારોએ આ સિધ્ધિઓની યાદ તાજા કરી હતી.

ત્રણ વખત આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા સન્માન પ્રાપ્ત કરનાર કુ.હેતલ વૈષ્ણવને લઘુગ્રહનું નામ 'વૈષ્ણવી ગ્રહ' મળ્યું છે. સ્કુલ દ્વારા અન્ય લઘુગ્રહોને પણ બાળ વૈજ્ઞાનિકોના નામ મળે તેવો સંકલ્પ લેવામાં આવ્યો છે. ૨૪ વર્ષમાં ૨૬-૨૬ આંતરરાષ્ટ્રીય વિજેતા બાળવૈજ્ઞાનિકો પ્રદાન કરતી સ્કુલ ભારતમાં ટોચ પર પહોંચી છે. આ વર્ષે વિજ્ઞાન મેળામાં ગુજરાતી માધ્યમમાં ધો.૯માં અભ્યાસ કરતા શ્રીમતી રેખાબેન અને શૈલેષભાઇ સોજીત્રાની સુપુત્રી કુ.ધ્વનિ અને શ્રીમતી નીતાબેન અને વિપુલભાઇ ખુંટની સુપુત્રી કુ.સાક્ષીએ ઝુલતા પુલની સેફટી માટેનો સેફટી મોનીટરીંગ પ્રોજેકટ રજૂ કર્યો હતો. આ દુર્ઘટના બાદ બંને છાત્રાએ મોડેલ તૈયાર કર્યુ હતું અને વેઇટ બેલેન્સ તેમજ ડિજીટલ કાઉન્ટર સર્કિટ ગોઠવી હતી. વજન વધે એટલે બેરીગેટ બંધ થઇ જાય અને સાયરન વાગે તેવી ટેકનીક ગોઠવવામાં આવી હતી. આ પ્રોજેકટ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મેળા માટે પસંદ થતા બંને વિદ્યાર્થીનીઓએ પ્રોટોટાઇપ મોડલ તૈયાર કરવા ખુબ મહેનત લીધી હતી. ઇજનેરી કોલેજોના પ્રોફેસરોએ માર્ગદર્શન આપ્યું હતું. નિષ્ણાંતોની હાજરીમાં ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા.

આ બંને દિકરીઓએ ૧૯ માર્ચના રોજ રાજકોટથી વિજયકૂચ શરૂ કરી હતી અને આફ્રિકા રવાના થયા હતા. ટયુનીશીયા ખાતે ૩૩થી વધુ દેશના ૪૨૨ પ્રોજેકટ લઇને ૧૦૦૦ વિદ્યાર્થી પહોંચ્યા હતા. બાળકોના ઇન્ટરવ્યુ પણ લીધા હતા. વિજ્ઞાન મેળાના જજીંગ સેશન દરમ્યાન પ્રશ્નોતરી થઇ હતી અને ધ્વનિ તથા સાક્ષીએ 'હેંગીંગ બ્રીજ' કેબલ બ્રીજની સેફટીની વિગતો રજૂ કરતા આ મોડલ છવાઇ ગયું હતું. સાયન્સ ફેરમાં ભારતીય સંસ્કૃતિ પણ રજૂ કરી હતી અને બંને છાત્રાએ તમામ બાળ વૈજ્ઞાનિકોને રામ મંદિરની પ્રતિકૃતિ ભેંટ આપી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો વિજ્ઞાન અને ધર્મનો સંદેશ પણ પહોંચાડયો હતો.

બંને વિદ્યાર્થીનીઓ રાજકોટ પરત ફરતા રેલ્વે સ્ટેશન પર વિજય સભા જેવા વાતાવરણમાં તેઓનું સ્વાગત કરાયું હતું. આજ સુધીમાં શાળાના ૬૫ બાળ વૈજ્ઞાનિકોને ૬.૫૦ લાખની સંશોધન સ્કોલરશીપ મળી છે. સતત ૨૪મી વખત પ્રથમ ક્રમાંક અને ગોલ્ડ મેડલ સાથે ધોળકીયા સ્કુલ્સ ફરી એક વખત વિશ્વ વિજેતા બની છે.

# જૂના રોગોની સારવાર માટે ત્રણ વર્ષથી વધુ રાહ જોવી નહીં પડે:મેડીકલેઈમમાં નવા નિયમો લાગુ



દિલ્હી, તા ૧૩

સ્વાસ્થ્ય વીમામાં મોટો ફેરફાર કરવામાં આવ્યા છે. આ હેઠળ, પોલિસીધારકોને લાંબા સમયથી ચાલતા રોગોની સારવાર માટે ૩૬ મહિનાથી વધુ રાહ જોવી પડશે નહીં. અગાઉ આ રોગોની સારવાર માટે રાહ જોવાનો સમયગાળો ૪૮ મહિનાનો હતો. આ નિયમ ૧ એપ્રિલ, ૨૦૨૪ થી લાગુ કરાયો છે.

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (IRDAI) એ તાજેતરના નોટિફિકેશનમાં જણાવ્યું છે કે કોઈપણ પૂર્વ-અસ્તિત્વમાં રહેલા રોગ (PED)ની તપાસ આરોગ્ય વીમા કંપની દ્વારા જારી કરવામાં આવેલી પોલિસીની શરૂઆતની તારીખના ૩૬ મહિના પહેલાં અથવા તે મુજબ ડોક્ટર દ્વારા કરવામાં આવે છે. તબીબી સલાહ અથવા જો સારવારની ભલામણ કરવામાં આવે, તો આવા કિસ્સાઓમાં રાહ જોવાનો સમયગાળો ૩૬ મહિનાથી વધુ નહીં હોય.

IRDAI મુજબ, આરોગ્ય વીમા પોલિસીની શરૂઆતથી ૩૬ મહિના સુધીના સમયગાળા દરમિયાન ઉલ્લેખિત રોગો અથવા સારવાર (અકસ્માતને કારણે થતા રોગો સિવાય) આવરી લેવામાં આવતા નથી. આ રોગો/સારવારો સમયગાળો પૂરો થવા પર આવરી લેવામાં આવે છે.

વીમા કંપનીએ હઠીલા રોગોની માહિતી આપવી પડશે ISDA એ સ્પષ્ટ કહ્યું છે કે પોલિસી ખરીદતી વખતે ખરીદદારોએ વીમા કંપનીને ક્રોનિક રોગો વિશે સંપૂર્ણ માહિતી આપવાની રહેશે. આ આધારે, વીમા કંપનીઓ સ્વાસ્થ્ય વીમા ઉત્પાદનોમાં પૂર્વ-અસ્તિત્વમાં રહેલા રોગો માટે રાહ જોવાનો સમયગાળો અને ચોક્કસ રાહ જોવાનો સમયગાળો ઘટાડવાનો પ્રયાસ કરી શકે છે. જોકે, આ નિયમ વિદેશ પ્રવાસ નીતિઓ પર લાગુ થશે નહીં.

વીમા કંપનીઓએ સમજવામાં સરળ પ્રોડક્ટ્સ ઓફર કરવાની જરૂર છે જે પોલિસીધારક સમજી શકે. તેમના શબ્દો, કવરેજ અને શરતોમાં પારદર્શિતા અને સ્પષ્ટતા હોવી જોઈએ. પોલિસીધારકોના હિતોનું રક્ષણ કરવું જોઈએ. ઉત્પાદનો સાથે સંકળાયેલા તમામ જોખમોને કિંમતમાં યોગ્ય રીતે ધ્યાનમાં લેવા જોઈએ.

# હોસ્પિટલના પાણીના ટાંકા સુપર બગનું ઘર: બાળકોમાં સંક્રમણનું જોખમ: અભ્યાસમાં ખુલાસો

## સુપર બગ એટલે એવા બેકટેરિયાનો સમૂહ સામે દવા પણ કારગત નથી નીવડતી



ટોકયો (જાપાન) તા.૧૩

હોસ્પિટલોમાં હાથ સાફ કરવા માટે લગાવવામાં આવેલ સિંક (ટાંકા) સામે આંખ આડા કાન ન કરી શકાય. હાલના જ એક અધ્યયનમાં દાવો કરવામાં આવ્યો છે કે હોસ્પિટલમાં લાગેલ સિંક ડ્રગ વિરોધી સુપર બગના સ્ત્રોત બની શકે છે.

આ સંશોધન ૨૦૧૭માં ટોકયો સ્થિત તોહો યુનિવર્સિટી ઓમોરી મેડીકલ સેન્ટરના બાળ ચિકીત્સા વિભાગમાં ફેલાયેલ સુપર બગના પ્રકોપ પર આધારિત છે. ૨૦૧૬માં હૃદયની બીમારીની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ એક વર્ષના બાળકમાં સુપર બગનો પહેલો કેસ આવ્યો હતો. ત્યારબાદ ૨૦૧૭ના માર્ચમાં બીજો કેસ ૧૫ વર્ષના બાળકમાં જોવા મળ્યો હતો. જે સુપર બગના સંક્રમણનો શિકાર થઈ ગયો હતો. ત્યારબાદ તો સુપર બગના આ સંક્રમણની ઝપટમાં કુલ ૧૯ બાળકો આવી ગયા હતા.

પરીસ્થિતિને જોઈને હોસ્પિટલોમાં તરત પરીક્ષણ શરૂ થયુ. આ દરમિયાન સિંકમાં મળેલ બેકટેરિયાનું જીનોમ સિકવેન્સીંગ કરવામાં આવ્યું અને ત્યારે સુપર બગનો ખુલાસો થયો.

**રોકવાના ઉપાયો:** વિશેષજ્ઞોએ બચાવ માટે સિંકનો ઉપયોગ કર્યા બાદ હાથ માટે સેનીટાઈઝરનો ઉપયોગ સિંકની સફાઈ માટે ડિસ્પોઝેબલ સાધનોનો ઉપયોગ કરવાનું કહ્યું છે અને સિંકના પાણીથી મોં સાફ કરવાની મનાઈ કરી છે.

**એન્ટીબાયોટીક વિરોધી હોય છે સુપર બગ:** સુપર બગ અંતર્ગત એવા બેકટેરીયાનો સમૂહ આવે છે, જે દર્દીઓના શરીરમાં અનેક પ્રકારના એન્ટીબાયોટીક દવાઓ માટે પ્રતિરોધી હોય છે. બીજા શબ્દોમાં બીમારી સામે લડવામાં પ્રતિરોધક ક્ષમતાને કારગત નથી થવા દેતા. યુએસ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્સન (સીડીસી) અનુસાર દર વર્ષે આ દવા પ્રતિરોધી બેકટેરિયા લાખો લોકોને સંક્રમીત કરે છે અને ઓછામાં ઓછા ૨૩૦૦૦ લોકોનો જીવ લે છે.

# ઘરનું સરનામું ગૂગલ મેપ પર નથી? તો આજે જ અપડેટ કરો



ગૂગલ મેપ આજે એક આવશ્યક નેવિગેશન એપ છે. રાત્રિના સમયે કે નિર્જન જગ્યાએ, સરનામું જણાતા ન હોય, તે સમયે ગૂગલ મેપ તમારો સાથી બને છે. તે દરેક સ્થાન વિશે સચોટ માહિતી આપે છે. તે તમને એપ પર તમારા ઘરનું સરનામું ઉમેરવાની સુવિધા પણ આપે છે. તે પહેલાથી ઉમેરાયેલા સરનામાંને એડીટ કરવાની સુવિધા પણ પ્રદાન કરે છે. ગૂગલ મેપ પર ઘરનું સરનામું ઉમેરવાથી યુઝર્સને ઘણી સગવડ મળે છે. આમ, જો તમે હજી સુધી Google Map પર સરનામું ઉમેર્યું નથી, તો તમારે આજે જ કરવું જોઈએ. ઉપરાંત, જો સરનામું બદલાયું છે, તો તે પણ અપડેટ કરવું જોઈએ.

## ઘરનું સરનામું કેવી રીતે બદલવું

- સૌપ્રથમ Google Maps એપ ખોલો, જે તમારા Google એકાઉન્ટથી લોગીન થશે.
- આ પછી પ્રોફાઇલ પિક્ચર પર ટેપ કરો, જે મોબાઇલના ઉપરના જમણા ખૂણે હશે.
- આ પછી સેટિંગ્સ વિકલ્પ પર જાઓ અને પછી એડિટ હોમ અને વર્ક વિકલ્પ પર ટેપ કરો.
- આ પછી થ્રી ડોટ મેનુ પર ટેપ કરો.
- આ પછી Edit Home વિકલ્પ પસંદ કરો.
- સર્ચ બારમાં તમારૂં નવું સરનામું દાખલ કરો અને તમે Google દ્વારા સૂચવેલા સરનામાની મદદ લઈ શકો છો.
- સ્ક્રીન પર આપેલી માહિતી તપાસો અને 'સબમિટ' વિકલ્પ પર ટેપ કરો.

## અપડેટ્સને કેવી રીતે સંબોધિત કરવું

- સૌ પ્રથમ Google Map ખોલો.
- આ પછી, સરનામું શોધવા માટે ટોચની સ્ક્રીનના ડાબા ખૂણામાં સર્ચ બાર વિકલ્પનો ઉપયોગ કરો.
- આ પછી સાઇડબારમાં એડ એ મીસીન પ્લેસ વિકલ્પ આવશે.
- આ પછી લોકેશન નેમ જેવા કે હોમ, એડ્રેસ, લોકેશન કેટેગરીને એડ કરવું પડશે.
- આ પછી સબમીટ ઓપશન પર ટેપ કરવાનું રહેશે.

### બપોરે ૧૨ વાગ્યે ૪ મીનીટ સુધી સૂર્યદેવ ખુદ અભિષેક કરશે

# રામનવમીએ રામલલ્લાના ભાલ પર થશે સૂર્યાભિષેક: અદ્ભૂત પળનું સમગ્ર દેશ દર્શન કરશે

## પ્રયોગ સફળ: મંદિરના શિખરથી ગર્ભગૃહ સુધી સૂર્યકિરણોને લવાયા: ભગવાન રામની મૂર્તિઓ એક નવા સ્વરૂપમાં દેખાશે



અયોધ્યા:

ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરના નિર્માણ પછી પ્રથમ વખત આવી રહેલી રામનવમીએ પણ ઈતિહાસમાં સ્થાન મેળવે તેવી ઉજવણી હશે. રામનવમીના દિને બપોરે ૧૨ વાગ્યે જયારે પ્રભુનો જન્મ ઉજવાઈ રહ્યો હશે તે સમયે રામલલ્લાની મૂર્તિના ભાલ પર સૂર્યદેવ તિલક કરશે અને આ રીતે પ્રથમ વખત આ અભિષેકનું જીવંત પ્રસારણ પણ દુરદર્શન પરથી થશે જે દેશના કરોડો લોકો નિહાળી શકશે. એટલુ જ નહી રામનવમીના દિને ભગવાન શ્રી રામની મૂર્તિ પણ ઝળહળી ઉઠશે તે ૧૦૦ એલઈડી પર મંદિરમાં ઉમટેલા ભકતો પ્રભુ રામના દર્શન કરી શકશે. રામનવમીના દિને બપોરે ૧૨ વાગ્યે ચાર મીનીટ સુધી આ સૂર્યતિલક ચાલશે. આ માટેની ટ્રાયલ પુરી થઈ છે અને તે સફળ પણ રહી છે અને પુરા દોઢ મીનીટનો વિડીયો હાલ વાઈરલ થઈ રહ્યો છે.

આ સૂર્યતિલક માટે અત્યંત ટીચર્સ બાદ સેન્ટ્રલ બિલ્ડીંગ રીસર્ચ ઈન્સ્ટીટયુટ રૂરકીની વૈજ્ઞાનિકો અને બાંધકામ નિષ્ણાંતોની ટીમે તે શકય બનાવ્યું છે અને હવે દર વર્ષે રામનવમીના દિને બપોરે ૧૨ વાગ્યે આ સૂર્યતિલક થશે. આ મીકેનીઝમ માટે બેંગ્લોરની ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ એસ્ટ્રોફિઝીકલની પણ મદદ લેવાઈ હતી અને ખાસ કરીને રામનવમીના દિને સૂર્યપથનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને સૂર્યના કિરણોને ખાસ દિશા આપવા લેન્સ તથા બ્રાસ ટયુબ બેંગ્લોરની એક કંપનીએ નિર્માણ કર્યો છે.

આ સમગ્ર પ્રોજેકટ જેને 'સૂર્યતિલક' નામ અપાયુ હતું તેમાં દર્પણ, સેન્સ-બ્રાસની પાઈપ ટયુબની વ્યવસ્થા એવી રીતે તૈયાર કરવામાં આવી હતી કે મંદિરના શિખર જે ત્રણ માળની ઈમારત જેવું ઉંચુ છે ત્યાં સૂર્યના કિરણો ઝીલીને તેને મંદિરના ગર્ભગૃહ સુધી પહોંચાડવાના હતા અને તેમાં સૂર્યના કિરણોના માર્ગ બદલવાનો ખાસ સિદ્ધાંત તૈયાર કરાયો હતો. ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ એસ્ટ્રોફિઝીકલ (આઈઆઈએ) એ ચંદ્ર અને સૂર્યના ગ્રેગેરીયન કેલેન્ડરનો સહારો લીધો હતો અને તેના પરથી એક સરળ સિદ્ધાંત તૈયાર કરીને યોગ્ય સ્થળે દર્પણ તથા લેન્સ ફિકસ કરાયા હતા.

રામલલાને સૂર્યાભિષેક માટે બે મોટા દર્પણ (અરીસો) તથા બે મોટા લેન્સને એક ખાસ એંગલ (ખુણા) પર અલગ અલગ સ્થાને ગોઠવાયા હતા અને તેના આધારે સૂર્ય કિરણોને પરાવર્તીત કરાયા હતા. બપોરે ૧૨ વાગ્યે સૂર્યના કિરણો તેથી શ્રેષ્ઠ સ્થિતિમાં હોય છે અને ભગવાન રામનો જન્મ પણ બપોરે ૧૨ વાગ્યે થયો હતો અને તેની સૂચના કિરણોને પરાવર્તીત કરીને તેને ગર્ભગૃહ સુધી પહોંચાડીને ૬૦ ડીગ્રી એંગલથી તે સીધા રામલલ્લાના ભાલ પર પડે તે નિશ્ચિત કરાયું હતું.

### કઈ રીતે થશે સૂર્યતિલક!

- ★ મંદિરના શિખર પર ૨ મોટા દર્પણ અને બે લેન્સ યોગ્ય ખુણા પર મુકાયા.
- ★ સૂર્યની ગતિ અને કિરણોના માર્ગનો અભ્યાસ કરીને દર્પણ પર સીધા સૂર્યકિરણો પડે તે નિશ્ચિત કરાયું.
- ★ બે લેન્સ આ કિરણોને બ્રાસ ટયુબ મારફત ગર્ભગૃહમાં લઈ જશે.
- ★ ગર્ભગૃહમાં બ્રાસ લેન્સ આ કિરણોને ઝીલીને ભગવાન શ્રી રામની મૂર્તિના ભાલ સુધી પહોંચાડશે.

# ટેસ્લાની કાર ઉપરાંત સેટેલાઈટ ઈન્ટરનેટ પણ લાવશે એલન મસ્ક



નવી દિલ્હી, તા.૧૩

આગામી તા.૨૨ના રોજ ભારતની મુલાકાતે આવી રહેલા ટેસ્લાના વડા એલન મસ્ક દેશમાં ઈન્ટરનેટ ક્ષેત્રે પણ ક્રાંતિ જેવી વ્યવસ્થા સ્થાપવા માગશે તેમની કંપની સ્ટારલીંક સેટેલાઈટ મારફત ઈન્ટરનેટ સુવિધા આપશે જે સુપર ફાસ્ટ હશે અને ફાઇવ-જી કરતાં પણ તે વધુ ઝડપ ધરાવતી હશે. એલન મસ્ક ભારતમાં ટેસ્લાની ઇ-કાર બનાવવાનો પ્લાન્ટ સ્થાપવા આવી રહ્યા છે તે આગામી પાંચ વર્ષ સુધી વિદેશમાં ટેસ્લાની ફેક્ટરીમાં તૈયાર થયેલી ઇ-કાર ભારતમાં વહેંચશે તેની સાથે સાથે સ્ટારલીંક સેટેલાઈટ નેટવર્કને પણ તે ભારતમાં લાવશે. દેશમાં ૯૨ કરોડ બ્રાડબેન્ડ સબક્રાઇબર માટે હાલ મોબાઇલ કંપનીઓ ટાવર મારફત ઈન્ટરનેટ આપે છે તેના બદલે સેટેલાઈટ ઈન્ટરનેટ સુવિધા મળશે.

# એપલના મોબાઈલ ફોન તમે જ રીપેર કરી શકશો



સાનફ્રાન્સીસ્કો, તા.૧૩

વિશ્વની ટોચની મોબાઇલ કંપની એપલ દ્વારા હવે તેના ફોનમાં અનેક ક્ષતિઓ મોબાઇલ ધારક પોતે અથવા તો સર્વિસ સેન્ટરમાં ગયા વગર થર્ડ પાર્ટી પણ રીપેર કરી શકશે તે નિશ્ચિત કર્યું છે. કંપની દ્વારા એક ખાસ મેન્ટેન્સ પ્રક્રિયા તૈયાર કરવામાં આવી છે જેના મારફત ફોનની પ્રાઇવર્સી અને સલામતી બંને જળવાઇ રહે તે રીતે ખુદ મોબાઇલ ધારક પોતાનો ફોન રીપેર કરી શકશે ઉપરાંત તેના સ્પેર પાર્ટસ પણ ઝડપથી અને સરળતાથી બદલાઇ તે રીતે ઉપબ્ધ બનાવાશે. એપલે તેના બ્લોગમાં જણાવ્યું છે કે કંપનીએ ફોનના અસલી પાર્ટસ પણ સરળતાથી ઉપલબ્ધ બને તે જોયું છે. ઉપયોગકર્તા ડીસ્પ્લે અથવા કેમેરા જેવા ભાગ બદલી શકશે અને એક વખત તે ઇન્સ્ટોલ થયા બાદ કંપની તેનું વેરીફીકેશન પણ કરી શકશે. જેનાથી યોગ્ય પાર્ટસનો ઉપયોગ થયો છે તે પણ નિશ્ચિત થશે. ગ્રાહક પોતે કંપની પાસેથી ઓરીજનલ પાર્ટસ મેળવી શકશે.

# વોડાફોન-આઈડીયાનો ૧૮૦૦૦ કરોડનો FPO ૧૮મીએ ખુલશે




નવી દિલ્હી:

આર્થિક સંકટમાં મુકાયેલી ટેલિકોમ કંપની વોડાફોન આઈડીયાએ રૂા.૧૮૦૦૦ કરોડના ફોલો-ઓન પબ્લીક ઓફરની જાહેરાત કરી હતી. કંપની ટકી રહેવા માટે પબ્લીક પાસેથી ફંડ ઉભું કરશે. શેરદીઠ રૂા.૧૦-૧૧ની પ્રાઈસ બેન્ડથી એફપીઓ અંતર્ગત શેર ઈશ્યુ કરવામાં આવશે. શુક્રવારે તેના શેરનો ભાવ બીએસઈ પર રૂા.૧૨.૯૬ પર બંધ રહ્યો હતો.

વોડાફોન આઈડીયાએ જાહેરાત કરી હતી કે એફપીઓ ૧૮ એપ્રિલે ખુલશે અને ૨૨ એપ્રિલે બંધ થશે. કંપનીએ કહ્યું હતું કે ઓછામાં ઓછા ૧૨૯૮ ઈકિવટી શેર માટે અરજી કરવાની રહેશે. ત્યારબાદ તેના ગુણાંકમાં વધુ શેર માટે અરજી કરવાની રહેશે. આ સૌથી મોટો એફપીઓ હશે. અગાઉ યસ બેન્ક ૨૦૨૦માં રૂા.૧૫૦૦૦ કરોડનો એફપીઓ લાવી હતી.

વોડાફોન આઈડીયાના પ્રમોટર આદિત્ય બિરલા ગ્રુપે તાજેતરમાં જ કંપનીમાં પ્રેફરન્સીયલ શેર એલોટમેન્ટ દ્વારા રૂા.૨૦૭૫ કરોડ ઈનફ્યુઝ કરવાની જાહેરાત કરી હતી. કંપની રિલાયન્સ જિયો અને ભારતી એરટેલ જેવી જાયન્ટ કંપનીઓ સામે ટકી રહેવા સંઘર્ષ કરી રહી છે. આ ફંડીંગથી કંપની ૫-જી સર્વિસ લોન્સ કરી શકશે અને તેની સાથે ૪-જી સર્વિસ વધારે મજબૂત કરી શકશે અને બાકી ચૂકવવાપાત્ર દેવું ચુકવી શકશે. વોડાફોન આઈડીયાના સબસ્ક્રાઈબર્સ દર મહિને સતત ઘટી રહ્યા છે અને બીજી તરફ તેનું દેવું વધીને રૂા.૨.૧ લાખ કરોડ પર પહોંચ્યું છે. કંપની ત્રિમાસિક ધોરણે ખોટ દર્શાવી રહી છે. પ્રમોટર એન્ટીટીને તાજેતરમાં રૂા.૧૪.૮૭ના ભાવથી પ્રેફરન્શીયલ શેર ફાળવાયા તેના કરતાં ૨૬ ટકા ડિસ્કાઉન્ટથી કંપની એફપીઓ લાવી રહી છે. એ જ રીતે તેના શુક્રવારના બંધ ભાવ રૂા.૧૨.૯૬ કરતાં ૧૫ ટકા ડિસ્કાઉન્ટથી શેર ઓફર કરવામાં આવી રહ્યા છે.

### ચૂંટણીની 'વાસ્તવિક' પ્રક્રિયા પુર્વે જ નાણાંની રેલમછેલ, હવે કયાં પહોંચશે?

# ગુજરાતમાંથી ૬.૫૪ કરોડ રોકડ- ૨૭.૬૨ કરોડના સોના-ચાંદી જપ્ત

## ૧૧.૭૩ કરોડનો દારૂ સહિત કુલ ૮૬,૮૨ કરોડની માલમતા પકડાઈ

ગાંધીનગર: રાજયમાં લોકસભા અને વિધાનસભાની પેટા ચુંટણી માટે મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા કાર્યરત કરાયેલી ૭૫૬ ફલાઈંગ સ્કવોડ દ્વારા કુલ ૮૬.૮૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ચુંટણી દરમિયાન ગેરકાયદે નાણાંની હેરફેર ના થાય તે માયે ખાસ તપાસ કરવામાં આવતી હોય છે. ચૂંટણી પંચ દ્વારા અપાયેલી માહિતી મુજબ ચુંટણી ખર્ચ દખરેખ અને નિયંત્રણ માટે રાજયમાં ૨૭ જનરલ નિરીક્ષકો, ૨૮ ખર્ચ નિરીક્ષકો અને ૧૪ પોલીસ ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી છે. ૭૫૬ ફલાઈંગ સ્કવોર્ડસ દ્વારા વિવિધ સ્થળે તપાસમાં વિવિધ ચીજવસ્તુ જપ્ત કરવામાં આવી છે. જેમાં ૬.૫૪ કરોડ રોકડ, ૧૧.૭૩ કરોડની કિંમતનો ૩.૮૪ લાખ લીટર દારૂ, ૨૭.૬૨ કરોડની કિંમતનું ૪૫.૩૭ કિલો સોનુ અને ચાંદી, ૧.૭૩ કરોડની કિંમતના ૫૬૪.૪૯ કિલો પ્રતિબંધીત નશાકારક પદાર્થો પણ જપ્ત કરવામાં આવ્યા છે. તે સાથે મોટરકાર, મોટર સાઈકલ, સિગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની ૩૯.૨૦ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ ૮૬.૮૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ચુંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થવા સાથે રાજયભરમાં ૧૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ પણ કાર્યરત કરી દેવામાં આવી છે.

# સરકારી અને ખાનગી મિલકતો પરથી સવા બે લાખ પોસ્ટર-બેનર દુર કરાયા

આદર્શ આચારસંહિતાના ભાગરૂપે ચુંટણી પંચે કાર્યવાહી કરીને સરકારી અને ખાનગી મિલકતો પરથી કુલ ૨.૨૫ લાખ જેટલા પોસ્ટર-બેનર સરકારી અને ખાનગી મિલકતો પરથી દુર કર્યા છે. ૧૬ માર્ચથી ૧૦ એપ્રિલ સુધીમાં રાજયમાં કાર્યવાહી કરીને સરકારી મિલકતો પરથી કુલ ૧૬૪૯૮૪ તથા ખાનગી મિલકતો પરથી કુલ ૬૦૭૩૭ રાજકીય પ્રચારના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દુર કરવામાં આવી છે.

### લોકસભા, વિધાનસભા ચૂંટણી માટે ચુંટણી પ્રક્રિયાની શરૂઆત: પી.ભારતી

# ચૂંટણી પંચને ૧૦ હજારથી વધુ ફરિયાદો મળી, ચૂંટણી ફરજના ૪ લાખ કર્મી માટે પોસ્ટલ બેલેટ




ગાંધીનગર:

લોકસભાની ૨૬ બેઠકોની સામાન્ય ચુંટણી તેમજ વિધાનસભાની ૫ બેઠકની પેટા ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવા સાથે રાજકીય પક્ષો-ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ લેવાની અને ભરવાની શરૂઆત થઈ છે. સી-વિજીલ મોબાઈલ એપ, નેશનલ ગ્રીવન્સીસ સર્વિસ પોર્ટલ, કંટ્રોલ રૂમ, ટપાલ અને ઈ-મેઈલ મારફતે અત્યાર સુધીમાં લગભગ ૧૦ હજારથી વધુ ફરિયાદો ચુંટણી પંચને મળવા પામી છે. મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું કે ૨૬ લોકસભા બેઠક તથા વિજાપુર, પોરબંદર, માણાવદર, ખંભાત અને વાઘોડીયા મળીને ૫ વિધાનસભા મત વિસ્તારના ચુંટણી અધિકારીઓ દ્વારા ચુંટણી નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. ૧૯ એપ્રિલ સુધી જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૧૧થી બપોરના ૩ વાગ્યા સુધી ઉમેદવારીપત્રો મળી શકશે અને ભરેલા ઉમેદવારીપત્રો રજુ કરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૦ એપ્રિલે સવારે ૧૧ કલાકે કરવામાં આવશે. માન્ય થયેલા ઉમેદવાર ઈચ્છે તો ૨૨ એપ્રિલે બપોરે ૩ વાગ્યા સુધીમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે.

# અમેરિકાએ વોન્ટેડ ગુજરાતી ભદ્રેશકુમાર પટેલ પર રાખ્યું ૨ કરોડનું ઈનામ

## પત્ની પલકની હત્યા કરી ફરાર થયો હતો



વોશિંગ્ટન , તા ૧૩


અમેરિકાની તપાસ એજન્સી એફબીઆઈએ એક ગુજરાતી પર બે કરોડથી વધુનું ઈનામ રાખ્યું છે. અમદાવાદના વિરમગામનો રહેવાસી આ ગુજરાતી અમેરિકાના દસ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓની યાદીમાં સામેલ ભદ્રેશકુમાર ચેતનભાઈ પટેલ છે.

એફબીઆઈએ પટેલની ધરપકડ માટે ૨૫૦,૦૦૦ ડોલર એટલે કે ૨ કરોડથી વધુનું ઈનામ રાખ્યું છે. ભદ્રેશકુમાર વર્ષ ૨૦૧૭થી અમેરિકાની આ ભાગેડુ યાદીમાં સામેલ છે.

ગુજરાતનો રહેવાસી ભદ્રેશકુમાર ચેતનભાઈ પટેલ અમેરિકાનો ખૂંખાર ગુનેગાર ગણાય છે. તે અમેરિકાના મોસ્ટ વોન્ટેડની યાદીમાં પણ સામેલ છે. ૧૨ એપ્રિલ, ૨૦૧૫ ના રોજ મેરીલેન્ડના હેનોવરમાં મીઠાઈની દુકાનમાં કામ કરતી વખતે પટેલ તેની પત્નીની છરીના ઘા મારીને હત્યા કર્યા બાદ ભાગેડુ જાહેર કરાયો છે. હવે એફબીઆઈએ પટેલને પકડવા માટે ઈનામની પણ જાહેરાત કરી છે. એક સ્થાનિક અધિકારીએ જણાવ્યું કે ભારતમાંથી અમેરિકા સ્થાયી થયેલા ભદ્રેશકુમારે દુકાનમાં જ પત્ની પલકની હત્યા કરી હતી. ભદ્રેશે તેની પત્ની પર પાછળથી છરી વડે અનેક વાર કર્યા હતા. તે સમયે ભદ્રેશ ૨૪ વર્ષનો હતો અને તેની પત્ની ૨૧ વર્ષની હતી. પત્ની પલક પટેલના વિઝાની મુદત પૂરી થતાં તે ભારત પરત ફરવા માગતી હતી, પરંતુ પતિએ તેનો વિરોધ કર્યો હતો અને વિવાદ વધતાં તેણે તેની હત્યા કરી નાખી હતી.

# પાકમાં ઐતિહાસિક મંદિરનુ ડિમોલીશન: હિન્દુઓમાં નારાજગી

## મંદિર તોડી પાડીને કોમર્સીયલ કોમ્પ્લેકસનુ બાંધકામ શરૂ કરી દેવાયુ



કરાંચી તા.૧૩

પાકિસ્તાન, અફઘાનીસ્તાન બોર્ડર પર આવેલા ઐતિહાસિક હિન્દુ મંદિરનું ડિમોલીશન કરીને કોમર્સીયલ કોમ્પ્લેક્ષનું નિર્માણ શરૂ કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. ખાઈબર પખ્તુન્ખવા પ્રાંતમાં સ્થિત આ મંદિરના સંચાલકો ૧૯૪૭માં વિભાજન વખતે ભારત હિજરત કરી જતા મંદિરને તાળુ મારી દેવામાં આવ્યુ હતું.

ખાઈબર મંદિરના નામે ઓળખાતા આ ઐતિહાસિક ધર્મસ્થાનકની ઈંટો વારાફરતી કાઢી નાખવામાં આવતી હતી અને હવે સંપૂર્ણ ધરાશાયી કરી દેવામાં આવ્યુ છે. છેલ્લા ૧૦-૧૫ દિવસથી નવા કોમ્પ્લેક્ષનું બાંધકામ પણ શરૂ કરી દેવામાં આવ્યું હતું. પાકના સતાવાર સૂત્રોએ કહ્યું કે આ સ્થળે મંદિર હોવાનો કોઈ રેકર્ડ નથી અને નવુ બાંધકામ કાયદા મુજબ જ થઈ રહ્યું છે.

સ્થાનિક લોકોનો એવો દાવો છે કે બોર્ડર સ્થળે ઐતિહાસિક હિન્દુ મંદિર હતું. મંદિરનું સંચાલન કરતો પરિવાર ૧૯૪૭ના ભાગલા વખતે ભારત હિજરત કરી ગયો હતો ત્યારથી મંદિર બંધ હતું. ભારતમાં ૧૯૯૨માં બાબરી ધ્વંશ વખતે કટ્ટરવાદીઓએ આ મંદિરને નિશાન બનાવીને નુકશાન કર્યુ હતું.

પાકિસ્તાન હિન્દુ મંદિર મેનેજમેન્ટ કમીટીના હારૂન સરબદયાલે કહ્યું કે ઐતિહાસિક મંદિરોની જાળવણીનું કામ પાક સરકારનું છે. આ ધર્મસ્થાનોનું રક્ષણ ૨૦૧૬ના કાયદા હેઠળ કરવુ પડે છે. પાક તંત્ર દ્વારા કોઈ રેકર્ડ ચકાસાયા વિના જ હિન્દુ મંદિર હોવાનો દાવો નકારવામાં આવ્યો છે.

# 'ભારત માતા કી જય' બોલવા કોંગ્રેસના ધારાસભ્યએ પક્ષપ્રમુખની મંજુરી માંગી! વિડીયો વાયરલ


## ભાજપે ઝાટકણી કાઢી: કોંગ્રેસમાં રાષ્ટ્રવાદ દર્શાવવા પણ ખુલાસા આપવા પડે છે



બેંગ્લોર તા.૧૩

લોકસભાની ચૂંટણીના પ્રચાર સંબંધી નવા-નવા વિવાદ ઉભા થઈ જ રહ્યા છે. કર્ણાટકમાં કોંગ્રેસની ચૂંટણી સભામાં 'ભારત માતા કી જય'નો નારો લગાવતા પુર્વે ધારાસભ્યએ પક્ષ પ્રમુખની અનુમતિ માંગતા વિવાદ સર્જાયો છે. ભાજપ દ્વારા આકરી ઝાટકણી કાઢવામાં આવી છે. કોંગ્રેસની ચૂંટણીસભામાં પાર્ટીના ધારાસભ્ય લક્ષ્મણ સવાદી સંબોધન કરી રહ્યા હતા ત્યારે એવુ બોલ્યા હતા કે આશા છે કે હવે હું બોલીશ તેની સામે પક્ષપ્રમુખ ખડગેને વાંધો નહીં હોય કે ગેરસમજ નહીં કરે. હું 'ભારત માતા કી જય' બોલીશ અને શ્રોતાઓ પણ પછી તે રીપીટ કરશે. આ પ્રવચનનો વિડીયો સોશ્યલ મીડીયા પર વાઈરલ થતાની સાથે જ ભાજપ દ્વારા આકરી ટીકા કરવામાં આવી હતી. ભારત માતા કી જયનો નારો લગાવવા તથા રાષ્ટ્રભક્તિ દર્શાવવા માટે પણ કોંગ્રેસમાં ખુલાસા કરવા પડતા હોવાની આ સાબીતી છે. ભાજપ તો રાષ્ટ્રવાદને જ વરેલો પક્ષ છે.





સાંઢીયા પુલના ખુણે ચાલતું સર્વિસ રોડનું કામ અને ફોરલેન બ્રીજની ડિઝાઇન જોવા મળે છે. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# સાંઢીયા પુલને તોડવામાં ફરી મુદ્દત : હવે મે માસમાં તોડાશે : નવા કામમાં ચોમાસુ આવી જશે!

## સર્વિસ રોડનું કામ હજુ ચાલુ : આવતા મહિનાના પહેલા સપ્તાહમાં પુલ બંધ કરવા આવશે જાહેરનામું : વાહન ચાલકોને હાલાકી : બે વર્ષ સુધી અન્ય માર્ગો પર ભારણ વધી જશે

રાજકોટ, તા. ૧૩

જામનગર રોડ પર રહેલા છ દાયકા જુના સાંઢીયા પુલને તોડવામાં મુદ્દત પર મુદ્દત પડી રહી છે. ભોમેશ્વર મંદિર તરફ જતા રસ્તે પાકા ડાયવર્ઝનનું કામ હજુ ઓછામાં ઓછું પખવાડીયું ચાલે તેમ હોય, મે મહિનાના પહેલા માસથી આ પુલ તોડવાનું કામ શરૂ થઇ શકે તેમ છે. આથી નવા પુલનું કામ ચોમાસાના પ્રારંભે શરૂ કરવું પડે તેવી શકયતા છે.

સાંઢીયા પુલના નવ નિર્માણનું કામ ૬૨.૬૦ કરોડમાં આપવામાં આવ્યું છે. ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીએ તેનું ભૂમિપૂજન કર્યુ હતું. રાજકોટનો આ પહેલો એવો બ્રીજ છે કે જે પૂરેપુરો જુનો પુલ તોડીને નવા ફોરલેન બનાવવામાં આવશે. હવે આ પુલ વાહન વ્યવહાર માટે આમ તો આંશિક જ ચાલુ છે. તે બંધ કરતા પૂર્વે ડાયવર્ઝન તૈયાર કરવાનું છે.

આ સર્વિસ રોડનું કામ ચાલી રહ્યું છે. જે પુરૂ થતા મહિનો પુરો થઇ જાય તેમ છે. આથી હવે મે મહિનાના પહેલા અઠવાડિયામાં પુલ બંધ કરવાનું જાહેરનામું બહાર પડે તેમ છે.

શહેરના જામનગર રોડથી પ્રવેશદ્વાર જેવા સાંઢીયા પુલના નવનિર્માણ પૂર્વે ડાયવર્ઝનના રોડનું કામ મનપા તંત્ર દ્વારા ઝડપથી પુરૂ કરી રહી છે. આ સંજોગોમાં મે માસના પહેલા સપ્તાહમાં આ જુનો પુલ તોડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસ જાહેરનામુ બહાર પાડે તે બાદ વાહન વ્યવહાર માટે આ પુલ બંધ થશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

આ પુલના નવનિર્માણ માટે પુલ તોડવા એપ્રિલ મહિનામાં કામ શરૂ કરવા મનપા તંત્ર વાહકોએ જણાવ્યુ હતુ. હવે હજુ એક મહિનાનો સમય વધારી મે મહિનાની મુદ્દત આપવામાં આવી છે. આમ તંત્ર દ્વારા તારીખ પે તારીખ આપવામાં આવતા વાહનચાલકોમાં કટવાટ જોવા મળી રહ્યો છે.

વાહન વ્યવહાર માટે અસલામત જાહેર કરવામાં આવેલા સાંઢીયા પુલને તોડીને નવો બનાવવા માટેના કામનું ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીના હસ્તે તત્કાલ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રૂા. ૬૨ કરોડનો ખર્ચ આ માટે મંજુર કરવામાં આવ્યો છે. કોન્ટ્રાકટ ફાઇનલ થયો તે પૂર્વે લાંબા સમયથી આ બ્રીજના વૈકલ્પિક રસ્તા, ડાયવર્ઝન, કપાત સહિતની કાર્યવાહી મનપા કરતી હતી. અનેક અડચણો આવી હતી જે હવે દુર થઇ છે.

રાજકોટનો આ પહેલો એવો બ્રીજ છે કે જેમાં જુનો પુરેપુરો પુલ ડિસ્મેન્ટલ કરવાનો છે. જુનો પુલ તોડીને નવો બનાવવામાં આવતો હોય તેવો આ પહેલો પ્રોજેકટ છે. આ પ્રોજેકટનું કામ બે વર્ષ ચાલે તેમ છે. પુલ પર ઘણા સમય પહેલા એંગલ મુકીને ભારે વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે.

હવે આ જુનો પુલ તોડવાનું કામ પહેલા હાથ પર લેવાનું હોય, મે માસમાં આ પુલ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવશે. મનપા ફાઇનલ તારીખ આપે તે બાદ પોલીસ કમિશનર આ માટેનું જાહેરનામું બહાર પાડશે. આ પુલનું કામ શરૂ થયા બાદ ઓછામાં ઓછા બે વર્ષ ચાલવાનું છે. આથી આ પુલ બંધ થાય તે બાદ શહેરના અન્ય રસ્તા પર ટ્રાફિકનું ભારણ અને અંધાધુંધી વધી જશે તે નકકી છે.

### બ્રીજની ટેકનીકલ વિગત

- કુલ ખર્ચ ૬૨.૬૦ કરોડ
- રેલલાઇનથી હાઇટ ૬.૨૫ મીટર
- હોસ્પિટલ સાઇડથી લંબાઇ ૬૦ મીટર
- સેન્ટ્રલ સ્પાનથી ૩૬ મીટરની ઉંચાઇ
- ફોરલેન બ્રીજની પહોળાઇ ૧૬.૪૦ મીટર
- ચોમાસા સિવાય ૨૪ મહિનાની મુદ્દત
- એલીવેટેડ સ્પાન ૨૨

# કાઠી ક્ષત્રિય સમાજે રૂપાલાને ટેકો જાહેર કરતા જ સમાજમાં ભાગલા

## 'કમલમ' ખાતેથી ટેકાની જાહેરાત કરતા આગેવાનો: કોર કમીટીનો નિર્ણય: નરેન્દ્રભાઈ અને ભાજપના ઉમેદવાર સ્વીકાર્ય

## અન્ય અગ્રણીઓએ વાતથી તુરંત છેડો ફાડયો: 'એ લોકો ભાજપના હોદ્દેદારો છે': સમાજના વિભાજનનો આક્ષેપ

રાજકોટ તા.૧૩

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજના લોકો ઉમેદવારી પત્રકો પણ ઉપાડવા લાગ્યા છે ત્યારે ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે ગઈકાલે કાઠી ક્ષત્રિય સમાજે ભાજપ અને ઉમેદવારને ટેકો જાહેર કર્યો છે. તો સાંજે જ આ સામે અન્ય આગેવાનોએ આ જાહેરાતને સમાજમાં ભાગલા જેવી વાત ગણાવી સમાજ ક્ષત્રિયો સાથે જ હોવાનું જાહેર કરતા વિવાદમાં નવો વિવાદ છેડાયો છે.

ભાજપ કાર્યાલયમાં સૌરાષ્ટ્રના છ લાખ સહિત રાજયના ૧૪ લાખથી વધુ કાઠી ક્ષત્રિય સમાજ ભાજપ સાથે હોવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ આ જાહેરાત કરનારાને અન્ય આગેવાનોએ ભાજપના હોદ્દેદારો ગણાવી આ સમર્થનથી છેડો ફાડયો હતો.

રાજકોટ શહેર ભાજપના કમલમ કાર્યાલય ખાતેથી અખીલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ મુનાભાઈ વીંછીયાએ રૂપાલા-ભાજપને સમર્થનની જાહેરાત કરી હતી. તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે, અમારી કોર કમીટીની બેઠક મળી હતી. જેમાં તમામ વડીલોએ નિર્ણય કર્યો હતો કે, રામભકતને વરેલા કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લોકસભા ચૂંટણીમાં સમર્થન આપવામાં આવે. ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી જયારે નેતૃત્વમાં હોય ત્યારે સૌરાષ્ટ્ર અને કાઠીયાવાડમાં વસતા કાઠી-ક્ષત્રિય સમાજ દ્વારા ખભે ખભો મિલાવી લોકસભા ચૂંટણીમાં ભાજપને વિજેતા બનાવવામાં આવશે.

તેમણે ઉમેર્યુ હતું કે આજે વિશ્વમાં અરાજકતા જોવા મળી રહી છે ત્યારે ભારતમાં સ્થિર શાસનને મજબૂત બનાવવા માટે ભાજપને સમર્થન આપવામાં આવશે. આ રીતે લોકસભા ચૂંટણીમાં ભાજપને મત આપી ત્રીજી



વખત નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવામાં આવશે.

કાઠી સમાજના અગ્રણી રામકુભાઈ ખાચરે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી લોકસભા ચૂંટણીમાં દેશમાં ૪૦૦થી વધુ બેઠક મેળવવા માટે એલાન કર્યુ છે, ત્યારે મોદીને કાઠી-ક્ષત્રિય સમાજ સમર્થન આપી રહ્યો છે.

તેમણે ઉમેર્યુ હતું કે, અમારા સૂર્યદેવળમાં પણ યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી સારી એવી ગ્રાન્ટ આપી સારો વિકાસ કર્યો છે. આજે આ મંદિર ફરવાલાયક સ્થળ બન્યું છે. આજે તમામ ઋણ ચૂકવવાનો વારો આવ્યો છે. અમે કોઈના દબાણમાં આવીને નિર્ણય નથી લીધો, પરંતુ નરેન્દ્ર મોદીની જયારે વાત આવે ત્યારે તેમને વિજેતા બનાવવા માટે કાઠી-ક્ષત્રિય સમાજ તેમની સાથે જ છે. અમે હિન્દુત્વ અને સનાતનની સાથે રહ્યા છીએ.

હાલ પરસોતમ રૂપાલાનો ક્ષત્રિય સમાજ વિરોધ કરી રહ્યો છે, ત્યારે તે બાબતે પૂછવામાં આવતા રામકુભાઈએ જણાવ્યું હતું કે, એ અમારો પ્રશ્ન નથી. અમે ભાજપની સાથે છીએ. અમે નરેન્દ્ર મોદીની સાથે છીએ, તેમણે જે ઉમેદવાર ઉભો રાખ્યો છે, તેની સાથે છીએ. અન્ય કાઠી અગ્રણી રાજુભાઈ ધાધલે જણાવ્યું હતું કે આજે કાઠી ક્ષત્રિય સમાજની મળેલી કોર કમીટીની બેઠકમાં અમે નિર્ણય કર્યો છે કે નરેન્દ્ર મોદી અને ભાજપને આગામી લોકસભા ચૂંટણીમાં સમર્થન આપવામાં આવશે.

આ તકે રાજકોટ કાઠી-ક્ષત્રિય સમાજના પ્રમુખ સુખાભાઈ વાળા, ભુપતભાઈ ખાચર અને અશોક ધાધલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.



**રામકુભાઈ કપરાડા**

કાઠી સમાજના અગ્રણી રામકુભાઈ કપરાડાએ જણાવ્યું હતું કે રાજકોટ ભાજપના કાર્યાલયથી જે જાહેરાત કરાઈ તે તમામ કાઠી સમાજના આગેવાનો ભાજપ સાથે જોડાયેલા છે અને ભાજપના જ હોદ્દેદારો છે. કાઠી સમાજ બહુ બહોળો છે. આ પાંચ આગેવાનો કહે તેની સાથે અમારો સમાજ સહમત નથી. એમણે જે સૂચનો કર્યા તે અમને મંજુર નથી. આગેવાનોની વાત સમાજ માનશે નહીં. કાઠી સમાજે ક્ષત્રિય સમાજની સાથે રહીને અનેક સ્થળે નિવેદનો પણ આપ્યા છે. ક્ષત્રિય રાજપુત સમાજનું અમારા પર ઋણ છે. અમે ક્ષત્રિય સમાજની સાથે જ છીએ અને રહેવાના છીએ. સુરેન્દ્રનગર ખાતે કાઠી સમાજના આગેવાનોને સાથે રાખીને ભાજપના આ તમામના ચહેરાઓને ખુલ્લા પાડીશ. સમાજને વિભાજન કરવાનું આ કાવતરું છે અને રાજકીય ચાલ છે.

# પાક.ના બલુચિસ્તાનમાં આતંકી હુમલો: બસમાંથી ૯ યાત્રીઓને ઉતારી ઠાર કર્યા

## અન્ય એક બનાવમાં કાર પર ગોળીબાર કરી આતંકીઓએ બે લોકોની હત્યા કરી

કરાંચી (પાકિસ્તાન) તા.૧૩



પાકિસ્તાનના અશાંત બલુચિસ્તાન પ્રાંતમાં અજ્ઞાત આતંકીઓએ ૯ બસ યાત્રીઓ સહિત ૧૧ લોકો ગોળી મારીને હત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ગઈકાલે શુક્રવારે હથિયારધારી આતંકીઓએ નોસકી જીલ્લામાં હાઈવે પર એક બસનું બંદૂકની અણીએ અપહરણ કર્યુ હતું. બસ કવેટાથી તાફતાન જઈ રહી હતી. ત્યારે સશસ્ત્ર આતંકીઓએ બંદૂકની અણીએ બસને રોકી હતી અને યાત્રીઓની ઓળખ કરીને ૯ યાત્રીઓને પહાડી વિસ્તારમાં લઈ ગયા હતા. જયારે અન્ય એક ઘટનામાં તે હાઈવે પર એક કાર પર ગોળીબાર થયો હતો. જેમાં બે યાત્રીના મોત થયા હતા અને અન્ય બે ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે બસના ૯ યાત્રીઓના શબ પહાડી વિસ્તારમાં એક પુલ નીચે મળ્યા હતા.

બલુચિસ્તાનના મુખ્યમંત્રી મીર અરફરાજ બુગતીએ જણાવ્યું હતું કે ૧૧ લોકોની હત્યામાં સામેલ આતંકીઓને માફ નહીં કરવામાં આવે. ઝડપથી તેમને પકડી લેવાશે. આ આતંકી હુમલાની હજુ સુધી કોઈ આતંકી સંગઠને જવાબદારી નથી લીધી.

# દિવ્યાંગ પતિને ભરણપોષણ આપવા મજબૂર ન કરી શકાય: હાઈકોર્ટ

## દિવ્યાંગ પતિ પાસે રોજગારની અપેક્ષા અવ્યવહારિક: કોર્ટ




બેંગ્લુરુ તા.૧૩

કર્ણાટક હાઈકોર્ટે ૭૫ ટકા દિવ્યાંગતા ધરાવતા વ્યકિતને તેની અલગ રહેતી પત્નિને ભરણ પોષણનો ખર્ચ આપવા મજબૂર કરવાનો ઈનકાર કર્યો છે. અને તેની ધરપકડ કે દંડ લગાવવા સંબંધી નીચલી કોર્ટના આદેશને પણ ફગાવી દીધો છે.

ન્યાયમૂર્તિ એમ. નાગપ્રસન્નાની સિંગલ ન્યાયાધીશ પીઠે પતિની શારીરિક વિવશતા પર જોર દઈને કહ્યું હતું કે પતિ બૈસાખીની મદદથી ચાલે છે. જેથી ભરણ પોષણ માટે ખર્ચ ચૂકવવા તેની પાસે રોજગારની અપેક્ષા અવ્યવહારિક છે. વૈવાહિક જીવનમાં કલેશના કારણે પતિએ તલાકને લઈને અરજી દાખલ કરી હતી જેમાં આરોપ લગાવ્યો હતો કે પત્નીએ તેને સ્વૈચ્છાથી છોડી દીધો હતો. દરમિયાન પત્નીએ હિન્દુ વિવાહ અધિનિયમની કલમ ૨૪ અંતર્ગત વચગાળાના ભરણપોષણનો ખર્ચ આપવાનો અનુરોધ કર્યો હતો. શરૂઆતમાં ૧૫ હજાર રૂપિયા દર મહિને આપવામાં આવ્યા. બાદમાં પતિ દિવ્યાંગ થઈ ગયો અને તે ભરણ પોષણ ભથ્થુ આપવામાં અસમર્થ થઈ ગયો.

# ૪ વર્ષથી સુનાવણી થઈ નથી, અભિનેત્રી આયેશા જુલ્કાએ તેના પાલતું શ્વાનના મોતના કેસમાં ન્યાય મેળવવા હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા



મુંબઈ : 'કુર્બાન' અને 'જો જીતા વોહી સિકંદર' ફેમ અભિનેત્રી આયેશા જુલ્કાએ બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કરીને તેના પાલતુ કૂતરા રોકીના રહસ્યમય મૃત્યુના કેસમાં વહેલી સુનાવણીની માંગ કરી છે. અભિનેત્રીનો છ વર્ષનો કૂતરો સપ્ટેમ્બર ૨૦૨૦માં તેના લોનાવાલા બંગલામાં શંકાસ્પદ સંજોગોમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ કેસમાં ચાર વર્ષ પછી પણ સુનાવણી શરૂ થઈ નથી.

**૨૦૨૦માં પાળેલા કૂતરાનું રહસ્યમય સંજોગોમાં મોત થયું હતું :**

૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ, લોનાવાલામાં અભિનેત્રીના બંગલામાં કામ કરતા કેરટેકરે તેણીને કહ્યું હતું કે તેનો પાલતુ કૂતરો પાણીની ટાંકીમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યો હતો, જો કે, અભિનેત્રીને કંઈક શંકા હતી અને તેણે તેના પાલતુ કૂતરા રોકીનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલ્યો હતો. પશુચિકિત્સકોનો અભિપ્રાય છે કે કૂતરો ગૂંગળામણ/ગળુ દબાવવાને કારણે મૃત્યુ પામ્યો હતો અને પુરાવાઓ સમર્થન આપતા નથી કે તે ડૂબી જવાનો કેસ હતો.

**કેરટેકરની ધરપકડ કરવામાં આવી હતી :**

આ પછી, આયેશાએ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ એફઆઈઆર નોંધાવી અને થોડા દિવસો પછી, કેરટેકર રામ નાથુ આંદ્રેએ પોલીસ સમક્ષ કથિત રીતે કબૂલાત કરી કે તેણે નશામાં કૂતરાનું ગળું દબાવ્યું હતું. ૨૫ સપ્ટેમ્બરે તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો પરંતુ બે દિવસ બાદ તેને જામીન મળી ગયા હતા. માવલ પોલીસ દ્વારા ૭ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ આ કેસમાં ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી હતી.

**ચાર વર્ષ પછી પણ આ કેસની સુનાવણી શરૂ થઈ નથી :**

વકીલ હર્ષદ ગરુડ દ્વારા દાખલ કરાયેલી આયેશા જુલ્કાની અરજીમાં કહેવામાં આવ્યું છે કે આ કેસમાં ટ્રાયલ હજી શરૂ થઈ નથી અને ચાર વર્ષ પછી પણ તે મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા ચાર્જશીટની સંજ્ઞાન લેવાની રાહ જોઈ રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૧ માં, અભિનેત્રીએ કોર્ટની કાર્યવાહીમાં દખલગીરી માટે અરજી દાખલ કરી હતી અને મેજિસ્ટ્રેટ કોર્ટમાં સુનાવણી હજુ બાકી છે. તપાસ દરમિયાન, લોહીના ડાઘવાળી બેડશીટ પણ પુણેની ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવી હતી અને રિપોર્ટની હજુ રાહ જોવાઈ રહી છે. જુલ્કાની લીગલ ટીમને જાણ કરવામાં આવી હતી કે રિપોર્ટ એકત્ર કરવા માટે કોઈ સ્ટાફ નથી.

## અમો ઈઝરાયેલની રક્ષા કરવા પ્રતિબદ્ધ છીએ: રાષ્ટ્રપતિનો હુંકાર

# ઈરાન હુમલો કરશે તો અમેરિકા પણ જવાબ આપશે: બાઈડન

## હવે ઈરાનને રોકી શકાય તેમ નથી: પ્રમુખનો સ્વીકાર: મધ્ય પુર્વમાં અમેરિકી મથકો- નૌકા કાફલો હાઈએલર્ટ પર ઈરાનમાંથી દગાતા મિસાઈલ-ડ્રોનને તોડી પાડવા આદેશ- તનાવ વધ્યો: તહરાનમાં જબરી લશ્કરી હીલચાલ



વોશિંગ્ટન: ઈઝરાયેલ દ્વારા ગત સપ્તાહે સીરીયામાં ઈરાની દૂતાવાસ પર કરેલા મિસાઈલ સહિત હુમલાના પગલે હવે અમેરિકા સહિતના દેશો પણ એલર્ટ થઈ ગયા છે. ઈરાનનો હુમલો ભીષણ અને અત્યંત વિનાશક હશે તેવા સંકેત મળ્યા છે અને ખુદ અમેરિકાના પ્રમુખ જો બાઈડને સ્વીકાર્યુ છે કે હવે ઈરાન આ હુમલા માટે વધુ રાહ જોશે નહી.

ઈઝરાયેલના હુમલામાં ઈરાનની સેનાના એક ટોચના કમાન્ડર સહિત ૧૩ના મોત થયા હતા અને તેથી ઈરાન સમસમી ગયું છે અને વળતો જવાબ આપવા તૈયારી કરી રહ્યું છે. આ અંગે જો બાઈડને આ હુમલો કેવો ભીષણ હશે તેવા પ્રશ્નના જવાબમાં કોઈ ગુપ્ત માહિતી જાહેર કરવાનો ઈન્કાર કરતા કહ્યું કે આ હુમલાને રોકવા તેઓ ઈરાનને કહી રહ્યા છે પણ ઈરાન હવે વધુ રાહ જોશે નહી. જો કે બીજી જ પળે તેઓએ કહ્યું કે અમો ઈઝરાયેલની રક્ષા માટે પ્રતિબદ્ધ છીએ અને ઈઝરાયેલને ટેકો આપશું અને ઈરાનને સફળ થવા દેશું નહી. ઈરાનના સંભવિત હુમલામાં ખાસ કરીને અમેરિકામાં મધ્યપુર્વમાં તેની એરડિફેન્સ સીસ્ટમને હાઈએલર્ટ પર મુકી છે અને ઈરાનના મિસાઈલ ડ્રોન જે ઈઝરાયેલ ભણી દાગવામાં આવશે તેને તોડી પાડવાના પણ આદેશ આપી દેવાયા છે તથા ઈઝરાયેલે પણ જાહેર કર્યુ છે કે જો અમારા પર સીધો હુમલો થશે તો અમો ઈરાનને તબાહ કરી દેશું.

આ સ્થિતિ વચ્ચે પશ્ચીમ એશિયામાં મોટા યુદ્ધની સ્થિતિથી ભારત પણ એલર્ટ થઈ ગયું છે અને સમુદ્રી માર્ગોમાં જયાં ભારતીય જહાજો પસાર થવાના છે અથવા હજુ માર્ગમાં છે તને પણ એલર્ટ કરીને સતત રડારમાં રહેવા સૂચના આપી છે. ઈરાન હુમલો કરે તો તેના સમર્થીત સીરીયા-યમનમાં આવેલા ઈઝરાયેલ વિરોધી સંગઠનો જે વારંવાર ઈઝરાયેલ પર મિસાઈલ રોકેટ-હુમલા કરી રહ્યા છે તેના પર પણ ઈઝરાયેલને નજર રાખવી પડશે અને તેથી યુદ્ધ વધુ વિસ્તરે તેવા સંકેત છે.

## ઈઝરાયેલની સુરક્ષા માટે વધુ યુદ્ધ જહાજ મોકલતું અમેરિકા

વોશિંગ્ટન, તા.૧૩

મધ્ય પૂર્વમાં વધતા જતાં તનાવ વચ્ચે અમેરિકાએ તેના વધુ યુદ્ધ જહાજોને ગલ્ફના વિસ્તારોમાં ફેરવ્યા છે અને ખાસ કરીને ઇઝરાયેલની સુરક્ષા માટે વધુ આક્રમક પગલા લેવાનું પણ શરુ કર્યુ છે. અમેરીકાના આ નૌકા કાફલો ભારે શક્તિશાળી હોવાનું મનાય છે અને તે હવાઇ સુરક્ષામાં અતિ આધુનિક સાધનો ધરાવે છે. જેના કારણે ઇઝરાયેલ પર જો ઇરાન દ્વારા જો મીસાઇલ દાગવામાં આવશે તો તેને તોડી પાડવાની જવાબદારી આ યુદ્ધ જહાજ કાફલાની હશે.

## તો ઈઝરાયેલ-ઈરાનમાં રહેલા ભારતીય નાગરિકોને ઉગારવા મોદી સરકાર તૈયાર

### આ દેશોમાં રહેલા ભારતીયોને સ્થાનિક દૂતાવાસમાં રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયુ

નવી દિલ્હી: મધ્ય પુર્વમાં ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધની શકયતા વચ્ચે ભારત પણ એલર્ટ થયુ છે અને એક તરફ હાલ આ ક્ષેત્રના દેશોની મુલાકાત નહી લેવા ભારતીય નાગરિકોને ચેતવણી આપી છે તો બીજી તરફ ઈરાન-ઈઝરાયેલ સહિતના દેશોમાં રહેલા ભારતીય નાગરિકોને તુર્તજ સ્થાનિક સ્તરે ભારતીય દૂતાવાસનો સંપર્ક કરી તેમના પાસપોર્ટ સહિતની માહિતી સાથે રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયુ છે જેની કટોકટીના સમયમાં તેઓના સંપર્ક થઈ શકે અને જરૂર પડે પરલીકર પણ થઈ શકે છે.

ઈરાનમાં હાલ ૪૦૦૦ ભારતીયો મોજૂદ છે. ઈઝરાયેલમાં ૧૮૫૦૦ ભારતીયો હાલ આ દેશમાં છે અને મોદી સરકાર જો યુદ્ધમાં ભયાનકતા આવે તો તેઓને ઉગારવાની યોજના બનાવી રહી છે. ફ્રાન્સ સહિતના યુરોપીયન દેશોએ પણ તેના નાગરિકોને આ યુદ્ધગ્રસ્ત દેશોથી દુર રહેવા જણાવ્યું છે.

# 'પ્રેમમાં નથી, પણ વર્ચસ્વ માટે કરે છે લગ્ન...' અભિનેત્રી નોરા ફતેહીએ બોલિવૂડ સેલેબ્સના લગ્ન અંગે ચોંકાવનાર ખુલાસા કર્યા

મુંબઈ : બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહી છેલ્લે અભિનેતા કુણાલ ખેમુના દિગ્દર્શિત ડેબ્યૂ ફિલ્મ 'મડગાંવ એક્સપ્રેસ'માં જોવા મળી હતી, જે ૨૨ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી, જેમાં નોરા ફતેહી ઉપરાંત દિવ્યેન્દુ, પ્રતિક ગાંધી, અવિનાશ તિવારી, ઉપેન્દ્ર લિમયે અને છાયા કદમ જેવા કલાકારો છે. આ એક કોમેડી ફિલ્મ છે, જેણે પોતાની સ્ટોરીલાઇનથી ચાહકોનું દિલ જીતી લીધું છે.

આ દરમિયાન નોરાનો એક ઈન્ટરવ્યુ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેણે પોતાના અંગત જીવનથી લઈને ઈન્ડસ્ટ્રીના ઘણા રહસ્યો જાહેર કર્યા છે. આ સિવાય તાજેતરમાં અભિનેત્રીએ વધુ એક ચોંકાવનારો ખુલાસો કર્યો, જેણે બધાને ચોંકાવી દીધા. ખરેખર, અભિનેત્રીએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સના



લગ્નને લઈને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લોકો શા માટે લગ્ન કરે છે?

તાજેતરમાં, યુટ્યુબર રણવીર અલ્લાહબાદિયા સાથેના પોડકાસ્ટમાં, નોરા ફતેહીએ કહ્યું, 'હું આ બધું મારી સામે થતું જોઈ રહી છું. ઈન્ડસ્ટ્રીના લોકો પ્રભાવ અને ફેમસ થવા માટે લગ્ન કરે છે. વાતચીત દરમિયાન નોરાએ કોઈપણ સેલિબ્રિટીનું નામ લીધા વિના કહ્યું, 'તેઓ ફક્ત એક બીજાની પ્રસિદ્ધિ માટે ઉપયોગ કરવા માંગે છે, પરંતુ તેઓ મારી સાથે આ કરી શકતા નથી... તેથી જ તમે મને હેંગઆઉટ કરતા જોતા નથી.

**વર્ચસ્વ માટે અને ફેમસ થવા બોલીવુડ સેલિબ્રિટી એક બીજા સાથે લગ્ન કરે છે :**

વાત કરતી વખતે, અભિનેત્રીએ આગળ કહ્યું, 'ફિલ્મ ઉદ્યોગમાં, લોકો તેમના પ્રભાવ માટે, નેટવર્કિંગ માટે, પૈસા માટે પણ તેમની પત્ની અથવા પતિનો ઉપયોગ કરે છે'. વાત કરતાં અભિનેત્રીએ આગળ કહ્યું, 'પૈસો અને પ્રસિદ્ધિ... આ છોકરા-છોકરીઓ પૈસા, પ્રસિદ્ધિ અને સત્તા માટે આખી જિંદગી વેડફી નાખે છે. તમે જેને પ્રેમ કરતા નથી તેની સાથે લગ્ન કરવા અને પછી તેની સાથે વર્ષો સુધી જીવવાથી વધુ ખરાબ કંઈ નથી... આપણા ઉદ્યોગમાં મોટાભાગના લોકો આ જ બકવાસ કરે છે.

# આગામી વનડે વર્લ્ડ કપ જીતવા માંગુ છું: રોહિત

નવી દિલ્હી, તા ૧૩



ભારતીય સુકાની રોહિત શર્માએ કહ્યું કે તે હજુ થોડા વર્ષ રમવા માંગે છે અને ૨૦૨૭નો ઘઉંઈ વર્લ્ડ કપ જીતવાની પ્રબળ ઈચ્છા ધરાવે છે. રોહિતની કપ્તાની હેઠળ, ભારતીય ટીમ અજેય રહી અને ૨૦૨૩ વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી પરંતુ અહીં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો.

૩૬ વર્ષીય રોહિત ૨૦૦૭નો T20 વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો એક ભાગ હતો પરંતુ તે ODI વર્લ્ડ કપને તેનાથી ઉપર રાખે છે. તેણે યુટ્યુબ પર 'બ્રેકફાસ્ટ વિથ ચેમ્પિયન્સ' શોમાં કહ્યું, મેં મારી નિવૃત્તિની જાહેરાત વિશે હજુ સુધી વિચાર્યું નથી. પણ મને ખબર નથી કે જીવન મને ક્યાં લઈ જશે. હું અત્યારે સારું રમી રહ્યો છું અને હજુ થોડા વર્ષ રમવા માંગુ છું. હું વર્લ્ડ કપ જીતવા માંગુ છું.

વર્લ્ડ કપ ફાઇનલમાં હાર ને છ મહિના વીતી ગયા પણ એ હાર હજુ પણ રોહિતને સતાવે છે. તેણે કહ્યું કે, ભારતમાં વર્લ્ડ કપ યોજાઈ રહ્યો હતો. અમે ફાઈનલ સુધી સારું રમ્યા. સેમી ફાઈનલ જીત્યા બાદ એવું લાગ્યું કે આપણે માત્ર એક ડગલું દૂર છીએ.મેં વિચાર્યું કે એવી કઈ વસ્તુ છે જેના કારણે આપણે ફાઈનલ હારી શકીએ અને મારા મગજમાં કંઈ જ ન આવ્યું. તેમણે કહ્યું, અમારા અભિયાનમાં ખરાબ દિવસ આવવાનો હતો અને તે દિવસ હતો. અમે સારું ક્રિકેટ રમ્યું, આત્મવિશ્વાસ હતો પરંતુ ઓસ્ટ્રેલિયા માટે તે સારો દિવસ હતો. અમે ફાઇનલમાં ખરાબ ક્રિકેટ નથી રમ્યા. IPLની આખી સિઝન રમનાર રોહિતે કહ્યું કે લીગમાં હવે કોઈ ટીમ નબળી નથી. તેણે કહ્યું, છેલ્લા એક દાયકામાં IPL એટલો વિકસ્યો છે કે દરેક ટીમ ખૂબ જ સ્પર્ધાત્મક છે. તે ઇંગ્લિશ પ્રીમિયર લીગ જેવું છે જેમાં કોઈપણ ટીમ બીજા કોઈને પણ હરાવે છે.

## રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગ સાથે ભાજપ પર દબાણ વધારવાનો વ્યૂહ

# રાજકોટમાં કાલે ક્ષત્રિય સમાજનું મહાસંમેલનઃ સાંજે કોર કમીટીની બેઠક

રાજકોટ, તા.૧૩

વિવાદાસ્પદ વિધાનો બદલ રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોતમ રુપાલાની ટીકીટ રદ કરવાની માંગ સાથે આંદોલન કરી રહેલા ક્ષત્રિય સમાજનું આવતીકાલે રાજકોટના રતનપર ખાતે મહાસંમેલન યોજાવાનું છે ત્યારે તેની તૈયારી પુરજોશમાં હાથ ધરવામાં આવી છે. આ પૂર્વે સાંજે સમાજની કોર સમિતિની બેઠક મળશે અને તેમાં હવે પછીની રણનીતિ નક્કી કરવામાં આવશે.

લોકસભા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા સહિતની પ્રક્રિયા શરુ થઇ ગઇ છે. ત્યારે ભાજપ નેતાગીરી પર નિર્ણાયક દબાણ લાવવા માટે રાજકોટમાં મહાસંમેલન રાખવામાં આવ્યું છે જે કાલે સાંજે રતનપર ખાતે યોજાશે. ક્ષત્રિય સમાજ સંકલન સમિતિના કન્વીનર રમજુભા જાડેજાએ કહ્યું હતું કે કાલના મહાસંમેલનની તૈયારી પૂરજોશમાં છે. કોર સમિતિના ઘણા ખરા સભ્યો રાજકોટ આવી જ ગયા છે અને તૈયારી માટે રાજકોટમાં જ મુકામ કરવામાં આવ્યો છે.

રતનપરના વિશાળ ગ્રાઉન્ડમાં યોજાનાર સંમેલન માટે ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં ક્ષત્રિયો ઉપરાંત અન્ય સમાજ-સંગઠનોના લોકો ભાગ લેવાના છે. ગુજરાત સિવાયના રાજ્યોમાંથી પણ ક્ષત્રિય આગેવાનો-લોકો આવવાના છે ત્યારે લોકોની હાજરીની સંખ્યા લાખોમાં રહેશે. ભૂતકાળમાં ક્યારેય ન થયું હોય એટલું વિરાટ મહાસંમેલન હશે તેમાં ભાગ લેવા માટે ૧૪૦૦ જેટલી બસ તથા ૪૬૦૦થી વધુ કાર-ફોર વ્હીલમાં લોકો આવશે.



**ક્ષત્રિય મહાસંમેલનની પૂરજોશમાં તૈયારી:** રાજકોટ નજીક રતનપર ગામે રામજી મંદિર નજીક ક્ષત્રિય સમાજ દ્વારા આવતીકાલે રવિવારે તા.૧૪ એપ્રિલના રોજ સાંજે મહાસંમેલન યોજાવાનું છે. જેના અનુસંધાને આજે મહાસંમેલનની તડામાર તૈયારીઓ થઇ રહી છે. સ્ટેજ-પાથરણા-લાઇટીંગ વ્યવસ્થા વગેરે ગોઠવવામાં આવેલ છે. **(તસ્વીર: જીજ્ઞેશ પ્રજાપતિ-ગૌરીદડ)**

**૧૪૦૦ બસ, ૪૬૦૦થી વધુ ફોર વ્હીલ તથા અન્ય વાહનો મારફત લાખોની સંખ્યામાં હાજરી થવાનો દાવોઃ સમગ્ર ગુજરાત ઉપરાંત બીજા રાજ્યોમાંથી પણ ક્ષત્રિયો ઉમટશેઃટ્રાફિકથી માંડીને કોઈપણ પ્રકારનો કાયદાભંગ ન થાય તેની તકેદારી રખાશેઃ મહાસંમેલનમાં આવતા અટકાવાય તો પણ સંયમ રાખવા-ઉશ્કેરાટ નહીં કરવા આગેવાનોનું આહવાન**

ક્ષત્રિય સમાજ વિસેના વિવાદાસ્પદ વિધાનો હોવાથી સ્વમાનને ઠેસ પહોંચી છે અને સમગ્ર સમાજનો મુદ્દો હોવાથી પરસોતમ રૂપાલાને માફી આપવાનો કોઇ પ્રશ્ન ઉભો થતો ન હોવાનો પુર્નોચ્ચાર કરતા તેઓએ કહ્યું કે રૂપાલાનીટીકીટ રદ થાય તે જ સમાજની લાગણી અને માગણી છે. બાકી વડાપ્રધાન મોદી, ભાજપ કે પાટીદાર સમાજ સામે કોઇ વાંધો-વિરોધ નથી. જો કે, રૂપાલાને હટાવવાની માંગ ભાજપ ન સ્વીકારે તો માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત અને દેશભરમાં રાજકીય પ્રત્યાઘાતો પડશે. ક્ષત્રિય સમાજ ભાજપની પડખે નહીં રહે અને વિરુધ્ધમાં મતદાન કરશે.

ક્ષત્રિય આગેવાનોના કહેવા પ્રમાણે આ સમાજના સ્વમાનની લડાઇ છે. આવતીકાલના મહાસંમેલનમાં રુપાલાની ટીકીટ રદ કરવાની માંગણી સિવાયનો કોઇ એજન્ડા નથી. મહાસભામાં સંપૂર્ણપણે શિસ્તનો પરિચય કરાવવામાં આવશે. ટ્રાફિકથી માંડીને અન્ય કોઇપણ રીતે કાયદાનો ભંગ ન થાય તેની ખાસ તકેદારી રાખવાની સુચના આપવામાં આવી છે. મહાસંમેલનમાં આવતા અટકાવવાનો પ્રયાસ થાય તો પણ સંયમ રાખવા-ઉશ્કેરાટ નહીં રાખવા કહેવામાં આવ્યું છે. પોલીસ સહિત તમામ સરકારી વિભાગોના સહયોગ સાથે જ કાર્યક્રમ થશે અને સંઘર્ષને કોઇ અવકાશ નથી.

દરમ્યાન કાલના કાર્યક્રમ પૂર્વે ક્ષત્રિય સમાજની કોર કમિટી બે બેઠક યોજશે, આજે સાંજે તથા આવતીકાલે સવારે મીટીંગ થશે તેમાં ભાવિ રણનીતિ ઘડાશે. અગાઉ રાજકોટમાં યોજાયેલી બેઠકમાં તા.૧૨ એપ્રિલ સુધીના કાર્યક્રમો નક્કી થયા હતા. હજુ રુપાલાની ટીકીટ રદ થઇ નથી ત્યારે આગળની રણનીતિ ઘડાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રુપાલાને હટાવવાની માંગ સાથે બે સપ્તાહ કરતા વધુ સમય ચાલતું ક્ષત્રિય સમાજનું આંદોલન ઉગ્ર બની રહ્યું છે. છેલ્લા કેટલાંક દિવસોથી ભાજપની સભાઓમાં હોબાળો-કાળા વાવટા ફરકાવવા સહિતના ઘટનાક્રમો સર્જાઇ રહ્યા છે.

## મારો પક્ષ તમારી ડિગ્રી જેવો 'નકલી' નથીઃ વડાપ્રધાન મોદી પર ઉદ્ધવ ઠાકરેનો વળતો પ્રહાર

### મોદીએ ઠાકરેની શિવસેનાને નકલી ગણાવી હતી

મુંબઈઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં ચુંટણી પ્રચાર સમયે પુર્વ મુખ્યમંત્રી ઉદ્ધવે વળતા આકરા જવાબમાં કહ્યું કે મારો પક્ષ આપની ડીગ્રી જેવા બનાવટી નથી. બાલાસાહેબ ઠાકરે આ પક્ષની રચના કરી હતી અને તે બનાવટી હોઈ શકે નહી. ફરી ઉદ્ધવે મોદીની ડિગ્રીનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે મારો પક્ષ આપની ડીગ્રી જેવો બનાવટી નથી. મોદીએ સોમવારે



ચંદ્રપુરમાં એક ઈન્ડીયા ગઠબંધનના સહયોગથી ડીએમકે સનાતન ધર્મને ખત્મ કરવા માંગે છે. આ ધર્મને મેલેરીયા, ડેંગ્યુ સાથે સરખાવે છે અને કોંગ્રેસ તથા નકલી શિવસેના તેઓજ રેલીઓ બોલાવે છે. શ્રી અમીત શાહે મહારાષ્ટ્રમાં વિપક્ષના મહાજોડાણમાં ત્રણ પક્ષનો ઉલ્લેખ કરતા કહ્યું કે અમારા ગુજરાતમાં તીન-તીગાડા કામ બીગાડા એમ કહેવાય છે.



## એકનાથ શિંદે-અજીત પવાર હવે સ્ટાર પ્રચારક નહી ભાજપની યાદીમાંથી દુર કરાયા

નવી દિલ્હીઃ આગામી લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્ર માટેના સ્ટાર પ્રચારકમાં ભાજપે રાજયના મુખ્યમંત્રી એકનાથ શિંદે તથા નાયબ મુખ્યમંત્રી અજીત પવારને નામ રદ કર્યા છે. અગાઉની યાદીમાં આ બન્ને નામ હતા પણ બાદમાં દરેક પક્ષ ખુદના પક્ષના નેતાઓને સ્ટાર પ્રચારકને યાદીમાં રાખી શકે તેવું ચુંટણીપંચે જણાવતા આ બન્નેના નામ રદ કરાયા છે.

## મહાસંમેલન પહેલા ક્ષત્રિય સમાજની પોલીસ કમિશ્નર સાથે બેઠક : કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચર્ચા

### બંદોબસ્ત માટે પોલીસ તૈનાત રહેશે : ટ્રાફિક નિયમન માટે પણ સ્ટાફ ફાળવાયો : કોઈ અઈચ્છનિય ઘટના ન બને તે માટે અત્યારથી જ વોચ

રાજકોટ, તા.૧૩

રતનપરમાં મહાસંમેલન પહેલા ક્ષત્રિય સમાજની પોલીસ કમિશનર સાથે આજે બપોરે બેઠક યોજાઈ હતી. જેમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચર્ચા થઈ હતી. બંદોબસ્ત માટે પોલીસ તૈનાત રહેશે. ટ્રાફિક નિયમન માટે પણ સ્ટાફ ફાળવાયો છે. કોઈ અઈચ્છનિય ઘટના ન બને તે માટે અત્યારથી જ વોચ રાખવામાં આવી રહી છે.

આ સંમેલન માટે સંકલન સમિતિના આગેવાન રમજુભા જાડેજા (જાબીડા) દ્વારા પોલીસ તંત્ર પાસે લાઉડ સ્પીકર સહિતની મંજૂરી માંગવા માટે અરજી કરાઈ છે. આ અરજી અંગે બપોરે ૨.૩૦ વાગ્યા સુધીમાં પોલીસે કોઈ નિર્ણય લીધો નહોતો. આ પહેલા બપોરે ૨ વાગ્યે પોલીસે ક્ષત્રિય સમાજના આગેવાનોને બેઠક કરવા માટે સીપી કચેરીએ બોલાવ્યા હતા. રમજુભા સહિતના આગેવનો આ બેઠકમાં સામેલ થયા હતા. બેઠકમાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ પણ ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં આવનાર લોકોની અંદાજીત સંખ્યા, કેટલી બસો આવશે. કેટલી કાર આવશે. ક્યાં ક્યાંથી લોકો આવવાના છે તે અંગે ચર્ચા કરી માહિતીની આપ-લે થઈ હતી. બેઠકમાં ચર્ચા થઈ હતી કે, મહાસંમેલનમાં હજારો લોકો સામેલ થાય તેવી સંભાવના હોવાથી કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આગેવાનોનો સહયોગ મંગાયો હતો. આગેવાનો અને કાર્યક્રમ માટે સ્વયંસેવક તરીકે અથવા કાર્યકર્તા તરીકે સેવા આપનાર લોકો પણ એ પ્રકારે સહકાર આપે તે મુજબ ચર્ચા થઈ હતી. બેઠકના અંતે ક્ષત્રિય સમાજના આગેવાનોએ સંમેલનની મંજૂરી અંગે પૂછતાં 'એનો લેટર તમને મળી જશે' તેવી ખાતરી પોલીસ કમિશનર તરફથી મળી હોવાનું ક્ષત્રિય સમાજના આગેવાનોએ જણાવ્યું હતું. જોકે પોલીસ ૨.૩૦ વાગ્યા સુધી મંજૂરી અંગે ચર્ચામાં હતી.

**બેઠકમાં સંમેલન મંજૂરી અંગે પૂછતાં 'એનો લેટર તમને મળી જશે' તેવી ખાતરી મળી હોવાનું ક્ષત્રિય સમાજના આગેવાનોએ જણાવ્યું : જોકે પોલીસ ૨.૩૦ વાગ્યા સુધી મંજૂરી અંગે ચર્ચામાં હતી**

**ગઈકાલે સાંજે પોલીસ કમિશનરે મહાસંમેલનની લઈ પોલીસ અધિકારીઓની બેઠક બોલાવી હતી, જેમાં ડીસીપી, એસીપી, પીઆઈ કક્ષાના અધિકારીઓ હાજર રહ્યા હતા : બંદોબસ્ત અને સ્થિતિ અંગે રાજ્ય પોલીસ વડાને રિપોર્ટ કરાયો**

### બંદોબસ્ત અંગે તૈયારી થઈ રહી છે : સીપી

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજના સંમેલનને લઈ પોલીસ તૈયારી કરી રહી છે. બંદોબસ્ત અંગે પોલીસ પ્લાન ઘડાઈ રહ્યો છે. કાર્યક્રમની મંજૂરી અંગે પણ ચર્ચા ચાલી રહી છે.

### આંબેડકર જયંતિ અને સંમેલનના પગલે ૭૦૦થી વધુનો ટ્રાફિક પોલીસનો સ્ટાફ ખડેપગે રહેશે

આવતીકાલે બાબા સાહેબ આંબેડકરની જયંતિ અને ક્ષત્રિયોના સંમેલનને લઈને પોલીસ એલર્ટ છે. ત્યારે ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ, એસીપી જે.બી. ગઢવીના માર્ગદર્શન હેઠળ ૨ પીઆઈ અને ૮ પીએસઆઇની ટીમો ઉપરાંત ટ્રાફિક પોલીસના એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ સહિતના કર્મચારીઓ બંદોબસ્તમાં રહેશે. ઉપરાંત ૬૦૦ ટીઆરબી જવાનો પણ ટ્રાફિક નિયમનમાં જોડાશે. આ સિવાય ટ્રાફિક પોલીસ જે નિયમિત ટ્રાફિકની કામગીરી કરવાની હોય તે પણ સુચારુ રીતે ચાલે તેવા પ્રયત્નો કરશે.

### કવીક રિસ્પોન્સ ટીમો, અર્ધ લશ્કરી દળો તૈનાત રહેશે

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આવતીકાલે ક્ષત્રિય સમાજના સંમેલનમાં ડીસીપી, એસીપી, પીઆઈ, પીએસઆઇ સહિત મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઉપરાંત કવીક રિસ્પોન્સ ટીમો, અર્ધ લશ્કરી દળો તૈનાત રહેશે.


**સાંજ સમાચાર**

**વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ**

**આજે જ જોડાવ**

એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ

તમારા સ્માર્ટફોન મોબાઈલના કેમેરામાંથી કયુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ

Join "સાંજ સમાચાર" WhatsApp Channel

Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel



**સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :**

- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેક્ટ પર ફોરવર્ડ કરી શકશો


## ભગવતીપરા પુલ નીચેથી ઋત્વિક સોજીત્રા સ્કોચની ૧૨ બોટલ સાથે ઝડપાયો

### ક્રાઈમ બ્રાંચની ટીમે રૂા.૬૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પુછતાછ હાથ ધરી

રાજકોટ, તા. ૧૩

ભગવતીપરા પુલ નીચેથી ઋત્વિક સોજીત્રા નામનો શખ્સ દારૂની મોંઘીદાટ સ્કોચની ૧૨ બોટલ સાથે નીકળતા ક્રાઇમ બ્રાંચે પકડી પાડી રૂા. ૬૪ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત મુજબ ક્રાઇમ બ્રાંચના પીઆઇ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ ડી.સી.સાકરીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાઠોડ અને કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજાને મળેલ ચોકકસ બાતમીના આધારે ભગવતીપરા પુલ નીચેથી બાઇકમાં પસાર થતા ઋત્વિક દિપક સોજીત્રા (ઉ.વ.૨૧, રહે. માધવ પાર્ક, શેરી નં.૬ના ખુણા, લિજજત પાપડની બાજુ, કોઠારીયા મેઇન રોડ)ને અટકાવી એકટીવામાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની મોંઘી સ્કોચની ૧૨ બોટલ મળી આવતા કુલ રૂા. ૬૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી દારૂના સપ્લાયર અંગે પુછતાછ હાથ ધરી હતી.





## વડોદરાના માંજલપુર સુધી પહોંચી રૂપાલા વિરોધી આગઃ પોલીસ દોડતી થઇ

રાજકોટ, તા.૧૩

ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં ભાજપે જાહેર કરેલા અનેક બેઠકોના ઉમેદવાર સામે સર્જાયેલા આંતરીક અસંતોષ અને રાજકોટ બેઠકમાં પરસોતમ રુપાલાના વિધાનોથી જે વિવાદ સર્જાયો છે તે હજુ પુરો થવાનું નામ લેતું નથી તે સમયે જ વડોદરામાં ભાજપે ઉમેદવાર બદલ્યા પછી પણ રુપાલાના નિવેદનના મુદ્દે હવે પક્ષના ગઢ ગણાતા માંજનપુરમાં જ ભાજપ વિરોધી પોસ્ટર લાગ્યા છે. અને અહીં ભાજપના ઉમેદવારે પ્રચાર કરવા આવવું નહીં કે કોઇ કાર્યકર કે આગેવાનોએ માંજલપુરમાં પ્રવેશ કરવો નહીં તેવા બેનર લાગતા ભાજપ અગ્રણીઓ દોડતા થઇ ગયા હતા.

રસપ્રદ બાબત એ છે કે માંજલપુર ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલ છે અને હાલમાં જ એક રેલી દરમ્યાન તેણે પક્ષના ઉમેદવાર ડો. હેમાંગ જોષીના હાથે ભાજપનો ખેસ પહેરવાનો ઈન્કાર કર્યો હતો.







### રૂપાલાએ પ્રચારમાં હવે બેટ ઉપાડ્યું

રાજકોટ લોકસભા બેઠકના પરસોતમ રુપાલા સામે ક્ષત્રિય સમાજનો વિરોધ વધી રહ્યો છે અને આવતીકાલે રાજકોટમાં જ ક્ષત્રિય સમાજનું મહાસંમેલન છે. તે સમયે આજે પ્રચાર માટે નીકળેલા પરસોતમ રુપાલાએ રાજકોટમાં ગંગેશ્વર મહાદેવ તેમજ હનુમાન મઢી ચોક પાસેથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો અને તે સમયે તેમના સ્વાગત માટે આવેલા ક્રિકેટ એકેડેમીના વિદ્યાર્થીનું બેટ લઇને હવામાં ઘુમાવ્યું હતું આમ રુપાલા હવે પુરા ફોર્મમાં હોવાનું મનાય છે. તેઓએ જો કે ખુલ્લી જીપમાં રેલી યોજવાનું પસંદ કર્યું હતું.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૦૦-૨૫૫૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૫૦-૨૫૦૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૯૦ |
| પામોલીયન તેલ | ૧૫૭૫-૧૫૮૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| મકાઇ તેલ | ૧૫૬૦-૧૫૭૫ |
| વનસ્પતિ ઘી | ૧૬૬૦-૧૭૦૦ |
| કોપરેલ | ૨૨૩૦-૨૨૫૦ |
| દિવેલ | ૨૦૪૦-૨૦૬૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૪૬૫૦(-૯૫૦) |

| ચાંદી |
|---|
| ૮૪૯૫૦(- |

# સદરબજારમાં 'ઈદ-ઉલ-ફિત્ર'ની શાનદાર ઉજવણીઃ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવએ માહે રમઝાન મુબારક ઈદની શુભેચ્છા પાઠવી



માહે રમઝાન મુબારક ઈદની શુભેચ્છા પાઠવતા આજીવન સેવાના ભેખધારી અને કોમી એકતાના હિમાયતી મર્હુમ ગનીબાપુ કટારીયાના નિવાસ સ્થાને શહેરના પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ ખાસ ઉપસ્થિત રહી ઈદની ભલી શુભેચ્છાઓ'સાથે મુબારકબાદી પાઠવી હતી. પોલીસ અધિકારીઓ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, ડીસીપી ઝોન-૧ સજજનસિંહ પરમાર, ડીસીપી-૨ સુધીરકુમાર દેસાઈ, ક્રાઈમ બ્રાંચ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ટ્રાફીક જયરાજભાઈ ગઢવી, એસીપી રાધિકા ભારાઈ, ડીસીપી ક્રાઈમબ્રાંચ એમ.આર.ગોંડલીયા, પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાર, પીઆઈ પી.આર.ડોબરીયા, પીએસઆઈ બી.વી.ચુડાસમા, પીઆઈ એ-ડિવિઝન આર.જી. બારોટ, એએસઆઈ સી.એમ. ચાવડા, હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ડાંગર, જયેન્દ્રસિંહ પરમાર વગેરે માહે રમઝાન મુબારકની શુભેચ્છા પાઠવી હતી. પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ ગનીબાપુના નિવાસસ્થાને પહોંચતા મર્હુમ ગનીબાપુના ધર્મપત્નિ આયસાબેન ગનીબાપુ કટારીયાએ પોલીસ કમિશ્નરને તથા સમગ્ર પોલીસ સ્ટાફને ઈદની શુભેચ્છા આપેલ હતી. આ પ્રસંગે સદર જુમ્મા મસ્જીદના હાફીઝ હાજી અકરમબાપુ, નાયબ ઈમામ અઝરૂદીન બાપુ, સદર જુમ્મા મસ્જીદ ટ્રસ્ટના પ્રમુખ યાકુબભાઈ દલવાણી, શિક્ષણ સમિતિના પૂર્વ સદસ્ય હાજી ફારૂકભાઈ બાવાણી, સદર કુરેશ જમાતના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, નીજામુદીનબાપુ કાદરી, હાજી અવેશભાઈ કામદાર, હાજી રહીશભાઈ નરી, ઈબ્રાહીમભાઈ મેમણ, અસ્લમભાઈ બાવાણી, મુસ્તુફાભાઈ વોરા, ઈસ્માઈલભાઈ બેલીમ, રહીમભાઈ જમાલભાઈ, સબ્બીરભાઈ ઉમરેટીયા, યુનુસભાઈ કટારીયા, હિન્દુ ભાઈઓ દેવપૂજક સમાજના અગ્રણી નરેશભાઈ મકવાણા, કેતનભાઈ ગોંડલીયા, પાણી પુરવઠા બોર્ડના આશીફભાઈ ખોખર, ગૌસ્વામી સમાજના અગ્રણી જયસુખભાઈ ગૌસ્વામી, રઘુવંશી સમાજના યુવા અગ્રણી મુન્નાભાઈ કેસરીયા, કેતનભાઈ બોરીસાગર, જયરાજભાઈ રાઠોડ, હિમાંશુભાઈ વ્યાસ, નરેન્દ્રભાઈ ખોલીયા, મુસ્લીમ અગ્રણી હાજી હુસેનભાઈ સમા, પત્રકાર યુસુફભાઈ સોપારીવાલા, ગનીબાપુ કટારીયાના પરીવારના ગફારભાઈ કટારિયા, હબીબભાઈ કટારીયા, યુસુફભાઈ કટારીયા, હનીફભાઈ કટારીયા, સલીમભાઈ કટારીયા, રફીકભાઈ કટારીયા, સકીલભાઈ કટારીયા, સુફયાનભાઈ કટારીયા, અલ્તાફભાઈ કટારીયા, નવાઝ સમા વિગેરે ઈદના મુબારક દિવસે સૌએ એક-બીજાને શુભેચ્છા પાઠવી હતી.

# ઈક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા જેવા પ્રિમિયમ પ્રોજેકટનું બોલિવુડના પ્રખ્યાત અભિનેતા સુનીલ શેટ્ટીના હસ્તે લોન્ચીંગ

## હિરાસર એરપોર્ટ નજીક જ ત્રણથી વધુ રેસિડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોજેકટ સફળતાપૂર્વક પરિપૂર્ણ કર્યા





તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટઃતા ૧૩

રાજકોટ જ્યારે રીયલ એસ્ટેટ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે યશકલગી સમાન હિરાસર ખાતે કાર્યરત થયેલ રાજકોટ ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ આસપાસ વિકસિત થઈ રહેલા ઘણા પ્રોજેકટસમાં ભાવોમાં ખૂબ ઉછાળો જોવા મળી રહ્યો છે અને તેજીના અણસાર દેખાઈ રહ્યા છે ત્યારે 'ઈક્રેડિબલ ગ્રુપ' કે જે હિરાસર એરપોર્ટ નજીક જ ત્રણથી વધુ રેસિડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોજેકટ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી ચૂકયા છે અને હવે આગામી સમયમાં ઈક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા જેવો પ્રિમિયમ પ્રોજેકટ લોન્ચીંગ કરી રહ્યા છે.

આ પ્રોજેકટનું લોન્ચીંગ બોલીવુડના પ્રખ્યાત અભિનેતા સુનીલ શેટ્ટીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટની ખાસિયતો એ છે કે બાઉન્ડ્રી પેક સોસાયટી સાથે સાથે ક્લબ હાઉસ, એન્ટ્રી ગેટ, સિક્યુરિટી કેબીન, રીવરફ્રન્ટ વ્યુ, રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ સાથેની તમામ સુવિધાઓ સાથે સજ્જ સોસાયટી થવા જઈ રહી છે. તો રાજકોટ, સૌરાષ્ટ્ર તથા તમામ રોકાણકારોને આ પ્રોજેકટમાં રોકાણ માટે ઈક્રેડિબલ ગ્રુપ આમંત્રિત કરે છે.

ઈનક્રેડિબલ ગ્રૂપ નું આ ચોથું પ્રોજેકટ છે. જે ફુલ્લી ફર્નીચર સાથે પઝેસન મળશે. ૨ બીએચકે અને ૩ બીએચકે ના વીલા ઉપલબ્ધ છે. જેની કિંમત ૫૫ લાખ અને ૬૫ લાખ રાખવામાં આવી છે. રેડી પઝેસન ૨૦૨૬ માં મળશે. જેનું બુકિંગ ચાલુ થઈ ગયું છે જેની ઓફિસ ૧૦૧૦, ધ સ્પાયર, શીતલ પાર્ક, ૧૫૦ફિટ રીંગ રોડ ખાતે આવેલ છે. **(તસ્વીર : પંકજ શીશાંગીયા)**


## રઘુવંશી ચિલ્ડ્રન સોસા. દ્વારા ટેલેન્ટ શો યોજાશે

રાજકોટ,તા.૧૩

રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી દ્વારા તા.૨૧ના રવિવારે કેશરીયા લોહાણા મહાજન વાડી કરણપરા ચોક ખાતે વિવિધ કાર્યક્રમો યોજાશે.વડિલો માટે ઉમરની ઉજવણી અને બાળકો માટે ટેલેન્ટ શો યોજાશે.

### જાણીતા ભાગવત કથાકાર શાસ્ત્રી જનકભાઈ મહેતાના વ્યાસાસને

# રામનવમીથી ધર્મેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું દિવ્ય આયોજન



રાજકોટ તા.૧૩

ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધરમનગર શેરી નં.૪, રાજ બેંક પાછળ, ગાંધીગ્રામ સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડના આંગણે આગામી તા.૧૭ (રામનવમી)થી તા.૨૩ (હનુમાન જયંતી) સુધી સૌરાષ્ટ્રના જાણીતા ભાગવત કથાકાર શાસ્ત્રી જનકભાઈ મહેતાના (ડોડીયાવાળા)ના વ્યાસસને શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું દિવ્ય આયોજન કરવામાં આવેલ છે. કથાનો સમય બપોરના ૪થી ૭નો રહેશે.

તા.૧૭મીના બુધવારે બપોરે ૩-૩૦ કલાકે પોથીયાત્રા, તા.૧૮ના સાંજે ૭ વાગે કપીલ જન્મ, તા.૧૯ના સાંજે ૭ વાગે નૃસિંહ જન્મ, તા.૨૦ના સાંજે ૬-૩૦ કલાકે કૃષ્ણ જન્મ નંદ ઉત્સવ ભવ્ય રીતે ઉજવાશે

તા.૨૧મીના રવિવારે ગિરિરાજ ઉત્સવ તથા અન્નકોટ વગેરે ઉજવાશે. તા.૨૨મીના સાંજે ૬ વાગે શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ તથા તા.૨૩મીના સાંજે ૬ વાગે કથા વિરામ પામશે.

આયોજક કમીટીના મોહનભાઈ ગઢવી, આર.ડી. જાડેજા, અશ્વિનભાઈ હજરનીશ, સુરેશભાઈ પંડયા, જયંતીલાલ પરમાર, કિરીટભાઈ રાઠોડ, દિપકભાઈ ભટ્ટ વગેરે સહિત અન્યો જહેમત ઉઠાવી રહ્યા છે. પિતૃઓના મોક્ષાર્થે ભાગવત સપ્તાહમાં જે કોઈ ભાવિકોને મુખ્ય યજમાન કે સહ યજમાન તથા પાટલા પોથી માટે મોહનભાઈ ગઢવી (મો.૮૭૮૦૭ ૭૪૦૩૫)નો સંપર્ક કરવો.

# ક્રિએટીવ એસોસિએટ્સ દ્વારા વિનામુલ્ય ધ્યાન શિબિરનું આયોજન

રાજકોટઃતા ૧૩

કોરોના મહામારીને કારણે લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર ઉંડી અસર પડી છે.આજની દોડભાગવાળા જીવનમાં તણાવ અને ચિંતાને કારણે તે પોતાનું કોઈ કામ સારી રીતે કરી શકતા નથી. તેઓ પોતાના કામ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. જેના કારણે લોકો પોતાનું જીવન બેકાર લાગવા લાગે છે અને તેઓ કોઈ ખોટા પગલા લેવા લાગે છે. આ બધી સમસ્યાનો ઉપાય છે મેડિટેશન. મેડિટેશન એટલે ધ્યાન. તેનાથી શરીર, અને મન શાંત રહે છે. તેને નિયમિત કરવાથી તમારુ જીવન તણાવમુક્ત બનશે.

આ વેકેશન મા ક્રિએટીવ એસોસિએટ્સ દ્વારા વિનામુલ્ય અતિમુલ્યવન ધ્યાનશિબિરનું આયોજન કરવામા આવેલ છે તેથી થીમ રજીસ્ટ્રેશન કરાવવા ૧૦૭-૧૧૧, પહેલો માળ, સ્ટારપ્લાઝા, ફુલછાબ ચોક, રાજકોટ પર આગાઉથી નામ લખાવાનું રહેશે.

# તીર્થધામ સાંકળી મુકામે પૂ.વિવેકસાગર સ્વામીના વકતાપદે પંચ દિનાત્મક શ્રી હરિચરિત્ર કથાનો પ્રારંભઃ રાત્રે રાસોત્સવ



રાજકોટ,તા.૧૩

સ્વામિનારાયણ આશ્રમ તીર્થધામ સાંકળીમાં બિરાજતા વ્હાલા વ્હાલા શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં ,સેવામૂર્તિ પ.પ.સ.ગુ.શ્રી વિષ્ણુપ્રસાદજી સ્વામીની સ્મૂતિમાં, અક્ષરનિવાસી પ.પૂ.સ.ગુ.શાસ્ત્રી ભગવતચરણદાસજી સ્વામીના દિવ્ય આર્શીવાદથી એવમ્ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજનાં રૂડા આશીર્વાદથી બાલાજી હનુમાનજી મંદિરના મહંત કોઠારી અને તીર્થધામ સાંકળીના સ્થાપક પૂ.વિવેકસાગર સ્વામીના વકતાપદે હરિચરિત્ર કથાનો મંગલ પ્રારંભ થયો છે ત્યારે ગઈકાલે શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના કો.શાસ્ત્રી શ્રી રાધારમણ દાસજી સ્વામી, ખીરસરાથી પૂ.ભકિતપ્રકાશ સ્વામી ,વીરપુરથી પૂ. નિમર્લદાસજી સ્વામી ,બાલાજી મંદિરના કોઠારી પૂ.મુનિવત્સલ સ્વામી , કીર્તન ભગતજી સહિતના સંતોની પાવન ઉપસ્થિતિમાં ભવ્ય પોથીયાત્રા નીકળી હતી ત્યારબાદ દીપ પ્રાગટય તેમજ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા, શ્રી હરિચરિત્ર કથા શ્રવણનો બહોળી સંખ્યામાં ગ્રામજનો, ભક્તોએ અલભ્ય લાભ લીધો હતો, અને આજે શનિવારે રાત્રે શાખયોગી મંગળા બા ના આશીર્વાદથી શ્રી હરિકૃષ્ણ મહિલા મંડળના બહેનો દ્વારા સાખયોગી નવધા બાના માર્ગદર્શન હેઠળ રાસોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે આવતીકાલે સવારે ૮ થી ૧૧ સુધી ઘનશ્યામ મહારાજનું ભવ્ય રાજોપચાર પૂજન થશે.



## જીવદયા પ્રેમી કેતનભાઈ સંઘવીનું સન્માન



રાજકોટ,તા.૧૩

ગૌરક્ષક રાજકોટ થી સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી જૈન અગ્રણી કેતનભાઈ સંઘવી અને તેની ટીમ દ્વારા કબરાવ મોગલધામના પ.પુ .'મોગલ કુળ'ચારણ ઋષિ સામંત બાપુ એ કેતનભાઈ સંઘવીને ગૌમાની પ્રતિમા આપીને ખેસ પહેરાવીને સન્માન કર્યું હતું અને બાપુએ ખૂબ આશીર્વાદ આપ્યા હતા.

## નિશીથભાઈ ઉપાધ્યાયનું પ્રવચન

રાજકોટ,તા.૧૩

ધર્મ-કર્મનું પુણ્ય અબજો ગણું કેવી રીતે પ્રાપ્ત થાય તેની સમજૂતી આપતું વકતવ્ય શાસ્ત્રોકત પ્રમાણ સહિત વકતા શ્રી નિશીથભાઈ ઉપાધ્યાયનું પ્રવચન તારીખ ૩૦ માર્ચ ૨૦૨૪ શનિવારે સાંજે ૬:૦૦ થી ૭:૦૦ કલાકે પ્રણવાનંદ સંસ્કૃત ભવન, ભારત સેવક સમાજ, રેસકોર્સ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

# રાજકોટ મહાનગર ધર્મજાગરણ સમિતિ દ્વારા ચોટીલા મુકામે ડુંગર પરિક્રમાનું આયોજન કરાયું



રાજકોટ,તા.૧૩

રાજકોટ મહાનગર ધર્મજાગરણ સમિતિ દ્વારા ચોટીલા મુકામે ચામુંડા ધામમાં ડુંગર પરિક્રમાનું ચૈત્રી નવરાત્રીના પાવન દિવસે આયોજન કરાયું હતું. રાજકોટ માંથી પણ દરેક નગરમાંથી ચોટીલા મુકામે માય ભક્તોનો પદયાત્રામાં જોડાવા માટે અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે

આશરે રાજકોટ શહેરમાંથી ૧૦૦૦ થી પણ વધારે માય ભક્તો ચોટીલા પરિક્રમામાં જવાનું આયોજન કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર પ્રાંતના અધિકારી દેવેન્દ્રભાઈ દવે તેમજ રમેશભાઈ શિંગાળા તેમજ મહેશભાઈ મિયાત્રા તેમજ બટેશ્વર મિશ્રાજી તેમજ વિનોદભાઈ ચોટલીયા અને રાજકોટ મહાનગર ધર્મ જાગરણ ની ટીમ કાર્યરત છે.

# ચૈત્રી નવરાત્રીના પાંચમા દિવસે દેવી સ્કંદમાતાની આરાધના



ચૈત્ર નવરાત્રીના પાંચમા દિવસે દેવી સ્કંદ માતાનું પૂજન-આરાધના કરવામાં આવી છે. આજે આદ્યશકિત માઁ દુર્ગા દેવીન પાંચમા સ્વરૂપ સ્કંદ માતાની પૂજા-અર્ચના કરવામાં આવે છે. શિવ અને પાર્વતીના પુત્ર સ્કંદ (કાર્તિકેય)ની માતા હોવાના કારણે દુર્ગાજીના આ સ્વરૂપને સ્કંદ માતા નામ પડયું. એવી માન્યતા છે કે સંતાન સુખની ઈચ્છાથી જે ભકત માતાના આ સ્વરૂપની આરાધના કરે છે. તેની તમામ મનોકામના પૂર્ણ થાય છે. કમલ પર બિરાજીત હોવાના કારણે દેવીના આ સ્વરૂપને પદ્માસના પણ કહેવામાં આવે છે.

**આવું છે દેવીનું સ્વરૂપ**

દેવી દુર્ગાના આ રૂપનું ધ્યાન કરવાથી મનને શાંતિ મળે છે અને કષ્ટમાંથી છુટકારો મળે છે. આ રૂપમાં માતાને ચાર ભુજા છે. ભગવાન સ્કંદ બાલ રૂપમાં ગોદમાં બિરાજીત છે. જમણી તરફ ઉપરની ભુજાથી સ્કંદને ગોદમાં પકડીને બેઠા છે. તેમ નીચેની ભુજામાં કમળનું ફુલ છે. ડાબી તરફની ભુજામાં વરદમુદ્રા છે અને નીચેની ભુજામાં શ્વેત કમલ પુષ્પ છે. તેમનો વર્ણ શુભ્ર છે. સિંહ તેમનું વાહન છે.

**દેવીને પ્રસન્ન કઈ રીતે કરશો ?**

આચાર્ય ડો.બાલકૃષ્ણ મિશ્રને અનુસાર જે સાધક સંતાન સુખની પ્રાપ્તિ માટે આરાધના કરવા ઈચ્છે છે. તેઓએ દેવીને પ્રસન્ન કરવા માટે આ દિવસ લાલ વસ્ત્રમાં લાલ ફુલ, ફળ, ચોખા, સુહાગની સામગ્રી, સિંદુર, લાલ ચુડી, ચાંદલો વગેરે એકત્રીત કરીને માતાની ગોદ ભરવી જોઈએ.

**સ્કંદ માતાનો મંત્ર**

સિંહાસનગતા નિત્યં પદ્માશ્રિતકરદ્વયા ।
શુભદાસ્તુ સદા દેવી સ્કન્દ માતા યશસ્વિની ।।

# સ્ટાર સિનર્જી હોસ્પિટલ અને પારસ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે કાલે નિઃશુલ્ક મલ્ટી સ્પેશ્યાલીટી હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાશે

રાજકોટઃતા ૧૩

આવતીકાલે ને રવિવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન સ્ટાર સિનર્જી હોસ્પિટલ અને પારસ વિદ્યાલય રાજકોટના ઉપક્રમે નિઃશુલ્ક મલ્ટી સ્પેશ્યાલીટી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં સ્ટાર સિનર્જી હોસ્પિટલ-રાજકોટ ટીમઃ ડૉ.કપિલ રાઠોડ (બી.પી.ડાયાબીટીસ તથા ગંભીર રોગોના નિષ્ણાંત), ડૉ. દિક્ષિત સવજીયાણી (હાડકાં તેમજ સાંધાના(જોઈન્ટ રીપ્લેસમેન્ટ) સર્જન), ડૉ.તેજસ પંડયા (હૃદય રોગના નિષ્ણાંત), ડૉ. હિરલ હાલાણી શેઠ (હાડકાં તેમજ સાંધાના(જોઈન્ટ રીપ્લેસમેન્ટ) સર્જન), ડૉ.કૃણાલ કુંદડિયા (પથરી, પ્રોસ્ટેટ તથા મૂત્રમાર્ગના રોગોના નિષ્ણાંત), ડા.અરનબ ચટ્ટોપાધ્યાય (બી.પી. ડાયાબીટીસ તથા ગંભીર રોગોના નિષ્ણાંત), ડૉ. બંસી પરેજીયા (આદરોજા) (બી.પી. ડાયાબીટીસ તથા ગંભીર રોગોના નિષ્ણાંત), તેમજ આ કેમ્પમાં અન્ય સેવા આપનાર અન્ય ડોકટર્સ - ડો.ચિત્રાલી ચાવડા( સ્ત્રી રોગના નિષ્ણાંત), ડૉ.મયુર ગોસ્વામી (દાંતના તમામ પ્રકારના રોગોના નિષ્ણાંત), ડૉ.ભવ્યા મારૂ (દાંતના તમામ પ્રકારના રોગોના નિષ્ણાંત) પોતાની સેવાઓ આપશે.

## ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિતે સ્મરણાંજલી અર્પણ કાર્યક્રમ

રાજકોટ,તા.૧૩

ભારત સેવક સમાજના ઉપક્રમે અને યુથ ફોર ડેમોક્રેસીના સહાકારથી દેશના બંધારણનાં ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિતે સ્મરણાંજલી અર્પણ કરવા અને દેશના બંધારણવિદોને યાદ કરવા એક વાર્તાલાપ નું આયોજન કરવામાં આવેલ છે

જેનો વિષય 'રાષ્ટ્રનું બંધારણ બિન સાંપ્રદાયિક નીતિ અને રામરાજ્ય', ભારત સેવક સમાજ નાં પટાંગણમાં રવિવારે તા. ૧૪.૦૪.૨૦૨૪નાં સવારે ૧૧.૦૦ કલાકે યોજવામાં આવશે.

# સોમવારથી જૈનોની ચૈત્રમાસની શાશ્વત આયંબીલ ઓળીનો પ્રારંભઃ નવ દિવસ સ્વાદ-રસ વગરનો આહાર

રાજકોટ, ૧૩


આગામી તા.૧૫ના સોમવારથી સમસ્ત જૈન સમાજમાં ચૈત્ર માસની શાશ્વતી આયંબીલ ઓળીની આરાધનાનો પ્રારંભ થશે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં પૂ. સંત-સતીજીઓની નિશ્રામાં ભાવિકો આયંબીલ ઓળીની તપશ્ચર્યા કરશે.

રાજકોટમાં દેરાવાસી, સ્થાનકવાસી જૈન ઉપાશ્રયોમાં પૂ. સંત-સતીજીઓના વ્યાખ્યાન યોજાશે. દેરાવાસી જૈનોમાં શ્રીપાળ-મપણાસુંદરી પર વ્યાખ્યાન થશે. ઘણા છૂટક આયંબીલ કરશે અનેક ભાવિકો નવ દિવસ પુરી આયંબીલની ઓળી કરશે.

આયંબીલ તપમાં માત્ર એક જ વખત રસ વગરનો આહાર કરવાનો હોય છે. જજેમાં લુખ્ખુ સુકુ, અર્થાત તેલ, ઘી, દૂધ, દહીં, ગોળ, સબરસ, સાકર વગરનો રસ અને સ્વાદ રહિતનો આહાર કરવાનો હોય છે તથા અચેત પાણીનો ઉપયોગ કરવાનો રહે છે. તેલ-ઘી રહિતનો આહાર વાપરવાથી લીવરને રાહત મળે છે. આયંબીલ ઓળીમાં નવ દિવસ સુધી નમો અરિહંતાણં પદથી લઈ નમો લોએ સવ્વસાહુણં સાથે સમ્યક દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ સહિત નવપદની આરાધના વિધિપૂર્વક કરવાની હોય છે. ગ્રંથોમાં આ તપનું મહાત્મ્ય છે. જેમાં શ્રીપાલ મહારાજા તથા મયલાસુંદરીનું દ્રષ્ટાંત સુપ્રચલિત છે. સળંગ નવ દિવસ આયંબીલ થઈ શકતી હોય તો તે શ્રેષ્ઠ છે પરંતુ કોઈ કારણસર શક્ય ન હોય તો છૂટક પણ આયંબીલ કરી શકાય છે. જેનાથી જીવાત્મામાં તપના સંસ્કાર આવે છે અનેક આત્માઓ નવ દિવસ મૌન ધારણ કરીને આયંબીલ તપની આરાધના કરતાં હોય છે.

# કાલે શહેર ભાજપ દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલી અર્પણ કરાશે

## શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ



રાજકોટ, તા.૧૩

ડો. બાબાસાહેબ આંબેડકરજી એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, ઈતિહાસકાર, અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયના જ્ઞાતા હતા. તેઓએ ભારતીય બંધારણમાં નીભાવેલી જવાબદારીને કારણે તેમને 'બંધારણના ઘડવૈયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા, તેઓ ખરા અર્થમાં એક નાયક, વિદ્વાન, દાર્શનિક, વૈજ્ઞાનિક, સમાજસેવી અને ધૈર્યવાન વ્યકિતત્વના માલિક હતા. તેમની અદ્વિતીય પ્રતિભા અનુકરણીય છે.


આવતીકાલે દેશના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિની ઉજવણી અંતર્ગત શહેર ભાજપ દ્વારા આવતીકાલે તા.૧૪ એપ્રિલના સવારે ૯ કલાકે સીવીલ હોસ્ટિપલ ચોક ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. તેમજ સવારે ૧૦:૩૦ કલાકે શહેરના તમામ બુથમાં ડો.આંબેડકરજીના ફોટાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જાહેર અનુરોધ કર્યો છે.

## હેપ્પી બર્થ ડે આયુશી



રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચાના મંત્રી રાજેનભાઈ કે. સિંધવની પૌત્રી આયુશી પારસ સિંધવનો આજે જન્મદિવસ છે. તેના જન્મ દિવસે તેના મોટા દાદા નિવૃત રેલ્વે કર્મચારી મચ્છાભાઈ કે. સિંધવ, દાદા અજયભાઈ કે. સિંધવ, ભાઈ પ્રિયાંશુ, કરણ, ધ્યાનસુ, મમ્મી શોભાનાબેન આયુશી ને અમી વર્ષા વરસાવેલ છે. તેના જન્મ દિવસ નિમિતે સરકારી બાળકોની હોસ્પીટલમાં ફ્રુટ-બિસ્કીટનું વિતરણ કરેલ છે.

# આજે શ્યામા ગ્રુપના ઓનર રવિ મોલીયાનો જન્મદિવસ



આજે શ્યામ ગ્રુપના ઓનર રવી મોલીયાનો જન્મદિવસ છે.તેઓએ અત્યાર સુધી ૬ થી વધુ બિઝનેસ પ્રોજેકટ કર્યા છે. તેમજ અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાય સેવા પ્રવૃતિ કરી રહ્યા છે. જેમાં શ્યામા ટીવન્સ (ઘંટેશ્વર) ૨ બીએચકે એન્ડ શોપ, શ્યામા (રોણકી) ૩ બીએચકે એન્ડ શોપ, શ્યામા રેસીડેન્સી ૪ બીએચકે બંગ્લો (રોણકી) શ્યામા ફલોર ૪ બીએસકે બંગ્લો (મવડી) શ્યામા ૪ બીએચકે બંગ્લો (મવડી) અને શ્યામા વાટીકા ૪ બીએચકે બંગ્લો (મોરબી રોડ) આવા બીજા પણ આલીશાન શાનદાર પ્રોજેકટ તૈયાર કર્યા છે. જેના થકી અનેક લોકોનું ઘરના ઘરનું સપનું પુર્ણ થયું છે. તેમના જન્મદિવસ નિમિતે જાણીતા બિલ્ડરો મિત્ર વર્તુળ મો.નં.૯૮૯૮૯૯૯૮૯૬ પર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# કાલે ૧૪ એપ્રિલઃ સામાજિક સમરસના તરફ એક કદમ



રાજકોટ,તા.૧૩

સમાજ જીવનમાં દબાયેલા, કચડાયેલા, પિડીતો, વંચિતોને પોતાના હક્ક અધિકાર મળે, માણસ-માણસ વચ્ચેના ભેદભાવ, વ્યવહારમાં સમાનતા આવે, જાતિ-જાતિ વચ્ચેની અસ્પૃશ્યતા દૂર થાય એ માટે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, લોકમાન્ય તિલક, રાજા રામમોહનરામ, વીર સાવરકર, ઠક્કરબાપા, મહાત્મા જ્યોતિરાવ ફૂલે, ડો.હેડગેવાર, ડો.બાબાસાહેબ આંબેડકર, અહલ્યાબાઈ જેવા મહાપુરુષો પોતાના જીવન પર્યન્ત પ્રયત્નશીલ રહ્યા છતા અપેક્ષિત પરિણામો મળ્યા નથી. આઝાદીના ૭૬ વર્ષ પછી પણ આપણે સામાજીક સમરસતા દાખવવામાં ક્યાંકને ક્યાંક ઉણા ઉતર્યા છીએ. હજુ આપણે સૌ જાણે અજાણ્યે વાણી, વર્તન, વિચારથી અસ્પૃશ્યતા દાખવીએ છીએ. આપણા પીડીત બાંધવોના હૃદયમાં કોઈક ખૂણે પોતાને સામાજીક ન્યાય ન મળ્યાનો રંજ રહ્યા કરે છે એ સ્વાભાવિક છે.

ડો. બાબા આંબેડકરના કાર્યોનો અભ્યાસ કરવામાં આવે તો એમાં સમભાવનાના જ દર્શન થશે. એમનો આક્રોશ હંમેશા સામાજીક સમરસતા પામવા માટેનો હતો. એમણે મિત્રોને સાથે મળીને સમતા સંઘની સ્થાપના કરી હતી. ભારતીય સંવિધાનમાં પણ એમણે સમાજના કચડાયેલા, પિડીતો, વંચિતો, મહિલાઓ માટે સમાન હક્ક અધિકારની જોગવાઓ કરી છે. એટલે તો અમેના જન્મ દિવસને સામાજીક સમરસતા દિવસ તરીકે મનાવવામાં આવે છે.જો આપણે બાબાસાહેબના જન્મદિનને એમના વિચારને સાર્થક કરવા માંગતા હોઈએ તો ૧૪ એપ્રિલે સામાજીક સમરસતા તરફ એક કદમ ઉઠાવવા આપણી સોસાયટીના લોકો ભેગા મળી વહેલી સવારે આપણી શેરીવાળવા આવતા સફાઈ કામદાર માટે એક કપ ચા અને પીવાના પાણીની વ્યવસ્થા ગોઠવીએ આ નાની એવી શરૂઆત આવતા દિવસોમાં સામાજીક સમરસતા માટે બહુ મોટી ચળવળ બની જશે.અસ્તુ.સંકલન રાજુ જુંજા-જન સેવક સામાજીક સમરસતા સંયોજક મો.૯૮૯૮૧ ૦૨૪૭૨


## સંત કંવરરામ સેવા સમિતિ-ગાંધીગ્રામના ઉપક્રમે

# અમર શહીદ સંત કંવરરામ સાહેબના ૧૩૯માં જન્મોત્સવ નિમિત્તે સાંજે સંતવાણી-લંગર

રાજકોટ, તા.૧૩

સંત કંવરરામ સેવા સમિતિ-ગાંધીગ્રામ રાજકોટના ઉપક્રમે આજે તા.૧૩ના અમર શહીદ સંત કંવરરામ સાહેબના ૧૩૯મા જન્મોત્સવ પ્રસંગે સાંજે ૬-૩૦ કલાકે મોચીનગર કોમ્યુનીટી હોલ, ગુરુનાનક ચોક, ગાંધીગ્રામ ખાતે અમિતકુમાર ધનકાણી મ્યુઝીકલ પાર્ટી દ્વારા ધાર્મિક ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સાથોસાથ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોક્ત આયોજનને સફળ બનાવવા માટે પરસોતમભાઇ પમનાણી, કનૈયાલાલ નાગદેવ, વિનુભાઇ ગંગારામાની, દીપેશ પમનાણી, કમલેશ નાગદેવ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.



**જીવન પરિચય**

પાકિસ્તાનના સિંધ પ્રાંતના સખ્ખર જીલ્લાના જરવાડ ગામે તારાચંદભાઇ કે જે કરિયાણાની દુકાન ચલાવતા હતા અને મધ્યમ વર્ગી કુટુંબ ધાર્મિક સંસ્કાર, ઇશ્વર શ્રધ્ધા, સાદગી અને શુધ્ધ ચરિત્ર ધરાવતું હતું તેમને ત્યાં તા.૧૩-૪-૧૮૮૫ના રોજ માતા તિરથબાઇના કુખે સંત કંવરરામનો જન્મ થયો હતો.

જન્મ સમયે તેમના મુખ ઉપર એટલું બધું તેજ હતું કે જે કોઇ બાળકને જોતા તે તેમનું દૈદિપ્યમાન રૂપ જોતા રહી જતા. બાળ કંવરરામ સુતા હોય તો જાણે કોઇ યોગી સમાધિમાં લીન હોય એવું લાગતું હતું. આંખ ખોલી ઉંચે જોતા હોય તો એવું લાગતું કે દેવતાઓ સાથે વિચાર વિમર્શ કરતા હોય અને જો તે રડતા તો પણ જાણે ભક્તિરસ ઝરતો હોય એવું લાગતું હતું તેઓ બાળપણથી જ ઇશ્વરમય જીવન જીવતા હતા. સામાન્ય બાળકો કરતાં અનોખા હતા. બાળવયે જ ગરીબો, પશુ-પંખીઓ પ્રત્યે ખુબ જ લાગણી અને કરુણતા રાખતા હતા.સંત કંવરરામ થોડા મોટા થયા કે તેમના ગુણો દેખાવા માંડયા. તેમને જ્યારે મીઠાઇ કે અન્ય સારી ખાવાની વસ્તુ મળતી ત્યારે હંમેશા બધુ વહેંચીને જ ખાતા. વળી કોઇ દિવસ તેમને મુખ પણ રંજ, ખીજ, ગુસ્સો, તિરસ્કાર, નફરત વિગેરેના ભાવ જોવા મળતા ન હતા.

ઇ.સ. ૧૯૩૯ની ૧લી નવેમ્બરના ગુરુવારની રાત્રે સિંધ પ્રાંતના રૂક રેલવે સ્ટેશન પર ગોળી મારી તેમની હત્યા કરવામાં આવી ત્યારે ઢળી પડયા, તેમના મુખમાંથી 'રામ' શબ્દ પ્રકટ થયો હતો એ વખતે સંત કંવરરામની ઉંમર ૫૪ વર્ષની હતી.આજે સંત કંવરરામના જન્મ દિને સમસ્ત સિંધી સમાજે ભાવ વંદના વ્યકત કરી છે.

## વિશ્વ હોમિયોપેથી દિવસના ઉપલક્ષમાં આયોજન

# એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજમાં બે દિવસીય ગાર્ડી હોમિયોપેથિક કોલોકિવઅમ સેમિનાર

### દેશના જાણીતા અને હોમિયોપેથીક કાર્ડિયોલોજીસ્ટ ડો. આદિલ ચિમથાનવાલા માર્ગદર્શન આપશે : તેમના દ્વારા ચાલુ હાર્ટએટેકમાં હોમિયોપેથીક સારવાર દ્વારા જીવન બચાવ્યાના દાખલા છે

### સેમિનારમાં રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ શહેરોમાંથી હોમિયોપેથી પ્રેક્ટીશનર્સ, ઈન્ટર્ન્સ અને હોમિયોપેથીના વિદ્યાર્થીઓ ખાસ હાજરી આપશે

રાજકોટ, તા.૧૩

આગામી વિશ્વ હોમિયોપેથી દિવસના ઉપલક્ષમાં રાજકોટની જાણીતી ગાર્ડી વિદ્યાપીઠ સ્થિત એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજમાં હોમિયોપેથિક કોલોક્વિઅમ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૩ અને ૧૪ એપ્રિલના રોજ ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસના વિશાળ ઓડિટોરિયમમાં આ કાર્યક્રમ યોજાશે. જેમાં વકતા સ્થાને જાણીતા હોમિયોપેથીક કાર્ડિયોલોજિસ્ટ ડો.આદિલ ચિમથાનવાલાને આમંત્રિત કરવામાં આવ્યા છે.

ડો. આદિલનો વધારે પરિચય આપતા એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજના પ્રિન્સીપાલ ડો. અરવિંદ ભટ્ટે જણાવ્યું હતું કે, આ સેમિનારના વકતા સ્થાને ખાસ ડો. આદિલને આમંત્રિત કરાયા છે. તેઓ હોમિયોપેથિક કાર્ડિયોલોજીસ્ટ તરીકે ફરજનિષ્ઠ છે. તેઓ આદિલ હોમિયો હાર્ટ કેર સેન્ટર, નાગપુરના કન્સલ્ટિંગ હોમિયોપેથિક ફિઝિશિયન તરીકે સેવા બજાવી રહ્યા છે. તેઓ નેશનલ એકેડેમી ઓફ હોમિયોપેથિક ઇન ઇન્ડિયા (એન.એ.એચ.આઈ) ના સેક્રેટરી છે. તેઓને ડોકટર હેનેમેન એવોર્ડ, અવંતિકા ધનવંતરી એવોર્ડ, હોમિયો શ્રી એન્ડ સ્ટાર ઓફ હોમિયોપેથી જેવા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે નેશનલ જનરલ ઓફ હોમિયોપેથી (એન.જે.એચ.), મુંબઈના હોમિયોપેથી અને જર્નલ પર વિવિધ પુસ્તકોના લેખક તરીકે નામના પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ સેમિનાર, વેબીનાર અને સાયન્ટિફિક પેપરની રજૂઆત કરી છે.



'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસ ખાતે મુલાકાતે આવેલ કોલેજનું પ્રતિનિધિ મંડળ અને ડો. આદિલ ચિમથાનવાલાએ સેમિનાર અને હોમિયોપેથી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.(તસવીર: પંકજ શીશાંગીયા)

તેઓને સાંભળવા એ હોમિયોપેથીના વિદ્યાર્થીઓ અને તબીબો માટે એક અવસર સમાન છે. ડો. આદિલે એલોપેથીમાં એમ.બી.બી.એસ. બાદ ડી.એન.બી. (સ્પેશ્યલાઇઝેશન) નો અભ્યાસ કરી કાર્ડિયોલોજીમાં મહારથ હાંસલ કર્યા બાદ, તેમણે હોમિયોપેથીનો અભ્યાસ કરી, હાલમાં હોમિયોપેથીક કાર્ડિયોલોજીસ્ટ તરીકે નામના ધરાવે છે. દેશમાં અને વિશ્વમાં હોમિયોપેથીક કાર્ડિયોલોજીસ્ટ ક્ષેત્રે કામ કરતા જુજ ડોકટરોમાં ડો. આદિલ મોખરાનું સ્થાન ધરાવે છે. તેમના દ્વારા ચાલુ હાર્ટએટેકમાં હોમિયોપેથીક સારવાર દ્વારા જીવન બચાવ્યાના દાખલા છે.

તેમના વ્યસ્ત શેડયુઅલમાંથી સમય કાઢી તેઓ ખાસ રાજકોટ પધાર્યા છે, અને આપણા મહેમાન બન્યા છે, એ તમામ રાજકોટવાસીઓ માટે અવસર સમાન છે. આ બે દિવસીય સેમિનારના પ્રથમ દિવસે એટલે કે ૧૩ એપ્રિલના રોજ ડો. આદિલ હોમિયોપેથીના વિદ્યાર્થીઓને સેમિનારના પ્રથમ સેશનમાં અન્ડરસ્ટેન્ડિંગ ઓફ કાર્ડિયાક કેસ-બેઝિક ટુ બેડ સાઈડ અને હાઇપરટેશન - ધ ફાઈનલ ફ્રન્ટયર જેવા વિષયો ઉપર સવિસ્તાર માર્ગદર્શન આપશે. બીજા સેશનમાં પ્રથમ પોટેન્સી સિલેક્શન અને સિમટમ ધ કિ ટુ સિલેક્શન જેવા વિષયો પર માર્ગદર્શન આપશે. સેમિનારના બીજા દિવસે પ્રથમ સેશનમાં કાર્ડિયાક પ્રોટોકોલસ અને કેસિસ વિથ ડિશકશન એન્ડ રેમેડી સિલેક્શન વિષય પર, જ્યારે બીજા સેશનમાં ગ્લિમ્પ્સીસ ઓફ આઈ સી યુ મેનેજમેન્ટ અને હાયપરટેન્શન પ્રોટોકોલ્સ જેવા વિષય પર ઉપસ્થિત તબીબો અને ઇન્ટરસને માહિતગાર કરવામાં આવશે. ગાર્ડી વિદ્યાપીઠ સ્થિત એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજના સેમિનારમાં રિસોર્સ પર્સન તરીકે સેવા આપવા સહમત થવા બદલ ડો. આદિલનો સંસ્થાના ચેરમેન ડી.વી.મહેતા, મેનેજીંગ ડિરેક્ટર જયભાઈ મહેતા અને એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજના પ્રિન્સીપાલ ડો. અરવિંદ ભટ્ટ દ્વારા સંસ્થાના વતી અને સેમિનારમાં ભાગ લેનાર તમામ સહભાગી તરફથી આભાર વ્યકત કરવામાં આવે છે.

### હોમિયોપેથી સારવારના કારણે ૧૮ માસની બાળકીનું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થતુ અટકયું

ડો.આદિલે જણાવ્યું કે, તેમના દ્વારા એક ૧૮માસની બાળકી કે જેને હૃદયની બિમારી હતી.તેનું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવાની સલાહ અપાઈ હતી.જો કે, આ બાળકીને હોમિયોપેથીની સારવાર અપાતા ઘણો જ સુધારો થયો. હૃદય પહેલા કરતા વધુ ટકામાં કામ કરવા લાગ્યું અને હૃદય ટ્રાન્સપ્લાન્ટ સર્જરી ન કરવી પડી. એવી જ રીતે દર અઠવાડીયે એક દર્દીને લોહી બદલવું પડતું.તેની બિમારીના લક્ષણ ખુબ ગંભીર હતા.તેમણે હોમિયોપેથી સારવાર કરાવી પછી હવે તેને વર્ષે કદાચ એકાદ વખત જ લોહી બદલવાની જરૂર પડી છે. આમ હોમિયોપેથી હવે માત્ર તાવ-શરદી માટેની જ ચિકત્સા પધ્ધતિ નથી. મોટા રોગો પણ આનાથી નિયંત્રિત કરી શકાય છે.

### કાર્ડિયોલોજીસ્ટ ક્ષેત્રે ડો.આદિલ દેશમાં એક માત્ર હોમિયોપેથીક તબીબ

ડો.આદિલ ચિમથાનવાલા દેશના એક માત્ર હોમિયોપેથીક ડોકટર છે જે કાર્ડિયોલોજીસ્ટ ક્ષેત્રે કાર્ય કરી રહ્યા છે. તેમના મતે હોમિયોપેથીમાં તમામ રોગની દવા છે. શાહિરીક સાથે માનસિક તકલીફોનો પણ અસરકારક ઉપચાર છે. હોમિયોપેથીક ખૂબ જ જુની ચિકિત્સા પદ્ધતિ છે.ડો. આદિલ એલોપેથીમાં ઓમબીબીએસ બાદ ડીએનબીનો અભ્યાસ કરી કાર્ડિયોલોજીમાં મહારથ હાંસલ કર્યા બાદ તેમણે હોમિયોપેથીનો અભ્યાસ કર્યો. હાલમાં તેઓ હોમિયોપેથીક કાર્ડિયોલોજીસ્ટ તરીકે નામાંકીત છે.

### હોમિયોપેથીની વિશેષતાઃ અસરકારક છે, પણ કોઈ આડઅસર નથી

ડો.આદિલે પોતાના અનેક કેસોના અનુભવોનો નિચોડ જણાવતા કહ્યું કે, હોમિયોપેથીમાં એક વખત દવા શરૂ કર્યા પછી જીવનભરએ દવા ચાલુ જ રાખવી પડે તેવું નથી.દર્દી વચ્ચેથી પણ દવાઓ-સારવાર છોડી શકે છે. આ ચિકિત્સા પદ્ધતિથી રોગના મૂળ સુધી પહોંચી રોગને નાબુદ કરવા કે તેને નિયંત્રિત કરી શકાય છે.

# ત્રંબામાં ભાજપની સભામાં મંત્રીની હાજરીમાં ખુરશીઓ ઉડી

### સભા શરૂ થતાં જ ક્ષત્રિય સમાજના યુવાનો ઘસી આવ્યાઃ રૂપાલા હાય.... હાયનાં નારા લગાવ્યાઃ ૧૩ની અટકાયત બાદ મુકત કરાયા

રાજકોટ,તા.૧૩

રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપ ઉમેદવાર પરશોત્તમ રૂપાલાનો રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર-ઠેર વિરોધ થઈ રહ્યો છે. ત્યારે ગઈકાલે રાજકોટ-ભાવનગર હાઈ-વેનાં ત્રંબા ગામે યોજાયેલી સભામાં મંત્રીની ઉપસ્થિતિમાં ખુરશીઓ ઉડી હતી. સાથે રૂપાલા હાય....હાયનાં સુત્રોચ્ચાર સાથે વ્યકિતઓની અટકાયત કરી હતી.જાણવા મળતી વિગત મુજબ રાજકોટ-ભાવનગર હાઈવે ત્રંબા (કસ્તુરબા ધામ) ગામે લોકસભા બેઠકના ભાજપનાં ઉમેદવાર પરશોત્તમ રૂપાલાનાં સમર્થનમાં મોદી સભાનું આયોજન થયું હતું. જેમાં રાજયનાં કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા જિ.પ.પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર સહિતનાં મહાનુભાવોની હાજરીમાં સભા શરૂ થતા જ ક્ષત્રિય સમાજનાં યુવકો અને ભાઈઓએ ધસી આવી રૂપાલા હાય...હાય...નાં નારા લગાવતા સભા મંડપ અને મંચસ્થ મહાનુભાવો સ્તબ્ધ થઈ ગયા હતા સુત્રોચ્ચાર સાથે ખુરશીઓના ઘા થતા પોલીસ દોડી આવી હતી. અને દેખાવો કરનાર ૧૩ને પોલીસ વાનમાં બેસાડી અટકાયત કરી આજીડેમ પોલીસ સ્ટેશન લઈ જવાયા હતાં. બાદ તમામને મુકત કરાયા હતાં.

## કાલે જામનગર-વડોદરા ઈન્ટરસીટી ટ્રેન આંશિક રદ્દ

રાજકોટ, તા. ૧૩



પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના વડોદરા-ગૈરતપુર સેક્શનમાં આવેલા ગોઠાજ સ્ટેશન પર ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ ની કામગીરી ના લીધે, રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થશે. આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોમાં (૧) ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ ૧૪ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આ રીતે આ ટ્રેન અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. (૨) ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ ૧૪ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ વડોદરાને બદલે અમદાવાદથી ઉપડશે. આ રીતે આ ટ્રેન વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઇટ www.enquiry.indianrail.gov.inનીમુલાકાત લઈ શકે છે.

# મંગળવારે ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ તથા સમસ્ત વાળંદ સમાજ દ્વારા ૩૭ મો હવન મહોત્સવ

### મંગલયજ્ઞ, શોભાયાત્રા, બિડુ હોમવાનું, સન્માન સમારંભ અને મહાપ્રસાદનો કાર્યક્રમોની વણઝાર

### નયનાબેન પેઢડીયા, મુકેશભાઇ દોશી, રામભાઇ મોકરીયા સહિતના ઉપસ્થિત રહેશે

રાજકોટ, તા.૧૩

ક્ષૌરકર્મ વાળંદ સમાજ સમિતિ તથા સમસ્ત વાળંદ સમાજ રાજકોટ દ્વારા ૩૭ મો હવન મહોત્સવ તા.૧૬ એપ્રિલના મંગળવારના રોજ વાળંદ સમાજની વાડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં માતાજીના યજ્ઞનો પ્રારંભ સવારે ૮ કલાકે મંગલયજ્ઞ, સવારે ૯ કલાકે શોભાયાત્રા વાળંદ સમાજની વાડી થી સેન મહાજન સર્કલ, બપોરે ૧૨ બિડુ હોમવાનું, સાંજે ૭ કલાકે સન્માન સમારંભ અને સાંજે ૭:૩૦ કલાકે મહાપ્રસાદ રેસકોર્ષ ખાતે યોજાશે. આ તકે શહેર પ્રમુખ ભાજપ મુકેશભાઇ દોશી, સાંસદ રામભાઇ મોકરીયા, શહેર ભાજપ મંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. કમિટિ ચેરમેન જયમીનભાઇ ઠાકર, સામાજીક ન્યાય મહિલા બાળ કલ્યાણ, ગુજરાત રાજય, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર પ્રદિપભાઇ ડવ, નિલેષભાઇ જલુ, વિજયભાઇ વાંક, શૈલેષભાઇ ડાંગર, ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ, ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ભાજપ અગ્રણી કિશોરભાઇ રાઠોડ, એડવોકેટ પિયુષભાઇ શાહ અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીતભાઇ વાડોલિયા ઉપસ્થિત રહેશે.





'સાંજ સમાચાર'ની મુલાકાતે પ્રમુખ ગિરધર ભાઈ બગથરીયા, ઉપપ્રમુખ સચિનભાઈ પરમાર, ખજાન લલિતભાઈ પરમાર, મંત્રી ભરતભાઈ ધોળકિયા, સહમંત્રી બળદેવભાઈ સોલંકી, ટીકુ ભાઈ ગોંડલિયા, જયેશભાઇ ગોહેલ, કાળુભાઇ ગોહેલ, રાજ ધામેલિયા, કમલેશભાઈ અમરેલીયા, ચિરાગભાઈ પોપટાણી, મુકેશભાઇ શિશાંગિયા, હિતેશભાઈ ખોરજા પ્રકાશભાઈ પરમાર, મુકેશભાઇ સુરાણી આવ્યા હતા.

# બુધવારે કોટડા સાંગાણીનાં રામોદમાં અંધશ્રધ્ધાને તિલાજંલી અર્પણ

## અનોખા લગ્નઃ વરરાજાનો સ્મશાનમાં ઉતારોઃ ભૂત-પ્રેતનું સરઘસ

### કન્યા પક્ષનાં મોભીઓ કાળા વસ્ત્રો પહેરી જાનૈયાનું સ્વાગત કરશેઃ મુહુર્ત-ચોઘડીયાની દફન વિધીઃ જન વિજ્ઞાન જાથાનું આયોજન

રાજકોટ,તા.૧૩

કોટડા સાંગાણી તાલુકાના, રામોદ ગામમાં રામનવમી બુધવારે મનસુખ ગોવિંદભાઈ રાઠોડ પરિવારે સદીઓથી ચાલી આવતી માન્યતા-પરંપરાને કોરાણે રાખીને સ્મશાનમાં વરરાજા પરિવારને ઉતારો આપી, કુરિવાજોને તિલાંજલિ આપવાનો ઐતહાસિક લગ્ન સમારોહ યોજાવાનો છે તેમાં કન્યા પક્ષના મોભીઓ કાળા વેશ પરિધાનમાં જાનૈયાનું સ્વાગત કરી ઉતારો આપશે. બૌધ્ધ સાથે વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુલક્ષીને લગ્ન સમારોહ રાખવામાં આવ્યો છે.રામોદમાં જાન કમર કોટડા નિવાસી મુકેશભાઈ નાજાભાઈ સરવૈયા પરિવારની આવવાની છે. જયેશ વરરાજાનું સ્વાગત રામોદની કન્યા પાયલ કાળી સાડીના વેશ પરિધાનમાં ભૂત-પ્રેતના સરઘસ સાથે કરશે. સામૈયામાં અશુભને તિલાંજલિ આપી નવતર કાર્યક્રમ યોજાવાનો છે. વર-કન્યાની લગ્ન વિધિ બૌધ્ધ અને વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુરૂપ યોજાશે. મુર્હુત-ચોઘડીયાને ફગાવી ઊંધા ફેરા રાખી બંધારણના સોગંદ બોલી શપથ ગ્રહણ કરશે. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે બુધવાર તા. ૧૭ મી એ જાથાની ટીમ રામોદ ગામમાં સવારે ૮ કલાકે પહોંચી ઐતિહાસિક લગ્ન સમારોહનું સંચાલન કરશે. પ્રારંભમાં સવારે ૯ થી ૧૦ એક કલાક સુધી સદીઓ જુની માન્યતાને ખંડન કરી સામૈયું, સ્મશાનમાં ઉતારો સાથે વર્ષો જુની માન્યતાને ફગાવવામાં આવશે. સમજણપૂર્વકનો લગ્ન સમારોહ સાથે અંધશ્રદઘાને નેસ્તનાબુદ કરવામાં આવશે. આ લગ્ન સમારોહને સફળ બનાવવા ગોવિંદભાઈ દાનાભાઈ, પ્રવિણભાઈ રાઠોડ, બાબુભાઈ રાઠોડ, મનસુખભાઈ ગોવિંદભાઈ, સુરેશભાઈ ગોવિંદભાઈ, જેન્તીભાઈ રાઠોડ, અંકિત મનસુખભાઈ અને હિરેન સુરેશભાઈ સહિત ગામના જાગૃતો અને મિત્ર મંડળ, જાથાના સદસ્યો જોડાવાના છે.

## પુનિત સદ્ગુરૂ ભજન મંડળ દ્વારા ધુન-ભજન ગરબા

પુનિત સદ્ગુરૂ ભજન મંડળ દ્વારા આજે રાત્રે ૯.૩૦ કલાકે સ્વ.જયપ્રકાશભાઈ ચાંદ્રાણીની વાર્ષિક તિથિ નિમિતે ૧૦૩ અમી સંસ્કૃતિ એપાર્ટમેન્ટ જુનુ જાગનાથ પ્લોટ શેરીનોનું ખાતે ધુન ભજન અને આવતીકાલે સાંજે ૫ કલાકે મધુબેન જોષીને ત્યા રામકૃષ્ણનગર, શેરી નં.૮, મ્યુ.કમીશનર બંગલા સામે ચૈત્રી નવરાત્રી નિમિતે ધુન ભજન ગરબાનું આયોજન કરેલ છે.

## બાબરા તાલુકાના ભાડવાકિયા, લાલકા રોડ ખાતે

# રામનવમીના મોચી જ્ઞાતિના વાળા પરિવારના ભૂતડા દાદાનો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાશે

રાજકોટ તા.૧૩

મોચી જ્ઞાતિના વાળા પરિવારના ભૂતડા દાદાનો આગામી તા.૧૭ના બુધવારે (રામનવમી) જન્મોત્સવ અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના ભાડ વાકીયા, લાલકા રોડ ખાતે ભવ્ય રીતે ઉજવાશે.





તા.૧૭ના બુધવારે બપોરે ૧૧ વાગે ધજારોહણ ત્યારબાદ પ્રસાદ રૂપે ભોજન તથા ફરાળ, બપોરના ૧૨ વાગે રાખવામાં આવેલ છે.

તા.૧૬મીના મંગળવારે રાત્રે નવ વાગે સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.


સમસ્ત વાળા પરિવારને ઉપરોકત પ્રસંગમાં પધારવા અનુરોધ થયો છે.

ઉપરોકત પ્રસંગના આયોજનમાં જગદીશભાઈ વાળા, મીતેશભાઈ વાળા, મહેન્દ્રભાઈ વાળા, નીતિનભાઈ વાળા, કરણભાઈ વાળા, નિર્મલભાઈ વાળા વગેરે સહિત અન્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

## જિનશાસન પ્રભાવક, પ્રખર પ્રવચનકાર

# આ.શ્રી જયશેખરસૂરિજી મ. ઉગ્ર વિહાર કરીને પાલીતાણા પહોંચ્યા

રાજકોટ તા.૧૩




જિનશાસન પ્રભાવક, પ્રખર પ્રવચનકાર, આચાર્ય ભગવંત પૂ.શ્રી જયશેખરસૂરિશ્વરજી મહારાજા આદિઠાણા ૩૩ દિવસનો ઉગ્ર વિહાર કરીને આજે પાલીતાણા આવી પહોંચ્યા છે. પૂજય ગુરૂદેવે દરરોજ ૨૭ કિ.મી.નો વિહાર કરીને પાલીતાણામાં તળેટી રોડ પર આવેલ સાહિત્ય મંદિર આવી પહોંચ્યા છે. ગઈકાલે પૂજયશ્રી રાજેન્દ્રધામમાં બિરાજમાન હતા. પૂજયશ્રી સુખશાતામાં છે તેમ વિમલનાથ જિનાલયના કન્વીનર વિપુલભાઈ દોશીએ જણાવેલ છે.

## સૌરાષ્ટ્રના સિંહણ, તીર્થસ્વરૂપા, વચનસિદ્ધિકા

# પૂ.ઈંદુબાઈમ. તીર્થધામના આંગણે ચૈત્ર માસની શાશ્વતી આયંબીલ ઓળીનો સોમવારથી પ્રારંભ

રાજકોટ તા.૧૩



ગોં.સંપ્ર.ના સૌરાષ્ટ્રના સિંહણ બા.બ્ર.પૂ.શ્રી ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામમાં તા.૧૫ના સોમવારથી તા.૨૩ના મંગળવાર સુધી ચૈત્ર માસની શાશ્વતી આયંબીલ ઓળીનું તપભીનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સવારે ૯-૩૦થી ૧૦-૩૦ વ્યાખ્ન, ૯થી ૧૧-૩૦ ત્રિરંગી સામાયીક બપોરે ૧૨થી ૧ અમૃત આયંબીલ ભોજન તેમજ સાંજે ૭થી ૮ પ્રતિક્રમણનું આયોજન કરવામાં આવ્યું છે. રોજ જુદા જુદા વિષયો પર પૂ. મહાસતીજી પોતાની લાક્ષણિક શૈલીમાં વ્યાખ્યાન ફરમાવશે. જેમાં આયંબીલ તપનો મહિમા, ફાયદા, કર્મની હળવાશ, રસ પરિત્યાગ શું છે? શાશ્વતી ઓળીનું મહત્વ શું? વગેરે વિવિધ વિષયો પર વ્યાખ્યાન ફરમાવશે. ૧૨ વાગ્યે શુધ્ધ, સ્વચ્છ, જૈન સિધ્ધાંત મુજબ આયંબિલ ભોજન કરાવવામાં આવશે.

જેમને નાલંદા ઉપાશ્રયે આખી ઓળી તેમજ છુટક આયંબિલ કરવાના ભાવ હોય તેમણે નાલંદા ઉપાશ્રયે તા.૧૩ સુધીમાં પોતાના નામ લખાવી પોતાના પાસ મેળવી લેવાના રહેશે. વ્યાખ્યાન સામાયિક-જાપ તેમજ પાટલે પ્રભાવના આ દરેક આયોજનમાં જુદા જુદા અનેક દાતાઓ તરફથી બહુમાન કરવામાં આવશે. આખી આયંબિલની ઓળી નાલંદા ઉપાશ્રયે જે સાધક કરે તેને વિશિષ્ટ બહુમાન આપવામાં આવશે. તેના માટે નાલંદા સંઘમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આયંબિલ તપ કરવા અને કરાવવાથી સંસારના પાપ-તાપ-સંતાપ અને પરિતાપ દુર થાય છે.

આ આયોજનમાં લાભ લેવા સમગ્ર જૈન સમાજને અનુરોધ કરાયો છે. છુટક આયંબિલ તથા આખી ઓળી કરનાર દરેક સાધકે પ્રત્યાખ્યાન નાલંદા ઉપાશ્રયે લેવાના રહેશે. તા.૧૫ના સોમવારના રોજ આયંબિલની ઓળીના પ્રથમ દિને વચનસિધ્ધીકા, તીર્થસ્વરૂપા ઈન્દુબાઈ મહાસતીજીના મુખેથી બોલાયેલું મહાન પ્રભાવક મહા માંગલિક સમગ્ર તપસ્વીને સુણાવી ત્યાર બાદ જ સમૂહ પચ્ચકખાણ કરાવાશે. આખી આયંબિલની ભવ્યાતિભવ્ય ઓળી તથા ભવ્યાતિભવ્ય પારણા પૂ. મોટા મહાસતીજીના ખાસ પરમભકતો તરફથી છે.

આ પ્રસંગને આખરી ઓપ આપવા માટે ચંદ્રભકત મંડળ, શાલિભદ્ર ગ્રુપ, સોનલ સહેલી મંડળ સતત જહેમત ઉઠાવી તડામાર તૈયારીઓ કરી રહ્યું છે ફકત આયંબિલની ઓળી જ માન્ય ગણાશે. ઉપવાસની ઓળી ગણવામાં નહિ આવે જેની સાધકોએ ખાસ નોંધ લેવી.

## ગચ્છાધિપતિ આ.ભ. શ્રી કુલચંદ્રસૂરિજી (કે.સી.મ)મ.ની નિશ્રામાં મુંબઈ-સાંતાક્રુઝ (વે.) સંઘમાં સોમવારથી શાશ્વતી નવપદજી ઓળીની આરાધના: પૂજ્યશ્રીનો કાલે પ્રવેશ



રાજકોટ, તા.૧૩

મુંબઈમાં સાંતાક્રુઝ (વેસ્ટ)ના આંગણે શ્રી ગુરુપ્રેમના આજીવન ચરણોપાસક પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ. (કે.સી. મહારાજ) આદિ શ્રમણ-શ્રમણી વૃંદની નિશ્રામાં ચૈત્રમાસની શાશ્વતી નવપદજી ઓળીની સામુહિક આરાધના તા.૧૫થી તા.૨૩ સુધી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ, શ્રી કુંથુનાથ સ્વામી જૈન દેરાસર, પોદાર કોલેજની ગલીમાં, સાંતાક્રુઝ-વેસ્ટ મુંબઈ ખાતે કરાવાશે. તા.૨૪મીના બુધવારે સામુહિક પારણોત્સવ યોજાશે.

ચૈત્ર માસની આયંબીલ ઓળીની આરાધના કરાવવા માટે ગચ્છાધિપતિ આ. શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ. આદિઠાણાનો કાલે સવારે ૭ વાગે મેઘના દેરાસરથી પ્રવેશ કરી કુંથુનાથ દેરાસર પ્રધારશે સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી નવપદજી ઓળીના અદભૂત પ્રવચનોનું આયોજન કરવામાં આવેલ છે.

## આજે બાલાજી હનુમાનજીને પુષ્પોનો દિવ્ય શણગાર



રાજકોટ,તા.૧૩

વડતાલ ધામ સંચાલિત શ્રી બાલાજી હનુમાનજી મંદિરે આજના ચૈત્ર સુદ ૫ ને શનિવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજને ગરમીની સીઝનમાં જેમ આપણે ગરમીનો અનુભવ થાય તેમ દાદાને પણ ગરમીમાં શીતળતા મળી રહે ,ઠંડક મળી રહે તેવા એક ભાવ સાથે મંદિરના મહંત પૂ.વિવેકસાગર સ્વામીના માર્ગદર્શન હેઠળ રંગબેરંગી પુષ્પોના દિવ્ય શણગાર સાથે દાદાને પુષ્પોના વાધા પહેરાવવામાં આવ્યા છે, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, દર શનિવારે અહીં વિવિધ શણગારો દાદાને કરવામાં આવે છે અને મારુતિ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવે છે, સંધ્યા આરતીનું અહીં વિશેષ મહત્વ રહેલું છે , રાજપોચાર પદ્ધતિથી અહી દાદાની સંધ્યા આરતી થાય છે જેમાં હજારો ભકતો જોડાય છે આજે શનિવારના સાંજે ૭ કલાકે થતી દાદાની સંધ્યા આરતીનો લાભ લેવા જણાવાયું છે.

## ફ્રેન્ચાઈઝી મોડિયુલમાં તેજ ગતિએ આગળ વધતું વડાલિયા ફૂડ્સ: ગોંડલમાં સ્ટોરનો ભવ્ય શુભારંભ

### ફ્રાયમ્સ, ફરસાણ નમકીન, ખાખરા, પાપડ જેવી વિવિધ ૧૦૦થી પણ વધારે આઈટમો પર ઉદઘાટનના અવસરે ગ્રાહકોને મળશે ૨૫% ડિસ્કાઉન્ટ

"FLAVOUR FOREVER" Vadalia FOODS વેફર્સ | ફ્રાઈમ્સ | ફરસાણ | નમકીન

જૂનાગઢ: તા ૧૩

રાજકોટના ગોંડલ રોડ પર વડાલિયા કંપની દ્વારા પ્રથમ કંપની રિટેલ આઉટલેટ જુલાઈ ૨૦૨૩માં શરુ કર્યા બાદ માત્ર ૬ મહિનાના ટૂંકા સમયમાં વડાલીયા ફુડ્સ દ્વારા પોતાનો ૨૦મો અને ગોંડલનો પ્રથમ રીટેલ આઉટલેટ લોન્ચ કરવા જઈ રહી છે.

ગોંડલના રાજવી ભગવતસિંહજીના ગોંડલની ખમીરવંતી પ્રજાને વડાલીયા ફુડ્સ દ્વારા ગોંડલનાં ભુવનેશ્વરી રોડ પરના તારકોશી ગરબી ચોક માં વડાલીયા ફુડ્સ ના નવા રિટેલ ઓઉટલેટનો પ્રારંભ રવિવાર તા. ૧૪ એપ્રિલ થી થઈ રહ્યો છે. હાલ ચૈત્રી નવરાત્રિના પાવન અવસર પર ગોંડલનાં તમામ માનવંતા ગ્રાહકોને તમામ બ્રાન્ડેડ પ્રોડકટ પર ૨૫% ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કંપની દ્વારા કરવામાં આવી છે.

ગોંડલના ભુવનેશ્વરી રોડ પર શરુ કરવામાં આવેલા કંપની આઉટલેટ વિષે વિશેષ માહિતી આપતા કંપનીના ડિરેક્ટર મિત ભાઈ વડાલીયા તેમજ કંપનીના સીઈઓ કેતનભાઈ તન્નાએ જણાવ્યું હતું કે કંપની દ્વારા ઉત્તમ ગુણવત્તા, ટેસ્ટમાં બેસ્ટ અને કિફાયતી દામ સાથે ૧૦૦થી પણ વધારે વેરાઈટી લોન્ચ કરી છે. આ તમામ વેરાઈટી એક જ સ્થળ પર ઉપલબ્ધ બની રહે તે હેતુ સાથે ગોંડલમાં માં રિટેલ આઉટલેટ લોંચ કરવામાં આવ્યો છે.

પાપડ ચવાણું,બનાના ચેવડો,સેવ બૂંદી,દાળ મુઠ, તેમજ ફરારી મિક્સ્ચર સામેલ છે. કંપની દ્વારા હવે મુખવાસ પણ લોન્ચ કરવામાં આવ્યા છે. આ તમામ પ્રોડક્ટ ગોંડલ સ્થિત કંપની આઉટલેટમાં ઉપલબ્ધ બનશે. અહીં કંપની દ્વારા વિવિધ આઈટેમોના ૪૦૦ ગ્રામના ૧૦૦% ફૂડ ગ્રેડ કન્ટેનર પેકીંગમાં પણ લોન્ચ કરવામાં આવ્યા છે. ઉપરાંત ૨૦૦ ગ્રામના નવા પેક પણ લોન્ચ કરવામાં આવ્યા છે.

## એક સ્વતંત્ર ન્યૂઝ કંપની તરીકે કલેક્ટિવ ન્યૂઝરૂમનું લોન્ચિંગ




રાજકોટ,તા.૧૩

ભારતમાં બીબીસીનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. આજથી સ્વતંત્ર મીડિયા કંપનીરૂપે 'કલેક્ટિવ ન્યૂઝરૂમ'એ કામકાજ શરૂ કરી દીધું છે. આ સંપૂર્ણપણે એક ભારતીય કંપની છે. બીબીસીના ચાર વરિષ્ઠ પત્રકારોએ રાજીનામાં આપીને કલેક્ટિવ ન્યૂઝરૂમની સ્થાપના કરી છે.ડિજિટલ મીડિયાના ક્ષેત્રમાં વિદેશી રોકાણના નિયમો અનુરૂપ આ વ્યવસ્થા કરવામાં આવી છે.કલેક્ટિવ ન્યૂઝરૂમના શુભારંભ માટે ૧૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ નવી દિલ્હીની હોટલ તાજમાં આયોજિત સમારોહમાં દેશના વિવિધ રાજ્યોમાંથી પત્રકારત્વ, મીડિયા જગતના અગ્રણીઓ સહિત વિવિધ ક્ષેત્રોનાં મહાનુભાવોએ હાજરી આપી હતી.

## સરોગેટ બાળકની કસ્ટડી મેળવવા માટેની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી

### એનઆરઆઈએ સરોગસી દ્વારા અમદાવાદમાંથી બાળક મેળવ્યુ હતુ

રાજકોટ,તા.૧૩

ગુજરાત હાઈકોર્ટમાં એક એનઆરઆઈ વ્યક્તિએ પોતાના બાળક માટેની કસ્ટડી માટે હેબિયસ કોર્પસ અરજી કરી હતી. જે અરજી કરી હતી કેમ કે બાળકીનો જન્મ સરોગસી દ્વારા અમદાવાદમાં થયો હતો. પરંતુ હાઈકોર્ટે અરજીને ફગાવી દીધી હતી.

જર્મની રહેતા પુણેના દંપતીએ સરોગસી દ્વારા અમદાવાદમાં બાળક મેળવ્યું હતું હાઈકોર્ટે કહ્યું હતું કે માતા-પિતા બંને ગુજરાતના નથી અને ગુજરાતમાં રહેતા પણ નથી તેથી તે અરજી માન્ય નથી

આ કેસની વિગતો જોઈએ તો અરજદાર ૨૦૧૭માં જર્મની ગયો હતો અને એક વર્ષ પછી તેની પત્ની પણ જર્મનીમાં તેની સાથે જોડાઈ હતી. આ બંને જણા પુણેના હતા. જોકે, દંપતીને સંતાન ન હોવાથી તેમણે સરોગસી દ્વારા બાળક મેળવવાનો નિર્ણય કર્યો હતો. આ માટે આ દંપતી અમદાવાદ આવ્યા હતા. સરોગસી દ્વારા ૨૦૨૨માં તેમના બાળકનો જન્મ થયો હતો. બાળકના જન્મ બાદ આ દંપતી પરત જર્મની ગયું હતું. ૨૦૨૩માં પતિ ભારત પરત ફર્યો હતો. જોકે, તેની પત્ની તેની સાથે આવી ન હતી. તેની પત્ની તેમની પુત્રી સાથે જર્મનીમાં રહી ગઈ હતી. તેથી પતિએ પુત્રીની કસ્ટડી મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરી હતી.

આ અંગેની સુનાવણીમાં જસ્ટિસ એવાય કોગજે અને જસ્ટિસ એસજે દવેની ખંડપીઠે અરજદારના વકીલને પૂછ્યું હતું કે, શું અરજદાર મહારાષ્ટ્રમાં રહે છે અને શું તેની પત્ની અને પુત્રી જર્મનીમાં છે. ખંડપીઠે જણાવ્યું હતું કે, જ્યારે આ લોકો ક્યારેય ગુજરાતમાં રહેતા નથી, ત્યારે આ કેસ ગુજરાત હાઈકોર્ટના પ્રાદેશિક અધિકારક્ષેત્રની બહાર છે. આ અંગે અરજદારના વકીલે એવી રજૂઆત કરી હતી કે દંપતી ભલે ગુજરાતમાં રહેતું નથી પરંતુ સરોગસી દ્વારા તેમના બાળકનો જન્મ અમદાવાદમાં થયો હતો. જેના કારણે ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કરવામાં આવ્યો છે. બેન્ચે આ દલીલ સ્વીકારી ન હતી અને અભિપ્રાય આપ્યો હતો કે માત્ર અમદાવાદમાં સરોગસી થઈ હોવાથી તે ગુજરાત હાઈકોર્ટને અધિકારક્ષેત્ર આપતી નથી. આ સાથે હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી.

## પોલીસ કમિશ્નર મહિલા સેલની ટીમ દ્વારા ચકલીઘર તથા પાણીના કુંડા વિવિધ વિસ્તારમાં મુકાયા





રાજકોટ,તા.૧૩

ગઈકાલ તા.૧૧ના રોજ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તથા મહે.અધિક પો.કમી.સા.વિધિ ચૌધરી તથા નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફીક પૂજા યાદવ તથા મદદનીશ પોલીસ કમિશ્નર મહિલા સેલ આર.એસ.બારીઆનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર આઇ.એન.સાવલિયા, WPC પ્રિયંકાબા ભીખુભા, WPC સોનલબેન લાલજીભાઈ, પૂર્વ વિભાગ શી ટીમના કર્મચારીઓ WPC પલ્લવીબેન બાબુભાઈ, WPC ધારાબેન હરેશભાઈ અને WPC મીનાક્ષીબેન ડાયાભાઇ સાથે આજીડેમ પોલીટેકનિક કોલેજ, પોલીસ હેડ ક્વાર્ટર એમ.ટી.વિભાગ, મહિલા પોલીસ સ્ટેશન તથા શહેરના અલગ અલગ વિસ્તારમાં હાલ ઉનાળાની ઋતુમાં ગરમીનું પ્રમાણ વધુ હોય તેમજ હાલના સમયમાં ચકલીઓનું પ્રમાણ ઘટી રહ્યું હોય આથી ચકલી બચાવ અભિયાન" દ્વારા લુપ્ત થતી ચકલીઓ માટે "ચકલીઘર" તેમજ "પાણીના કુંડા" મૂકવામાં આવ્યા હતા.

## નવલનગરમાં ૧૩ વર્ષનો કરણ ગુમ થઈ જતા પોલીસ દ્વારા શોધખોળ

### કોરોનામાં માતાનું અવસાન થતાં કરણ તેના ફૈઈના ઘરે રહેતો, સ્કૂલેથી ઘરે જવાનું કહીં નીકળ્યા બાદ ઘરે ન પહોંચતા પરિવાર ચિંતામાં

રાજકોટ, તા.૧૩

નવલનગરમાં ૧૩ વર્ષનો કરણ ગુમ થઈ જતા માલવીયાનગર પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે. કોરોનામાં માતાનું અવસાન થતાં કરણ તેના ફૈઈના ઘરે રહેતો. સ્કૂલેથી ઘરે જવાનું કહીં નીકળ્યા બાદ ઘરે ન પહોંચતા પરિવાર ચિંતામાં મુકાયો છે.

ફરિયાદી હિતેશભાઈ કિશોરભાઈ ગોહિલ (ઉ.વ.૪૭, રહે. કૈલાશનગર શેરી નં.-૨, નવલનગર-૧૮)એ જણાવ્યું કે, હું વાડીલાલ આઇસ્ક્રીમ કંપનીમાં ડ્રાઇવિંગની નોકરી કરું છું. મારા લગ્ન રાજકોટ નહેરૂનગરમાં રહેતા નટવરસિંહ લક્ષ્મણસિંહ રાઠોડની દિકરી પારૂલબા સાથે કરેલ છે. મારે સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. મારા સાળા રાકેશભાઈના લગ્ન રીનાબેન સાથે દશેક વર્ષ અગાઉ કરેલ હતા. તે વખતે રીનાબેન આગલા ઘરનો એક દિકરો નામે કરણને સાથે લઈને આવેલ હતા. કરણ ને અમારા ઘરની બાજુમાં સ્કુલ હોય જેથી અમારા ઘરે રહેતો અને પહેલા ધોરણથી અભ્યાસ કરતો હતો. કરણની જન્મ તારીખ:૦૭/૦૧/૨૦૧૧ છે. અને હાલમાં આર.એમ.સી. પ્રાણનાથજી કુમાર શાળા ઉદયનગર માં ધોરણ ૭ માં અભ્યાસ કરે છે. રીનાબેન કોરોનામાં અવસાન પામ્યા હતા. રીનાબેને કરણને ભણાવવા માટે મને તેની તમામ પ્રકારની જવાબદારી સોંપેલ હતી. કરણ મારા ઘરે જ રહેતો હતો. ગઇકાલ ૧૨/૪/૨૦૨૪ ના સવારના આશરે સાતેક વાગ્યાની આસપાસ કરણ (ઉ .વ. ૧૩) સ્કુલે ગયેલ હતો. પછી સ્કુલમાંથી કરણના શિક્ષકનો ફોન આવેલ હતો કે, કરણ સ્કુલેથી સાડા બારેક વાગ્યે રીસેસમાં ઘરે જવાનુ કહી નીકળેલ છે. જોકે કરણ ઘરે આવેલ નહોતો. અમારા સગા સબંધી તથા કરણના મિત્રોના ઘરે તપાસ કરતાં કરણ ન મળતા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા પહોંચ્યા હતા. કરણએ શરીરે સ્કુલ ડ્રેસનું બ્લુ કલરનું ચોકડી ભાતનું શર્ટ તથા બ્લુ કલરની પેન્ટ પહેરેલ છે. તે ગુજરાતી ભાષા જાણે છે. માલવીયા પોલીસે હાલ કોઈ વ્યક્તિ લલચાવી ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી કરણને લઈ ગયેલ હોઈ તેવી શંકાએ અપહરણનો ગુનો નોંધી કરણની શોધખોળ હાથ ધરી છે.

## સિટી સેન્ટર ખાતે આર.કે. ગ્રુપ દ્વારા લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાનું ભવ્ય સ્વાગત

### મીની સભામાં સિટી સેન્ટર ઓનર્સ એસો.ના સભ્યોએ હાજરી આપી



રાજકોટ તા.૧૩

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ પ્રચાર શરૂ કર્યો છે. ત્યારે ગઈકાલે રૈયા રોડ પર લોક સંપર્ક માટે પરસોતમ રૂપાલા નિકળ્યા હતા. સદગુરૂ તીર્થધામથી લઈ અંડરબ્રીજ સુધી સિટી સેન્ટર સુધી તમામ વેપારીઓનો લોક સંપર્ક પરસોતમ રૂપાલાએ કર્યો હતો. ત્યાર બાદ સિટી સેન્ટરમાં સભા યોજાય હતી.

આ તકે આર.કે. સિટી સેન્ટર ઓનર્સ એસોસીએશન અને આર.કે. ગ્રુપના સર્વાનંદભાઈ સોનવાણી, કમલભાઈ સોનવાણી, વિશાલ સોનવાણી દ્વારા રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાનું લોક સંપર્કમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. લોક સંપર્કમાં નિકળેલ પરસોતમ રૂપાલાનું અભિવાદન કર્યુ હતું.

વેપારીઓએ પણ ફુલહારથી તેઓનું ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું અને જીતાડવા માટે સંકલ્પબધ્ધ હોવાની પણ ખાતરી ઉચ્ચારી હતી. આર.કે. ગ્રુપ નિર્મિત સિટી સેન્ટર ખાતે લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. સિટી સેન્ટરમાં યોજાયેલ સભામાં આર.કે. ગ્રુપના સર્વાનંદભાઈ સોનવાણી, કમલભાઈ સોનવાણી, વિશાળ સોનવાણી સહિત બહોળી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ચૈત્ર નવરાત્રી આઠમના હવન યોજાશે

ચૈત્ર નવરાત્રી આઠમના હવન પ્રસંગે મણીયારી ગામે કુળદેવીના પાટોત્સવ જોવા માટે બસની વ્યવસ્થા રાજકોટમાંથી કરવામાં આવેલ છે. આ માટે સતિષભાઈ મહેતા, સલાહકાર સભ્ય મો. ૭૨૨૯૦ ૫૮૭૮૦, ૯૪૨૭૨ ૦૯૬૨૦ નો સંપર્ક કરવાનો રહેશે.

## યુદ્ધનો ભય: ભારતની એરલાઈન હવે ઈરાન રૂટ પરથી નહી ઉડે

### લંડન સહિતની ફલાઈટો અન્ય રૂટ પરથી જશે




નવી દિલ્હી: ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ગમે તે સમયે યુદ્ધ ભડકી ઉઠવાની સંભાવના વચ્ચે હવે ભારતીય એરલાઈન આ ક્ષેત્રના એર સ્પેસનો ઉપયોગ નહી કરે એર ઈન્ડીયાએ તો તેની લંડન જતી ફલાઈટ ઈરાનની હવાઈ સીમા ટાળી વૈકલ્પિક રૂટ પરની ફલાઈટ લંડન લઈ જવામાં આવી હતી. વિદેશ મંત્રાલયે તમામ એરલાઈનને આ જોખમી રૂટ પરથી નહી ઉડવા સલાહ આપી છે.

## મનોજ વાઢેર હત્યા કેસમાં રાજેશ પરમારના જામીન રદ્દ

રાજકોટ,તા.૧૩

હત્યા કેસના આરોપી રાજેશ પુંજાભાઈ પરમાર રહે: ગામ -પારડી તા. લોધીકાએ કરેલ ચાર્જશીટ બાદની જામીન અરજી કોર્ટે ફગાવી દીધેલ છે. કેસની ટુંક હકીકત મુજબ મૃતક મનોજ પ્રતાપભાઈ વાઢેર જે ફરીયાદી ફાલ્ગુનીબેનના પતિ હતા અને કંઈ કામ ધંધો કરતા ન હોય દાંપત્ય જીવનમાં ઝઘડાઓ થતા જેને પરીણામે છુટાછેડાનો કરાર થયેલો, આ દરમિયાન અન્ય આરોપી પરેશ અકબરી ફરીયાદી બેન સાથે પરીચયમાં આવેલો અને બંને વચ્ચે સેવા કરાર થયેલ. વધુમાં મૃતકની માતા ઘણા વર્ષથી પથારીવશ હોય મૃતક અને ફાલ્ગુનીબેને અરસ પરસ સમજૂતી કરાર કરેલ જો કે ઝઘડાઓ બંને વચ્ચે ચાલુ રહેલા અને તે વાતની ખબર આરોપી પરેશ અકબરીને હતી. આરોપી મેહુલને મળી પરેશે મનોજને પતાવી દેવાનો પ્લાન કરેલ અને જેના ભાગરૂપે આરોપી પરેશ તથા અન્ય આરોપી વિમલ બાંભવા પારડી ગામે ગયેલ અને આરોપી મેહુલ વિમલ, પરેશ મરણજનારને શિવલહેરી હોટલ લઈ ગયેલ અને અંતમાં આરોપી પરેશ, કિશન જેઠવા અને મેહુલને મળી મરણજનારને ખુબ જ દારૂ પીવડાવેલ આવુ કરવા બાબતેની વાતચીત અન્ય આરોપી વિમલ બાંભવાની રૂબરૂમાં થયેલી અરજદાર અને મુખ્ય આરોપી રાજેશ પરમારને સામેલ કરવામાં આવેલ. ગઈ તા.૨૭/૧૦/૨૦૨૧ના રોજ રાત્રીના સમયે હાલના મનોજ વાઢેરને પછાડી અને પથ્થર વડે ત્રણ ઘા મારી ઠંડે કલેજે હત્યા કરાઈ હતી. જે કેસમાં ચાર્જશીટ બાદની જામીન અરજી આરોપી રાજેશએ કરતા સરકાર તરફે એ.પી.પી.મહેશભાઈ જોષીએ જામીન અરજીનો સખત વિરોધ કરેલ. કોર્ટે આરોપીના રોલને ધ્યાને રાખી જામીન અરજી નામંજુર કરી દીધેલ હતી. આ હુકમ ન્યાયાધીશ ડી.એસ.સીંધ દ્વારા કરાયો હતો. સરકાર તરફે સરકારી વકીલ મહેશભાઈ જોષી રોકાયેલ હતાં.

## હવામાન પલ્ટો : જામજોધપુર પંથકમાં જોરદાર ઝાપટું વરસ્યુ

### માવઠાની આગાહી વચ્ચે અનેક સ્થળોએ તાપમાન ઘટતા ગરમીમાં રાહત : જામનગર જિલ્લામાં ઝાપટાથી ઠંડક

રાજકોટ, તા. ૧૩

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં માવઠાની આગાહી વચ્ચે ગઇકાલથી મહતમ તાપમાનમાં થોડો ઘટાડો થયો છે. અનેક સ્થળે વાદળછાયુ વાતાવરણ પણ છવાઇ રહ્યું છે. દરમ્યાન ગઇકાલે બપોર બાદ જામજોધપુરનાં ભોજા બેડી અને સમાણા પંથકમાં જોરદાર વરસાદી ઝાપટુ વરસી ગયું હતું.

જામજોધપુર પંથકના ભોજાબેડી સમાણા પંથકમાં શુક્રવારે બપોર બાદ વાતાવરણમાં પલટો આવતા અચાનક હળવા ભારે કમીસમી ઝાપટાઓ વરસ્યા હતા.અમુક સીમ પંથકમાં જોરદાર ઝાપટા પડવાના વાવડ મળ્યા છે.કમોસમી વરસાદ થવાથી ખેડૂતોમાં ચિંતા સાથે દોડધામ મચી જવા પામી હતી.

ઉનાળાના પ્રારંભ સાથે નવુ વેસ્ટર્ન ડીસ્ટબન્સ એકટિવ થતા ગુજરાત સહિત અમુક રાજયોમાં હવામાન પલટા સાથે કમૌસમી વરસાદની શકયતા પણ હવામાન વિભાગે દર્શાવી હતી.જે દરમિયાન જામનગરના જામજોધપુરના ભોજાબેડી, સમાણા નરમાણા પંથકમાં શુક્રવારે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. ભારે તાપ સાથે ગરમી બાદ બપોરે હવામાનમાં પલટો આવતા હળવા ભારે કમૌસમી વરસાદી ઝાપટા પડયા હોવાના વાવડ મળ્યા છે.

